3BGK2



# કલ્યાણી

લેખિકા - આશા

રૂપાંતર - ભગવતપ્રસાદ ચૌહાણ

5

3BGK2

GUJARATI CHRISTIAN FELLOWSHIP
OF PHILADELPHIA
425 CENTRAL AVE.
CHELTENHAM, PA 19012-2103

# કલ્યાણી

લેખિકા : આશા

રૂપાંતર : ભગવતપ્રસાદ ચૌહાણ

પ્રકાશક

ગુજરાત ટ્રાક્ટ એન્ડ બુક સોસાયટી

એલિસબ્રિજ,

અમદાવાદ ૩૮૦ ૦૦૬

પ્રકાશક
ગુજરાત ટ્રાક્ટ એન્ડ બુક સોસાયટી
એલિસબ્રિજ, અમદાવાદ. ૩૮૦ ૦૦૬
ફોન :- ૬૪૪૫૨૮૧

# કલ્યાણી

પ્રથમ આવૃત્તિ : ઓગસ્ટ - ૧૯૮૦ નકલ ૨૦૦૦
દ્વિતીય આવૃત્તિ : માર્ચ - ૧૯૯૯ નકલ ૧૧૦૦
કીમત : રૂા. ૧૦/-

મુદ્રક
સ્ક્રીનડોટ પ્રિન્ટર્સ
૪, દિવ્યવસુંધરા કોમ્પલેક્ષ, મિરઝાપુર કોર્ટની સામે, મિરઝાપુર,
અમદાવાદ - ૩૮૦ ૦૦૧. ફોન : ૫૬૨૩૭૬૧

# પ્રસ્તાવના

છેલ્લાં થોડાંક વર્ષોથી ગુજરાત ટ્રાક્ટ એન્ડ બુક સોસાયટીએ ખાસ કરીને સર્જનાત્મક સાહિત્યક્ષેત્રે નોંધપાત્ર પ્રગતિ કરી છે. એ દિશાનું એક વધુ સુફળ તે આ સામાજિક નવલકથા. એક પરિચારિકાના જીવનની આસપાસ ગૂંથાયેલી આ કથા માનવમનની સૂક્ષ્મ આંટીઘૂંટીઓનું ઠીકઠીક ઊંડાણપૂર્વક દર્શન કરાવી જાયછે. મૂળ હિંદીમાં 'વિદ્યાવતી' નામે રચાયેલ આ કથાનું ઠીકઠીક સુધારાવધારા સાથે ગુજરાતીમાં રૂપાંતર થયું છે. હસ્તપ્રત તપાસી જઈ રચનાત્મક સૂચનો કરવા માટે રેવ. જયાનંદભાઈ ચૌહાનનો અને મારા મિત્રો પ્રા. રતિલાલ નાયક અને પ્રા. કાન્તિલાલ નાવડિયાનો તેમ જ સુંદર અક્ષરે નવલકથાની પ્રેસકૉપી તૈયાર કરવા માટે શ્રી બળદેવભાઈ રાઠોડનો હાર્દિક આભાર માનું છું.

**ભગવતપ્રસાદ ચૌહાણ**

# લેખકનાં અન્ય પ્રકાશનો

- ❖ સૂરજમાં લોહીની કૂંપળ (કાવ્યસંગ્રહ)
- ❖ બેન-હૂર (બીજી આવૃત્તિ) (નવલકથા)
- ❖ આકાશ મહેક મહેક, ધરતીની પ્રીતથી (નવલકથા)
- ❖ સ્ત્રી-પુરુષ સંબંધ
- ❖ પરમસુખનો માર્ગ
- ❖ ભીરુ (નવલકથા)
- ❖ અભિનેત્રી અને બીજી વાતો
- ❖ લગ્નનીભેટ અને બીજી વાતો
- ❖ બાળવાર્તાઓના પાંચ સંગ્રહો (વગેરે)

# કલ્યાણી

## બીજી આવૃત્તિની પ્રસ્તાવના

ગુજરાતી ખ્રિસ્તી સાહિત્યમાં કોઈપણ પુસ્તકની બીજી આવૃત્તિ થાય તે આનંદની વાત જ કહેવાય. જો કે આજે સમગ્ર ગુજરાતમાં નવલકથાઓનું વેચાણ ટોચ ઉપર હોય ત્યારે આપણે ત્યાં આવું કેમ નહિ, એવો પ્રશ્ન પણ જરૂર ઊભો થાય.

"કલ્યાણી" નવલકથામાં શરૂઆતનાં લગભગ ૩૦-૩૫ પાનાં મારાં મૌલિક છે, બાકીનાં પાનાં એ એક હિન્દી નવલકથાનો અનુવાદ છે. વાર્તાનું વિષય વસ્તુ ગમી જાય તેવું છે. ભાષા પણ લગભગ બધાંને ગમી છે, તેથી આનંદ થાય છે.

આ પુસ્તકના પ્રકાશન માટે સ્વ. હેલ્પરભાઈ જી. ભગતનાં કુટુંબીજનો તરફથી રૂા. ૧૦,૦૦૦/- નું ઉમદા દાન મળ્યું છે, તેમનો અને અન્ય દાતાઓનો હૃદયપૂર્વક આભાર માનું છું.

**ભગવત પ્રસાદ ચૌહાણ**
**(સેક્રેટરી)**



**સ્વ. હેલ્પરભાઈ જી. ભગત**

જન્મ તારીખ : ૨૦-૯-૧૯૨૬
મરણ તારીખ : ૧-૩-૧૯૯૪

## જીવન ઝરમર

ગુજરાત અલાયન્સ મંડળી તેમ જ ખ્રિસ્તી સમાજમાં પોતાની આગવી પ્રતિભા ધરાવનાર સ્વ. વ. શેઠશ્રી ગિરધરલાલ ચીમનલાલ ભગત તથા તેમના પત્ની સ્વ. દરકાસબહેનના નમ્ર પરોપકારી જીવનકાર્યની સુવાસ આજ પર્યંત મહેકતી રહી છે. તેમના સેવાભાવી પરગજુ સ્વભાવથી ખ્રિસ્તી સમાજ પરિચિતછે. પ્રભુપિતા પ્રત્યે અખૂટ વિશ્વાસ અને પ્રાર્થના દ્વારા પ્રભુની દોરવણી મુજબ જીવનાર સ્વ. વ. શેઠશ્રી ગિરધરલાલે પોતાની મહેનત અને સૂઝથી તેમના પાવરલુમના વણાટકામના કારખાનાના ધંધાને વિકસાવ્યો હતો. તેમના પ્રમાંણિકપણાને અન્યધર્મી લોકો પણ બિરદાવતા અને આદર આપતા. આ વાત તો નજીકના ભૂતકાળનો ઇતિહાસ છે!

આવા શ્રેષ્ઠ કટુંબમાં સ્વ. શ્રી હેલ્પરભાઈનો જન્મ તારીખ : ૨૦ - ૯ -૧૯૨૬માં થયો. ઈશ્વરપિતાએ મને 'મદદગાર'

આપ્યો એમ કહી ગિરધરભાઈએ પોતાના પુત્રનું નામ 'હેલ્પર' રાખ્યું. બાળપણથી જ ધાર્મિક સંસ્કારોનો વારસો પામેલા ગર્ભશ્રીમંત હેલ્પરભાઈ નિખાલસ, સરળ વ્યક્તિત્વ ધરાવતા. તેમની પરોપકારવૃત્તિ તથા માનવતાવાદી અભિગમને લીધે તેઓ બહોળો મિત્ર સમુદાય ધરાવતા. ધનાઢ્ય પિતાના પુત્ર હોવાને નાતે તેમણે જીવનનો રસ બરાબર માણ્યો છે, અને સાથે જીવનનો સંઘર્ષ પણ મજબૂત રીતે ઝીલી જાણ્યોછે. કસોટીના કટોકટીભર્યા સમયમાંથી તેઓ પાર પડ્યા છે એની પાછળ એમની વિવેક દૃષ્ટિ તો ખરી જ, સાથે સાથે એ વિવેકદૃષ્ટિના મૂળમાં "ઈશ્વરની કૃપા" જછે એવી દૃઢ પ્રતીતિ તેમના દૃઢીભૂત થયેલા વિશ્વાસુપણાની સાક્ષી પૂરે છે.

પ્રાથમિક અભ્યાસની શરૂઆત પી.આર. ટ્રેઈનીંગથી શરૂ થઈ અને આઈ.પી.મિશન હાઈસ્કૂલમાં માધ્યમિક શિક્ષણ પૂરું કર્યું. શાળાકીય અભ્યાસ દરમિયાન તેઓને ક્રિકેટ, ટેનિસ વગેરે રમતોમાં રસ હતો.

બ્રધર બખ્તસિંગના સીધા પ્રભાવ હેઠળ રહેલા હેલ્પરભાઈના લગ્ન સાદગીથી થયા. મણિનગરના શેઠશ્રી લાલજીભાઈ તથા મણિબહેનની પુત્રી સત્યવતી સાથે તેઓ ૧૯૪૬માં લગ્નગ્રંથીથી જોડાયા. અને આ કુટુંબ બ્રધર બખ્તસિંગ તથા તેમના અનુયાયીઓની સાથે આત્મિક એકતામાં એકરૂપ બન્યું. તેમનું ઘર પ્રભુના સેવકો માટેનું આશ્રયસ્થાન કહેવામાં આવતું. તે ઉપરાંત પોતાના પિતાશ્રીની ઈચ્છાનુસાર બહેરામપુરામાં આવેલું "હેલ્પરહાઉસ" તેમણે પ્રભુની સેવા માટે જૂજ કિંમતે પ્રભુના સેવક બ્રધર બખ્તસિંગને આપ્યું હતું. હાલમાં ત્યાં બેરશેબાની સંગત મળે છે.

પોતાના જીવનમાં ઈશ્વર પ્રત્યે અપાર પ્રેમ રાખનાર તથા

ઈશ્વરની મંડળીના વિકાસને અગ્રીમતા આપનાર સ્વ. હેલ્પરભાઈ જીવનમાં સ્થાનિક મંડળીમાં કાર્યશીલ રહ્યા હતા. વખતો વખત પુલ્પિટની સેવાઓ પણ હોંસથી કરતા. અલાયન્સ મીશનની ધી સિમ્પસન મેમોરિઅલ ચર્ચની પાસ્ટોરેટમાં તેમનો ફાળો અદ્વિતીય હતો. તે ઉપરાંત ડીસ્ટ્રીક્ટ કક્ષાની ચર્ચ કાઉન્સીલમાં, રાજ્ય કક્ષાની ગુજરાત સિનડમાં તેમ જ નેશનલ કક્ષાની જનરલ એસેમ્બલીની કમિટીઓમાં ઘણા લાંબા સમય સુધી આપેલી તેમની નેતાગીરી આજે પણ પ્રશંસાને પાત્ર છે. તે ઉપરાંત આંતરરાષ્ટ્રીય ધોરણે પણ ગુજરાત અલાયન્સ મીશનના પ્રતિનિધિ તરીકે તેમને યુ.એસ.એ. જવાની તક મળી હતી.

જ્યારે મિશનરીઓ દ્વારા સંસ્થાને બધો જ વહીવટ ભારતીઓને સોંપી દેવામાં આવ્યો ત્યારે સ્વ. હેલ્પરભાઈ ધોળકા મિશનછાત્રાલયના પ્રથમ પ્રમુખ અને મેનેજર બન્યા હતા. આ સેવા તેમણે ઘણા લાંબા સમય સુધી નિષ્ઠાપૂર્વક બજાવી હતી. તેમના વહીવટ દરમિયાન ધોળકા છાત્રાલય તથા શાળાઓ ખૂબ જ પ્રગતિ પામી હતી.

ઈશ્વરના કાર્યનું વિશાળ દર્શન ધરાવનાર સ્વ. હેલ્પરભાઈએ પોતાની ધર્મસેવા કેવળ અલાયન્સ મીશન પૂરતી જ મર્યાદિત કરી નહોતી. મિશનરી કાર્યને વેગ આપનારી સંસ્થાઓમાં પણ તેમણે મહત્વનું યોગદાન આપ્યું હતું. ગિડિયન્સ ઈન્ટરનેશનલ, એફ.એમ.પી.બી., હેલ્પીંગ હેન્ડ, ગીફ્ટ, બાઈબલ સોસાયટી, ગુજરાત ટ્રાક્ટ એન્ડ બુક સોસાયટી, જીવન સંદેશ, જીવન સાહિત્ય ભંડાર તથા રવિ ઝખાર્યા ઈન્ટરનેશનલ મિનિસ્ટ્રીઝ તથા અન્ય સંસ્થાઓમાં વિવિધ જવાબદારીઓ ઉપાડી લઈને ઈશ્વરના રાજ્યની વૃદ્ધિ કરવી એ જ તેમનો મુદ્રાલેખ રહ્યો હતો.

ધાર્મિક ક્ષેત્રોમાં નેતૃત્વ આપનાર સ્વ. હેલ્પરભાઈ સામાજીક

ક્ષેત્રોમાં પણ સેવા બજાવવામાં આગળ પડતા રહ્યા હતા. સને ૧૯૬૯માં થયેલા કોમી તોફાનો દરમિયાન સરકાર દ્વારા તેમની નિમણૂક શાંતિ સમિતિમાં કરવામાં આવી હતી. તેમનું વિશાળ દિલ, નમ્ર અને મિલનસાર સ્વભાવ સર્વ માટે આદરરૂપ હતાં.

સ્વભાવે ઉદાર, ધાર્મિક, રમૂજી તથા આતિથ્યગીરીમાં બિલકુલ કમી ન આવવા દે એવા સ્વ. હેલ્પરભાઈને હાર્ટના પમ્પીંગની મુશ્કેલી ઊભી થઈ. નડિયાદના સેવાભાવી ડો. ખ્રિસ્તમુક્તિ સાહેબ તથા ડો. જોનસાહેબની સલાહથી વેલોર હોસ્પિટલમાં એન્જીયોગ્રાફી કરાવી. અને ત્યાર પછી બાયપાસ સર્જરી કરાવી. તે પછી પણ સતત કાર્યશીલ જીવનશૈલી જ રહી, પરંતુ નડિયાદમાં તારીખ : ૧-૩-૧૯૯૪ રોજ હૃદયરોગનો જીવલેણ હુમલો થતા થોડી ક્ષણોમાં જ પ્રભુએ તેમને આધિ, વ્યાધિ અને ઉપાધિઓમાંથી મુક્ત કર્યા.

તેમના પત્ની શ્રીમતી સત્યવતીબેન ભગત હજી ત્રણ દીકરી અને એક દીકરા સાથે હયાતછે. દીકરી ઈવા તથા કુટુંબ, દીકરી ઓલીવ તથા કટુંબ, દીકરી આઈરીન તથા કુટુંબ અમેરિકામાં સ્થાયી થયાં છે. દીકરો સત્યપાલ તથા ડો. ભારતીબેન (સંસ્કૃત વિષય સાથે પી. એચ.ડી. થયેલાછે) અને પુત્રી સ્તુતિ સાથે અમદાવાદમાં સ્થાયી થયેલા છે અને પોતાનો બિઝનેસ કરે છે. સ્વ. હેલ્પરભાઈ પ્રભુમાં ઊંઘી ગયા છે તેમછતાં તેમના ઉત્તમ કાર્યો આજે પણ ઈશ્વરને મહિમા આપી રહ્યાં છે.

સ્વ. વ. શેઠ શ્રી ગિરધરલાલ ચીમનલાલ

સ્વ. શ્રીમતી દરકાસબહેન જી. ભગત



સ્વ. હેલ્પરભાઈ જી. ભગતના સ્મરણાર્થે તેમના બહેન દામરિસબહેન જેમ્સ તરફથી આ પુસ્તકના પ્રકાશનાર્થે રૂ. ૧૦,૦૦૦/- નું ઉમદા દાન મળ્યું છે.

# ૧

"આજે રાત્રે આ બીજું!" તૂટેલા થરમૉમિટરમાંથી નીચે સરકતા પારાને જોઈ કલ્યાણી ઘણી ગભરાઈ ગઈ.

"હજુ અલમારીમાં એકછે. તું એને લઈને તાવ માપી શકીશ," એની બહેનપણી અનુરાધાએ શાંતિપૂર્વક કહ્યું.

"મારે આજે જે થરમૉમિટર તૂટ્યાં તેને બદલે બીજાં થરમૉમિટર ખરીદી આપવાં પડશે. નાઈટડયૂટીની સિસ્ટર સમક્ષ પોતાના અપરાધોની કબૂલાત કરતાં કરતાં તો હું થાકી ગઈ છું. એ કેવી સુક્કી અને ઈંજેક્શનની સોય જેવી તીક્ષ્ણ આંખોથી મારી સામે જુએછે! એવું લાગે છે કે જાણે એમનાથી કદી કોઈ વસ્તુ તૂટી જ નહિ હોય!"

"પણ નર્સસિસ્ટરને કહે છે શું કામ? જખ મારવા?" પાસે ઊભેલી અને ઊનના દોરાનો ગોળ વીંટો બનાવી રહેલી આભા મોં સંકોડીને બોલી ઊઠી. "કામ કરવા માટે હજુ એક થરમૉમિટર બચેલ છે, ત્યાં સુધી એને આ વાતની ખબરે નહિ પડે. વળી, વારેવારે તાવ માપવાની શી જરૂર છે એ જ મને તો સમજાતું નથી. અર્ધો સમય તો નિયમો પાળવામાંથી જ ઊંચા અવાતું નથી. હું તો રોગીના મસ્તકને અડકવાથી જ તાવ વિશે લગભગ ખરું અનુમાન કરી શકું છું, અને આવી રીતે થરમૉમિટરને મોઢામાં રાખ્યા પછી અર્ધું કાપી નાખવું પડે તેવું પણ બને નહિ. ગામડાંની સ્ત્રીઓ પાસે તો તમે જીભ નીચે ન રખાવો તો ખાસો સમય બચે."

"મને નથી લાગતું કે મસ્તકને સ્પર્શવાથી ચાર્ટ ઉપરથી તું સાચું અનુમાન કરી શકે. મારી નિર્ણયશક્તિ કે વિવેકબુદ્ધિ વિરુદ્ધ કશું કરવા કરતાં તો ગુનો કબૂલ કરી લેવો એને જ હું વધુ ઉચિત સમજું છું."

કલ્યાણીએ તૂટેલા કાચને કચરાટોપલીમાં નાંખતાં કહ્યું : "કોઈ દિવસ તો હું ઓછી બેપરવા ને વધુ કાળજીવાળી બનવાનું શીખી જઈશ."

"તું કંઈ આળસુ તો નથી જ." અનુરાધાએ વિરોધ કર્યો : "તું તો કડક રીતે નિયમપાલન કરનારી છે. થોડું ધીમું કામ કરે તો સારું, કારણ કે, તું તો બીજી બધી નર્સો કરતાં બેવડી મજૂરી કરે છે. તદુપરાંત જરૂર કરતાં વધુ સમયથી તું નાઈટડ્યૂટી કરે છે. એથી તો તું ખૂબ જ થાકી ગઈ હોય એમ લાગે છે."

"તારા વિવેકની ડંફાશ !" આભાએ અનુરાધાની વાતની ઉપેક્ષા કરી વ્યંગમાં કહ્યું, "ભક્તાણી કલ્યાણી ! તારી વિવેકબુદ્ધિ આટલી કોમળ કેમ છે ? જે વ્યક્તિ પોતાને બીજાથી ચઢિયાતી કે ઊંચી માને છે તે જ અંતે ઠોકર ખાયછે. મારું માન તો બીજી નર્સો વર્તેછે તેમ વર્તવાનું શીખી જા. પોતાને બીજાથી વધુ ચઢિયાતી ન સમજ. અનુરાધા, જરા અહીં આવી આ વસ્તુઓને સાફ કરીશ ? " કહી તે ઝડપથી વૉર્ડ બહાર નીકળી ગઈ.

હૉસ્પિટલના એ લાંબા અને પહોળા વૉર્ડમાં દર્દીઓના ખાટલાઓની ઊભી અને આડી હારો હતી. બધા ખાટલા ભરેલા હતા. "નર્સ !" "નર્સ !" કોઈકે દુઃખભર્યા અવાજે બૂમ પાડી. એક સેકંડમાં તો કલ્યાણી એ દુર્બળ દર્દી પાસે દોડી ગઈ. દર્દીની ફીક્કી આંખોમાં ભય અને વેદનાની છાયા હતી.

"શું થાય છે, શાંતિ ? ખૂબ દર્દ થાય છે ?"

"જી ના, દર્દ તો ઝાઝું નથી. પરંતુ મેં એક સ્વપ્ન જોયું," શાંતિનું જર્જર શરીર કંપી ઊઠયું. "મેં સ્વપ્નમાં જોયું કે હું મૃત્યુ પામી રહી છું, અને મારો માર્ગ અંધકારમયછે; નર્સ, પૂર્ણ અંધકાર !" એણે કલ્યાણીનો હાથ સખત રીતે દબાવીને પકડી રાખ્યો, અને તેની આંખોમાં આંખો પરોવી પૂછયું, "શું હું મરી જઈશ ?"

"શા માટે, શાંતિ ? અહિં દાખલ થયાં ત્યારની ને આજની સરખામણીમાં તો તમે ઘણાં સારાં છો. કાલે તો તમારી સુધરતી જતી તબિયત જોઈ ડૉક્ટર પણ પ્રસન્ન થયેલા. તમારે લગીરે ભય રાખવાની જરૂર નથી. હું તમને ગરમાગરમ પીણું અને તમારી ગોળીઓ આપું છું. એ પીવાથી તમે ફરીથી ઊંઘી જશો." કલ્યાણીએ રણકતા આત્મવિશ્વાસથી મધુર સ્વરે કહ્યું અને તેનું ધારેલું પરિણામ પણ આવ્યું. શાંતિએ હાથની સખત પકડ ઢીલી કરી નાંખી, દવાની એક ગોળી ગળી લીધી અને કલ્યાણીએ આણેલું ગરમ દૂધ પણ પીધું.

કલ્યાણીમાં એવું કશુંક વિશેષ હતું, જેનાથી દર્દીઓનાં બેબાકળાં હૃદયોમાં એના પ્રતિ વિશ્વાસ ઉત્પન્ન થતો. કારણ, તેને પોતાના કામ માટે પ્રેમ હતો, વ્યવસાય પ્રતિ નિષ્ઠા હતી. તે પોતાને દેખભાળ માટે સોંપાયેલ દર્દીઓની પ્રસન્નતાપૂર્વક, જવાબદારીના ભાનસહિત સેવા કરતી. હા, એ હતી તો હજારોના જેવી એક સામાન્ય પરિચારિકા-પણ રાતરાણીનાં ફૂલોની સુગંધસમી ભરીભરી વિશાળ આંખો, કરુણાનાં અમીથી છલકાતો સુડોળ ચહેરો, ગામડાંની હવા ખાઈ બનેલું હલકું છતાં યૌવનથી હર્યુંભર્યું શરીર એને અસામાન્યતા અર્પી રહેતાં. તેનો સ્પર્શ સુદઢ અને એનો અવાજ કોમળ હતો. તેનાં ચમકદાર નેત્રોમાં આનંદદાયી પ્રકાશ છલકાતો. વૉર્ડના દર્દીઓ તથા અન્ય સહુ કોઈ તેનું પ્રસન્ન, મધુર અને આનંદી મુખ નિહાળવા તત્પર રહેતાં.

શાંતિની શુશ્રૂષામાં પડેલ કલ્યાણી પોતાનાં દુઃખ અને ચિંતાને ભૂલી જ ગયેલી. પરંતુ આભાએ અધૂરું મૂકેલું કામ એ પૂરી કરતી હતી. ટેબલ પાસે આવતાં જ ફરી એકવાર નિરાશાનું એક વાદળ અનુરાધાના હૃદય ઉપર છવાઈ ગયું.

"તું શું વિચારે છે, અનુ !" એણે પોતાની સાહેલીને પૂછ્યું : "શું હું આભા કહે એમ કરું ? કદાચ, મૌન રહેવું વધુ ઠીક થશે.

નાઈટડ્યૂટીની સિસ્ટર માટે મને નફરત છે.''

અનુરાધાએ પોતાની બહેનપણી તરફ આશ્ચર્યથી જોયું અને બોલી, ''કલ્યાણી ! મારી, મીઠડી ! મેં હંમેશાં તારી બહાદુરીની, હિંમતની, સહનશીલતાની મનોમન પ્રશંસા કરીછે. અને હું પણ તારી જેમ જ બહાદુર અને નીડર બનવાની કોશિશ કરતી રહીછું.'' રાજધાની દિલ્હીની સાર્વજનિક હૉસ્પિટલમાં અનુરાધા એક હૃષ્ટપુષ્ટ અને ખુશમિજાજ યુવતી તરીકે દાખલ થઈ હતી. તેનું જીવન આનંદી હતું અને બીજાંઓ પ્રત્યેનો તેનો વ્યવહાર મધુર અને નિર્મલ હતો. તે શાંતિ અને સુખચેનમાં પોતાનો જીવનપંથ પસાર કરવા ઇચ્છતી હતી. અન્ય સાથે મૈત્રીપૂર્ણ વ્યવહાર, પરિચારિકાનાં સેવાકાર્યોમાં ઊંડો રસ, સ્ફટિકશી પારદર્શક નિખાલસતા વગેરે સમાન ગુણોને કારણે તેને અને કલ્યાણીને 'પ્રથમ દૃષ્ટિએ જ પ્રેમ' થઈ ગયો હતો. તે કલ્યાણીની ખાસ સખી અને પ્રશંસક બની ગઈ હતી. પણ હાલમાં કલ્યાણીનું ભાગ્ય કઠોરતાના યંત્રોમાં જાણે કચડાઈ રહ્યું હોય તેવું દેખાતું હતું. તેથી જ તેણે કલ્યાણીની પ્રશંસા કરતા શબ્દો ઉચ્ચાર્યા.

''ઓહ ! મહેણાંટોણાંથી હું પરેશાન થઈ ગઈ છું. હું કંઈ ભક્તાણી નથી !'' આભાનો ઝેરી બાણશો કટાક્ષ કલ્યાણીના મર્મસ્થાને વાગ્યો હતો. ''હું દોષિતછું કે નહિ તે જાણ્યા કે સમજ્યા વિના દોષનો બધો જ ટોપલો મારા પર ઓઢાડવામાં આવે છે. મને થાય છે કે ક્યાંક દૂર...'' તેની ઘવાયેલી લાગણીથી તેનો અવાજ પણ થોડો કર્કશ બની ગયો.

''શિ...શિ...શિ... નાઈટડ્યૂટીની સિસ્ટર આવે છે.'' અનુરાધાએ હોઠ ઉપર આંગળી મૂકી ધીમેથી કહ્યું.

''નર્સ અનુરાધા, નર્સ કલ્યાણી, તમે બંને નિરર્થક બેસીને ગપ્પાંબાજી ચલાવો છો કે શું ? તમારા રિપોર્ટ્સ તૈયાર છે ?'' સિસ્ટર

૫

મિસ હેરીસનનો ઠંડો, ભાવહીન અને સત્તાવાહી અવાજ નર્સો અને દર્દીઓને આજ્ઞાપાલન માટે ફરજ પાડતો. સિસ્ટરે બંનેની નોંધો તપાસી અને અનુરાધાના ગંદા લખાણની કટુ આલોચના કરી. પછી આખા વૉર્ડ ઉપર એક સર્વગ્રાહી દૃષ્ટિ ફેંકી તે કક્ષમાંથી બહાર જવા ફરી.

"સિસ્ટર, કૃપા કરી એક ક્ષણ....." કલ્યાણીએ ઝડપથી એક પગલું ભર્યું. ઝડપને કારણે એના ફ્રોકના ઘેરાવવાળા ભાગનો ઝટકો લાગ્યો, અને અનુરાધાએ હમણાં જ ખસેડેલા દવાઓના ટેબલના એક ખૂણે ફ્રોક ભરાયું. કલ્યાણીના હાથમાંનું થરમૉમિટર ઊડીને દૂર જઈ પડ્યું. થરમૉમિટર અને કલ્યાણીનું હૃદય બંને જાણે ખણખણ કરતાં તૂટી રહ્યાં.

"Madam ! I am sorry ! હું ખૂબ જ દિલગીર છું. આ તો મારો જ દોષ છે. ટેબલ મેં જ ખસેડેલું." વાત આગળ ન વધે તે માટે અનુરાધા બોલી ઊઠી.

"ના, ના આ તો કલ્યાણીનો જ ઉઘાડો વાંક છે, બેપરવા, બેજવાબદાર ઉચ્છૃંખલ છોકરી ! આ રીતે હૉસ્પિટલમાં ધમાધમ કરવાનો શો અર્થ છે ? તું શું આને ખેલકૂદનું મેદાન સમજે છે ? તૂટેલા કાચના ટુકડા તો ઉઠાવ."

કલ્યાણી નીચે નમી ધીમેથી કાચના ટુકડા એકઠા કરવા લાગી. એની આંખોમાંથી ગરમગરમ આંસુનાં જાણે ઝરણાં ફૂટી આવ્યાં.

"હં.....એવી કઈ વાત હતી જે તું મને કહેવા માંગતી હતી?"

કલ્યાણીએ પોતાના અવાજને બળપૂર્વક ધીમો કર્યો, નિયંત્રિત કર્યો અને આંસુને ખાળી કહ્યું, "હું આપને બતાવવા માંગતી હતી કે આજે રાત્રે અકસ્માત મારાથી બે થરમૉમિટર તૂટી ગયાં છે...હું આપની ક્ષમા....."

"ઊંઘણશી ! એદી ! હાથ-ભાંગલી ! તેં ધાર્યું છે શું ? આનો

અર્થ તો એ જ કે આજ રાતમાં જ તેં એક નહિ પણ ત્રણ ત્રણ થરમૉમિટરનો ભુક્કો બોલાવી દીધો છે !" સિસ્ટર હેરીસનની આંખો ક્રોધથી સળગી ઊઠી અને વિસ્ફારિત થઈ ગઈ. તેમનો મોટો અવાજ આખા વૉર્ડમાં સંભળાઈ રહ્યો અને ઘણી આંખો આ તરફ ફરી.

"હૉસ્પિટલનાં મેટ્રનને તારે વિશે ફરિયાદનો રિપોર્ટ કરવામાં આવશે. તું નર્સ બનવા માટે જરાય લાયક નથી, નથી ને નથી," આવું કહીને તે પગ પછાડતી બંદૂકની ગોળીની જેમ સડસડાટ ચાલી ગઈ. બસ એ જ સમયે વિરામની ઘંટડી વાગી.

"હું આજે જમી નહિ શકું. મહારાજ કે કોઇ બીજું પૂછે તો એને કોઈ બહાનું બતાવી દેજે." કલ્યાણીએ અનુરાધાના કાનમાં કહ્યું, "હું મારા રૂમમાં જાઉં છું."

"તું નર્સ બનવાને લાયક નથી" નો રણકાર સતત એના કાનમાં ગુંજતો હતો. "શું આ સત્ય છે ? શું એને પરિચારિકાના આ વ્યવસાયમાંથી, આ પ્રાણપ્રિય સેવાકાર્યમાંથી કાઢી મૂકવામાં આવશે?" એવા વિચારોથી એ ધ્રૂજી ઊઠતી. નાની બાળકી હતી અને ઢીંગલીઓથી રમતી હતી ત્યારથી જ નર્સ થવાનાં તે સ્વપ્નો સેવતી. મોગરાનાં ફૂલ જેવાં સફેદ વસ્ત્રો પહેરીને પરિચારિકાના કાર્યમાં નિપુણતા પ્રાપ્ત કરવા તેનું હૈયું થનગની રહેતું. "તું નર્સ બનવાને લાયક નથી" - નાં અસંખ્ય શબ્દતમરાં એના કાનમાં સતત ગુંજી રહ્યાં. પહેરેલે વસ્ત્રે જ કલ્યાણી પોતાની પથારી પર ઢળી પડી અને આંસુ વહાવી રહી. શ્રાવણ ભાદરવાની જેમ ખળખળ વહેતાં, ધોધની જેમ ધસી આવતાં અશ્રુબિંદુઓના પ્રવાહમાં એ ક્યારે ઘેરી નિદ્રાની એક સ્નેહાળ દુનિયામાં સરકી પડી તેની તેને ખબરે ન પડી.

## ૨

"કલ્યાણી, કલ્યાણી, જલદી ઊઠ." જાણે દૂરદૂરથી અવાજો આવી રહ્યા હતા.

ભારે પરેશાની અનુભવી નિદ્રારાણીને ખોળે પોઢેલી યુવતી સચેતન અવસ્થામાં આવી. અર્ધનિદ્રા અને અર્ધજાગૃતિનો એ પ્રદેશ.

"કેમ, હજુ તો કામ પર જવાનો સમય થયો નથી !" એણે આળસથી રૂપાળાં અંગો મરડતાં કહ્યું, "હું કેવી ગાઢ નિદ્રામાં સરી પડેલી ! કેટલા વાગ્યા છે ? હજી તો કેટલો બધો પ્રકાશ છે ?"

"અત્યારે ચાર વાગ્યા છે. તારે દસ જ મિનિટમાં હૉસ્પિટલનાં મેટ્રનના કાર્યાલયમાં પહોંચવાનું છે. પાંચ વાગ્યે તો વ્યાખ્યાન શરૂ થશે. ભૂલતી નહિ !"

સ્નાન દરમ્યાન ગઈ રાતનાં સંસ્મરણો દૂધના ઊભરાની જેમ મનમાં ઊભરાયા. ફુવારાના પાણી કરતાં કોઈ જુદી જ ભીનાશ આંખોમાં ઊતરી આવી.

"રૂથ, તને કોણે મોકલી ?" ફ્રોક પર પીન લગાવતાં કલ્યાણીએ પૂછ્યું.

"સિસ્ટર સુરૈયાએ."

"મેટ્રનબાનુએ મને બોલાવવાનું કોઈ કારણ તને જણાવ્યું ?"

"ના. પરંતુ એમણે મને કહ્યું છે કે તું બરોબર સમયસર મેટ્રન પાસે પહોંચી જાય એ મારે જોવું. તારી ટોપી સીધી નથી. હા, હવે બરોબર. તારી આંખો સૂઝેલી છે. બતાવ, સાચી વાત શી છે ?" રૂથે ધીમેથી પૂછ્યું.

"કાલે રાત્રે મેં થરમૉમિટરો તોડ્યાં છે, અને નાઈટડ્યૂટીવાળાં

સિસ્ટર મિસ હેરીસનનો કોપ મારા પર ફાટી નીકળ્યો છે." કલ્યાણીએ ચિંતિત થઈ રડતા સ્વરે કહ્યું, "મને ડર છે કે કદાચ મને કાઢી મૂકવામાં આવે."

"જલદીથી દોડ, નહિ તો તને જરૂર કાઢી મૂકશે," કહેતાં રૂથે મૈત્રીપૂર્ણ ભાવથી અને મૃદુતાથી એને દ્વાર તરફ ધકેલી.

કલ્યાણીએ બેચેનીભર્યા હૃદયે ડિંગ-ડોંગ બેલ વગાડ્યો. અંદરથી સત્તાવાહી અવાજ આવ્યો: "અંદર આવો." ગભરાયેલી કલ્યાણીએ ધીરેથી ધક્કો મારી મેટ્રનના કાર્યાલયનું દ્વાર ઉઘાડ્યું. નાઈટડ્યૂટીની સિસ્ટરને ત્યાં ન નિહાળી એનો અર્ધો બોજો ઘટી ગયો. ગમે તેમ સ્વસ્થતા જાળવી. હોઠોમાં અને આંખોમાં સ્મિત લાવી તેણે કહ્યું : "નમસ્કાર, મેટ્રનબાનુ."

"નમસ્કાર નર્સ, બેસો."

કલ્યાણી ખુરશીની કોર પર સંકોચાઈને બેઠી.

"સિસ્ટર હેરીસને તમારી જીવલેણ બેદરકારી અને અક્ષમ્ય આળસની ગંભીર ફરિયાદ કરી છે. કાલે રાત્રે ત્રણ થરમૉમિટર તોડ્યાં. સિસ્ટરે એવું પણ કહ્યું છે કે તમારો ચાર્ટ બિલકુલ ગંદો હોય છે. તમારે આ વિશે કંઈ કહેવું છે ?"

મેટ્રનબાનુએ ચશ્મા ઉતાર્યા અને સ્વચ્છ, ભૂરી આંખોએ કલ્યાણીના ચહેરાના હાવભાવ નોંધ્યા. મેટ્રન પીઢ, સમભાવી અને ઉદારદિલ હતાં. તેમનો ન્યાય દયાથી સિંચાયેલો રહેતો. કલ્યાણીના ઉત્તરની પ્રતીક્ષા કરતાં તેમણે તેની આંખો નીચેના ઘેરા અને કાળા ડાઘ ધ્યાનથી નિહાળ્યા. યુવાન નર્સની સુંદર અને નિર્મળ આંખોમાં ચમકી ઊઠેલાં અશ્રુબિંદુઓ પણ ઘણું ઘણું કહી ગયાં. તે સમજી ગયાં કે આ યુવતી કાં તો બીમાર હોય કાં તો અતિ શ્રમિત હોય.

"Madam, I am really sorry. હું...મને એ બાબત

ઊંડો ખેદછે. હું ખૂબ બેદરકાર બની ગઈછું.'' કલ્યાણીના ફૂલપાંદડીશા હોઠ કંપી ઊઠ્યા.

"નર્સ, તમે કેટલા વખતથી નાઈટડ્યૂટી કરો છો ?''

"મેડમ, સતત બે મહિનાથી.''

"તમે દિવસે આરામથી ઊંઘી શકો છો ?''

"ના જી, રાત્રિસેવાવાળી નર્સોના નિવાસસ્થાનની ગેલેરીમાં અમારા બધાં માટે પૂરતી જગ્યા નથી. તેથી મને દિનસેવાની નર્સો સાથે જગ્યા ફાળવવામાં આવી છે. એથી તો નિદ્રામાં સતત ખલેલ પડ્યા જ કરે છે.'' વાર્તાલાપમાં આકસ્મિક પરિવર્તન આવી જતાં કલ્યાણીનો મૃદુમધુર અવાજ ખુલ્લો અને સ્પષ્ટ થયો.

"હં, હું સમજી. એમાં કદાચ ફેરફાર થઈ શકશે. વાસ્તવમાં તો હું તમને રાત્રિસેવામાંથી સંપૂર્ણ મુક્તિ આપીશ, અને બીજા કયા ફેરફારો થઈ શકે એ પણ જોઈશ. નર્સ, શું તમને આ વ્યવસાય પસંદ છે ? કે પછી બીજાં કેટલાંકની જેમ ગંદોગોબરો લાગે છે ?''

કલ્યાણીની પ્રકાશિત અને અશ્રુમૌક્તિકોથી ચમકતી-છલકાતી આંખો વધુ વિશાળ બની. "મેટ્રનબાનુ, સાચું કહું તો મને આ વ્યવસાય માટે પ્રેમ છે, મહોબત છે.'' કલ્યાણીની આંખો સમક્ષ લીલાંલીલાં સ્વપ્નોનો પ્રદેશ મહેકી ઊઠ્યો.

"એમ ? સરસ. તો તો આ વાતો પ્રત્યે પૂરતું લક્ષ આપો. નર્સ, પ્રત્યેક કામ સ્વચ્છતા સાથે, ભૂલચૂક વિના અને પૂરી લગનથી કરો. હવે તમે જઈ શકો છો. આવજો.''

"આભાર-મેટ્રનબાનુ, તમારો ખૂબખૂબ આભાર.'' કલ્યાણીનું હૃદય ધન્યવાદ અને આભારથી ઊભરાઈ રહ્યું. અને તે નમસ્કાર કરી ધીમેથી કક્ષ બહાર નીકળી. તેને પ્રતીતિ થઈ કે ભવિષ્યને ઉજ્જવળ બનાવવાની આશા હજુ જીવંત છે.

પોતાની સાહેલીને જોતાં જ તે દોડતી તેની પાસે ગઈ અને તેને હરખથી ભેટી પડી : "અનુરાધા ! અનુ !"

"કેમ શું થયું, કલ્યાણી ? તું તો ખૂબ જ પ્રસન્ન દેખાય છે !"

"હું હમણાં જ મેટ્રનબાનુ પાસે જઈ આવી. મને કશી શિક્ષા નહિ થાય અને જલદીથી નાઈટડ્યૂટીમાંથી મુક્તિ મળશે." કલ્યાણીએ કહ્યું. પરંતુ ભાવિ જીવન વિશેનો આશાવાદ તેનાથી પ્રગટ થઈ શક્યો નહીં.

"વાહ, કેવી ખુશનસીબીની વાત !" અનુરાધાએ સ્મિતનાં ફૂલ વેર્યાં. "ચાલ, એ વાત પર કેન્ટીનમાં ચા થઈ જાય. પછી વ્યાખ્યાનમાં જઈએ."

બે દિવસ બાદ કલ્યાણીને દિવસની ડ્યૂટી મળી. એને સાથેસાથે એ વાતનો પણ આનંદ હતો કે, એનો વૉર્ડ કે કાર્યવિભાગ બદલાયો નહોતો : કારણ, જ્યારે શાંતિએ સાંભળ્યું કે પોતાની પ્યારી નર્સ એને છોડી બીજા વિભાગમાં બદલાશે ત્યારે એ એને વળગીને રડી પડી હતી.

"કલ્યાણીબહેન, તમે મને ખૂબ હિંમત આપો છો. તમારા હાથ પણ કેટલા કોમળ છે ! તમે જ્યારે પાટો બાંધો છો કે દવા લગાડો છો ત્યારે મને કેટલી શાતા વળે છે ?"

શાંતિને ખબર નહોતી કે કલ્યાણી તો ત્રીજા વર્ષમાં અભ્યાસ કરતી નર્સછાત્રા હતી, અને તેથી પોતાની ઇચ્છા પ્રમાણે કાર્યવિભાગ કે કાર્ય પસંદ કરી શકે તેમ નહોતી. ભગવાન જાણે કયા કારણથી પણ આ યુવતી સળગતી સાડી સાથે કરુણ ચીસો પાડતી ઘરમાંથી બહાર દોડી હતી, અને માર્ગને કિનારે ભયંકર પછડાટ સાથે ગબડી પડેલી. કેટલાક સમય પછી જ્યારે એ દાઝેલા માટેના વૉર્ડમાં ભાનમાં આવી ત્યારે ફફડતી હરિણીશી અત્યંત ભયભીત હતી. તેની સાસુ માત્ર એકવાર તેને મળવા આવી હતી. અને આવી ત્યારે આખા વૉર્ડ વચ્ચે

તેના બેદરકારી અને બેપરવાઈ વિશે લાંબુંચોડું ભાષણ આપવાનું સાસુસહજ ફરજ બજાવવાનું એ ચૂકી નહોતી. પતિ કઈ દુનિયામાં છે, ક્યાં ભટકતો ફરે છે એ વિશે તેની પાસે કશી માહિતી નહોતી. જોકે તેના મન ઉપર કોઈ ભારે મોટો બોજો હોવાનું દેખાઈ આવતું હતું. તેણે માની જ લીધું હતું કે પતિએ તેનો ત્યાગ કર્યો છે. આ સીધીસાદી, ભલીભોળી, થોડા સમય પહેલાં જ પોતા કરતાં મોટી વયના પુરુષ સાથે પરણાવાયેલી ગ્રામબાલિકાની દૃષ્ટિમાં સફેદ વસ્ત્રધારી ડૉક્ટરો અને નર્સો અત્યંત ભયાનક અને ક્રૂર દેખાતાં, પરંતુ ગમતી હતી એકમાત્ર કલ્યાણી.

કલ્યાણીની સંવેદનશીલ સહાનુભૂતિ અને મૃદુતાભર્યા સ્નેહનો એણે અનુભવ કર્યો હતો. એને વિશેષતઃ ગમતાં એની વિશાળ નિર્દોષ આંખો અને સદાય મદદ કરવા ઉત્સુક કોમળ લાંબી આંગળીઓ. તેથી જ તો તે કલ્યાણીને કોઈ નિકટનું સ્વજન કે મિત્ર સમજવા માંડેલી. પોતાના દુર્બળ અને ઘાયલ દેહને ચારે તરફથી ઢાંકતાં આવરણો હઠાવી તે કલ્યાણીની પ્રત્યેક ગતિવિધિને હોંશથી નિહાળતી અને એ માટે તો રાત્રે પણ જાગતી જ રહેતી. અને એમ કરવાથી પ્રિય નર્સને જ્યારે ચોવીસ કલાક પછી તે વૉર્ડમાં ઉત્સાહભેર પાછી પ્રવેશતી જોતી ત્યારે તો બધીયે વેદના, બધુંયે દુઃખ જાણે ક્ષણભર ભૂલી જતી. સમય મળતાં જ કલ્યાણી તેના પલંગ પાસે જઈ આવતી. ચાર આંખો વચ્ચે માત્ર સ્મિતની જ આપલે થતી. પણ તેમાંયે એ બંને પક્ષોને કેટકેટલું મળી રહેતું !

"પરમેશ્વરે મારી પ્રાર્થના સાંભળી. એમણે જ તમને પાછાં આ વૉર્ડમાં મોકલી આપ્યાં." શાંતિના વિવશ ચહેરા પર સ્મિતની લહેરખી દોડી ગઈ.

પરંતુ શાંતિ તો અનેક રોગીઓમાંની એક હતી, અને

રાત્રિસેવાની અપેક્ષાએ દિનસેવાનું કાર્ય વધુ વ્યસ્ત અને ભારે હતું. ઉપરાંત, કલ્યાણી વર્ષાન્તે થનાર પરીક્ષાનો વિચાર કરી કઠિન પરિશ્રમ કરતી હતી. તે ઉત્સુકતાથી વાટ જોતી હતી કે, અનુરાધાની રાત્રિસેવા ક્યારે પૂરી થાય; કારણ, હમણાં હમણાં બંનેને એકબીજાને મળવાનો, હૈયાં-ગઠડીઓ ખોલવાનો બહુ ઓછો સમય મળતો હતો, અને દિવસપાળીની પરિચારિકાઓમાં કલ્યાણીને કોઈ સાથે વિશેષ મિત્રતા નહોતી.

"કલ્યાણી એ કલ્યાણી," કલ્યાણી કરતાં વયમાં મોટી ચિત્રાએ તેને બોલાવી. ચિત્રાનું શરીર ભારે હતું, અને અવાજ પણ થોડો કર્કશ હતો. છતાં શ્રીમંત પિતાની પુત્રી હોવાથી અને માત્ર મોજમજા કરવા આ વ્યવસાયમાં આવી હોવાથી તે અપટુડેઈટ વસ્ત્રો પહેરતી. છેલ્લામાં છેલ્લી ઢબનો મેકઅપ કરી આકર્ષક દેખાવાની કોઈ તક તે જવા દેતી નહિ. તેની પોતાની એક ટોળકી હતી, જેમાં સ્વાભાવિક આગેવાન પણ તે જ હતી.

"કલ્યાણી, આજે સાંજે તું અમારી સાથે આવીશ ? અમારી કંપનીમાં તને ખૂબ મજા આવશે. આભાને તાવ આવ્યો છે, અને કામમાંથી મુક્તિ મળતાં તે સૂઈ રહી છે."

"તારી સાથે ક્યાં જવાનું છે, ચિત્રા ?"

"મારા પપ્પા આજે સાંજે અમારામાંથી છ-સાત નર્સોને સિનેમા જોવા પૈસા આપવાના છે, કદાચ ટિકિટો બુક થઈ પણ ગઈ હશે ! 'મિલન'માં ખૂબ રૉમેન્ટિક અને 'A' સર્ટિફિકેટવાળી ફિલ્મ ચાલે છે. હીરોહીરોઈનનો શો રોમાન્સ છે !" કહી ચિત્રાએ ચુંબનનો અભિનય કર્યો, અને ઉમેર્યું, "તને પણ છુટ્ટી મળશે જ. તુંયે ચાલ મજા આવશે," કહીને થોડાક પાશ્ચાત્ય નૃત્યના તાલ સાથે એક ફિલ્મી ધૂન ગુંજવા લાગી.

કલ્યાણીને સંકોચ થયો. એ જાણતી હતી કે એનાં માતપિતા આવાં ચલચિત્રો જોવાથી અપ્રસન્ન થાય છે, પરંતુ ચિત્રાની રંગીલી, નશીલી અને મોહક વાતોની જાળમાં એ ફસાઈ ગઈ. એ પણ નૃત્ય-સંગીતની પ્રશંસક તો હતી જ, અને આમેય ઊગતી યુવાનીનાં રંગરંગી સ્વપ્નાં કોને નથી હોતાં ? છતાં, એ ધર્મભીરુ યુવતી અસ્વીકાર કરવાની તૈયારીમાં જ હતી, ત્યાં એણે પેલી વિશાળ આંખોમાં તિરસ્કાર અને 'હત્ તેરેકી' ની ભાવના જોઈ, અને એ માની ગઈ. "આભાર ચિત્રા, હું જરૂરથી તમારી સાથે આવીશ, ને કંપની આપીશ." એણે જાણે પડકાર સ્વીકારી લીધો.

"ખૂબ સુંદર, તું જેવી સુંદર છે એવો જ સુંદર તારો નિર્ણય છે. અમારી ટુકડી કાર્યથી નિવૃત્ત થતાં જ અપટુડેઈટ વસ્ત્રો પહેરી કોમનરૂમમાં એકત્રિત થશે. પછી સાથે નીકળીશું." અને કલ્યાણીને ખભે હાથ મૂકી કહ્યું, "કુદરતે તને રૂપ તો ઘણું આપ્યું છે, પણ થોડો ઠાઠ પણ રાખજે. જમાનો જ ઠાઠનો છે," કહી ચિત્રા હસી પડી.

એ જ ક્ષણે ચિત્રાની એક ઘનિષ્ઠ સાહેલી વૉર્ડની બીજી બાજુએથી પસાર થઈ. બંનેને અંદરઅંદર વ્યંગમાં હોઠ મરડતી જોઈ કલ્યાણીના મનમાં ક્ષણભર એક વિચિત્ર અસંતોષની વીજળી ચમકી ગઈ.

## ૩

ચલચિત્ર સાચે જ રોમાંચકારી અને ઉન્માદક હતું. યુવાન હૈયાંને મદહોશીની રંગીન સૃષ્ટિમાં પરાણે પણ ઘસડી જાય તેવું હતું. અને કલ્યાણી ઉત્તેજિત બની લગભગ બધું જ વીસરી ગઈ. શો છૂટ્યા પછી પણ દાદર ઊતરતાં અને એ રંગીન વાતોને માણતાં એના મનમાં માત્ર એ જ ભાવના હતી કે, આ વિશ્વ જેમાં તે જન્મી છે તે કેટલું બધું કૃત્રિમ છે, વિચિત્ર છે ! સાચી છે પેલી રંગરાગ સૃષ્ટિ ! એ જાણે હજુયે સ્વપ્નાવસ્થામાં જ ચાલી રહી હતી. એના મસ્તકના પડદા ઉપર હજુયે પેલાં રોમાંચક દશ્યો ભજવાતાં હતાં !

"તું ક્યાં જાયછે, કલ્યાણી ?" ચિત્રાએ ચોંકીને મુખ્ય રાજમાર્ગ તરફ વળતી કલ્યાણી તરફ જોઈને કહ્યું.

"હું તો હૉસ્પિટલ પાછી જાઉંછું. શું તું આવતી નથી; ચિત્રા?"

"જરાય નહિ. હજુ તો હમણાં જ નવ વાગ્યા છે. આપણે થોડો નાસ્તો કરીએ, થોડું ઈધરઉધર ઘૂમીએ, પછી જઈશું. ચાલો, અમારી સાથે ચાલો." ચિત્રાએ લગભગ એને અડીને ઊભેલા યુવકને સંબોધન કરતાં કહ્યું :

"કઈ હૉટેલમાં જવાનો વિચાર છે ?"

"ફોર-સ્ટાર અપ્સરામાં," શીઘ્ર ઉત્તર મળ્યો.

"આભા ક્યાં છે ?" અપટુડેઈટ વસ્ત્રોમાં સજ્જ કોઈ યુવક પૂછતો હતો.

"એને તાવ આવ્યો છે. આ કલ્યાણી-અમારી હૉસ્પિટલની બ્યૂટીક્વીન ! આભાનું ખાલી સ્થાન એ આજે શોભાવે છે."

"અને કલ્યાણી, આછે શ્રીકાંત. શ્રીમંત માબાપનો એકનો એક

લાડકો કુંવર."

કલ્યાણીએ નમસ્તે કર્યા. "બાખૂબ ! ખૂબ સુંદર !" મનોમન પ્રસન્ન થઈ ઊઠેલા એ છેલછબીલા શ્રીમંત યુવક શ્રીકાંતે નિર્લજ્જતાથી કલ્યાણી સામે તાકીને જોતાં કહ્યું. સહસા જ કલ્યાણીને ખ્યાલ આવ્યો કે એની સાદી છતાં સરસ રીતે પહેરાયેલી સાડી એની જોડીદારોની ભરતભરેલ જ્યોર્જેટ અને બંગાળી રેશમની કે બનારસી કિંમતી સાડીઓની અપેક્ષાએ ઘણી તુચ્છ કે હલકી લાગે છે. એ તો પોતાને મળતી શિષ્યવૃત્તિમાંથી પણ પૈસા બચાવીને નાના ભાઈના અભ્યાસ માટે મોકલતી હતી. ખરેખર તો એ ક્ષણે એને દુઃખિત કે ચિંતિત થવાનું કોઈ જ કારણ નહોતું, પરંતુ હવે ગભરાટ અને સંકોચની લાગણી એના પર સવાર થઈ જતાં એ પોતાને ચિત્રા અને તેની મિત્રો સમક્ષ અતિ ઊતરતી માનવા લગી.

'અપ્સરા' એ રંગરાગનાં નવાંનોખાં સાધનોથી સજ્જ એક અદ્યતન હૉટેલ હતી. થોડાક યુવકો અને વધુ સંખ્યાવાળી યુવતીઓની આ ટોળીએ હૉટેલના ગ્રેબ્લુડિમ લાઈટવાળા એક સુસજ્જ ખંડમાં બેઠક જમાવી, અને સ્વતંત્રતાથી, હસીમજાક ઉડાવતાં, ચલચિત્રની ચર્ચા કરતાં કૉફી, કોકાકોલા, મીઠાઈ અને કેકનો આસ્વાદ કર્યો. અમુક પુરુષનર્સો અને સ્ત્રીનર્સો દેહસ્પર્શની શક્ય એટલી વધુ છૂટછાટ લેતાં હતાં. ઝાંખા પ્રકાશમાં અજીબ ઉત્તેજના હતી.

કલ્યાણીના સંયમશીલ જીવનમાં આ એક નવો જ અનુભવ હતો - અજાણતાં વિષ્ટા પર પગ પડતાં થાય તેવો, અને તેથી તેણે વાર્તાલાપમાં ખાસ રસરુચિ દર્શાવ્યાં નહિ; જો કે તેમની રૉમેન્ટિક વાતો, થોડીક અશ્લીલ મજાકો અને વ્યંગકથનો રસપૂર્વક સાંભળ્યાં. વાતાવરણ પણ આહ્‌લાદક હતું ને ?

અચાનક એની દૃષ્ટિ દીવાલ પરના ઘડિયાળ પર પડી - લગભગ

સાડાદસ વાગ્યા હતા. હસવાનો અવાજ બંધ પડતાં જ એ બોલી ઊઠી: "જો ચિત્રા, આપણે હવે ઉતાવળ કરવી જ જોઈએ. સાડાદસ થયા છે. સંભવ છે કે આપણે સમયસર પહોંચી જઈશું."

"બેસી જા. આટલી ઉતાવળ કરવાની શી જરૂર છે ?" ચિત્રાએ આજ્ઞાસૂચક સ્વરે કહ્યું.

"તને ખબર તો છે જ કે છૂટીના દિવસોએ આપણે દસ વાગ્યે છાત્રાલયની અંદર પ્રવેશ મેળવી લેવો જોઈએ. પછી તો માત્ર પંદર મિનિટ મળી શકે. જો આપણે હમણાં નીકળીએ તો સમયસર પહોંચી હાજરીપત્રકમાં સહી કરી દઈશું. પછી કોઈ પ્રશ્ન ઊભો નહિ થાય." કલ્યાણીએ ઊભાં થતાં કહ્યું.

"તું જરીકેય ચિંતા ન કરીશ. બધીય વાતોનો પ્રબંધ થઈ ચૂક્યો છે. હા, તમે શું કહેતા હતા, સુબંધુ ?" એણે ફેશનેબલ વસ્ત્રોમાં સુસજ્જ એક અલગારી યુવકને ચિત્રાએ પૂછ્યું.

"હું એમ કહેતો હતો કે આ મિલન-મુલાકાતના સમયને કેવી પાંખો ફૂટે છે, નહિ ? ઓહ મિસ કલ્યાણી, નિશ્ચિતતાથી બેસો. ઊભાં રહેશો નહિ. હા, આજે ડાન્સપાર્ટીમાં કોનું મ્યુઝિક છે ?"

સહસા જ કલ્યાણીને ખ્યાલ આવ્યો કે તે પ્રત્યેકના ધ્યાનનું કેન્દ્ર બની ગઈ છે. બધાની આંખો - બીજા ટેબલો પર બેઠેલા યુવકયુવતીઓની પણ - એના પ્રતિ ધ્યાનથી - તાકીને જુએ છે. કેટલીક તિરસ્કારથી, કેટલીક મનોરંજનથી તો થોડીક સહાનુભૂતિથી; જ્યારે ટુકડીની નાયિકા ચિત્રાની આંખો ક્રોધથી સળગે છે.

"બેસી જા." તેણે આવેશથી મોટે સ્વરે કહ્યું, "તું તો બધી મજાનું કચુંબર કરી રહી છે. આશ્ચર્ય નથી કે બટકબોલી આભા તને ભક્તાણી કલ્યાણી કહે છે ! મીરાંબાઈ ! હું ફરીથી તને કહું છું કે બધી વ્યવસ્થા થઈ ચૂકી છે. આપણે જઈશું ત્યારે આભા બાજુનું દ્વાર ખોલી દેશે, અને

યથાસમય બધાના હસ્તાક્ષર પણ કરી દેશે. આ તો બિલકુલ સહજસરળ કામ છે. અમે તો કંઈ કેટલીયે વાર આવા તુક્કા અજમાવ્યા છે, ગુલ્લી મારી છે. આભાની રાત્રિસેવા સમાપ્ત થશે ત્યારે બીજી કોઈ ચાલ વિચારવી પડશે." ચિત્રાએ કટુ અવાજ બદલી નાંખી મધુર સ્મિત વેરી બીજા એક યુવકને પૂછયું, "શ્રીકાંત, બોમ્બે નર્સીઝની ડાન્સનાઈટમાં કોને વરમાળા પહેરાવી ?"

"તમારે આવું બધું કરવું હતું તો એ જ સમયે મને કેમ બતાવી દીધું નહિ ? જ્યારે તેં બહાર આવવાનું આમંત્રણ આપ્યું ત્યારે બધો ફોડ કેમ નહોતો પાડ્યો ?" કલ્યાણીની વિશાળ આંખો ભરાઈ આવી.

"જો કલ્યાણી," શાલિની નામની દક્ષિણ ભારતમાંથી આવેલ ચબરાક અને આકર્ષક નર્સ બોલી ઊઠીઃ "જો કલ્યાણી, જુવાની કંઈ લાંબો સમય ટકતી નથી; અને ભક્તિ માટે તો વૃદ્ધાવસ્થા ક્યાં નથી હોતી ? ભગવાને તને તો ખોબેખોબે ભરીને રૂપ આપ્યું છે. આટલું સૌંદર્ય મને મળ્યું હોતને તો હું એ ખજાનાની મદદથી ક્યાંની ક્યાં ઊડીને પહોંચી જાત !"

અને કલ્યાણીને જાણે વાતમાં રસ પડે છે એમ જાણી તેણે ઉમેર્યુંઃ "અને યુવાની તો પતંગિયા જેવી છે, ઘાસના ફૂલ જેવી છે; આ રૂપ, આ મદહોશ યૌવન આજે હોય, કાલે નયે હોય ! તમે શું કહો છો, શ્રીકાંત ?"

"તમે કહોછો એમાં કયો બેવકૂફ ના પાડી શકે ? અને કલ્યાણીના રૂપની વાત પણ મજાની છે. સાચું પૂછો તો કલ્યાણીને જોયા પછી મને આ ફિલ્મની મુખ્ય અભિનેત્રી પણ ઝાંખી લાગે છે !"

"મને શરમાવશો નહિ." પોતાના સૌંદર્યની અતિ પ્રશંસાથી લજ્જિત થઈ, મોં ઢાંકી કલ્યાણી બોલી ઊઠી.

હવે સુબંધુનો વારો હતો. તે બોલી ઊઠ્યો :

"ફૂલ પણ વસંતમાં ક્યાં ક્યાં ઊગી ગયાં ?
લો, તમારી આંખ થૈ એ બધાં ખીલી રહ્યાં."

"બગીચામાં જેમ ગુલાબ, ઋતુઓમાં જેમ વસંત તેમ....." એના શબ્દો હૉટેલના છેવાડાના મુખ્ય હૉલમાંથી એકદમ શરૂ થયેલા પાશ્ચાત્ય સંગીતના ધમધમાટમાં ડૂબી ગયા.

સૌથી પહેલી ઊભી થઈ ગઈ ચિત્રા, "ચાલો, આજે તો માઈકલ એન્ડ પાર્ટીની મ્યુઝિકલ નાઈટ છે. પેલી બાર્બરા પણ છે જ. ચાલો મજા આવી જશે." અને શ્રીકાંતનો હાથ પકડી તે દોડી ગઈ.

એની પાછળ બધા ખેંચાયા. સંગીતની મસ્તી જાણે બધાંને તેડાવી રહી હતી.

"ચાલો, કલ્યાણી," સુબંધુએ કહ્યું, "અરે, પણ હૉસ્ટેલ-હૉસ્પિટલના નિયમો ?" બેબાકળી બની ગયેલી કલ્યાણી બોલી ઊઠી. જોકે એનુંયે હૃદય પશ્ચિમના સંગીતની સૂરીલી – માદક ધૂનોથી આકર્ષાયું તો હતું જ. છતાંયે હૃદયના એક ભાગમાંથી જૂના સંસ્કાર, ધર્મની, કુટુંબની પ્રબળ અસર, આ બધાંથી ભાગીછૂટવાના અવાજો પણ જોસથી પડઘાતા હતા જ.

"હવે મારો ગોળી એ જડ નિયમોને ! અને માણી લો આ જિંદગીની રસલહાણ !" કહી સુબંધુએ એનો હાથ પકડીને એને ઊભી કરી દીધી, અને ચાવી દીધેલી પૂતળીની જેમ તે ખેંચાઈ ગઈ, આગળ વધી. અને પછી તો એ ખેંચાતી જ રહી. એ અર્ધનગ્ન સ્ત્રીઓના માંસલ દેહો પ્રગટ કરતો રંગીન પરદો, શરીરનાં અંગોને જુદાજુદા મરોડ આપતાં યુગલો, માદક સંગીત રજૂ કરતાં ગાયકવૃંદો અને પોતા તરફ ભૂખ્યા વાઘસિંહની જેમ ફેંકાતી નજરો.....કલ્યાણી પણ હા ના, હા ના કરતી નૃત્યમાં ભારે અનિચ્છાએ જોડાઈ, એને કિશોરવયમાં જાગેલા સંગત-નૃત્યના શોખે જાણે કે એની પાસે ભાન ભુલાવ્યું, અને એ ડૂબતી ગઈ.....

અચાનક એ રૂમની બધી લાઈટો બંધ થઈ ગઈ. ચિત્રવિચિત્ર અવાજોથી ઓડિટોરિયમ ભરાઈ ગયું. કલ્યાણીના કંઠમાંથી તત્ક્ષણ મૃત્યુચીસ નીકળી ગઈ, અને એ જ ક્ષણે એકદમ બધી લાઈટો પુનઃ ચાલુ થઈ ગઈ. જોયું તો અતિ ફિક્કી પડી ગયેલી કલ્યાણી ભયભીત અવસ્થામાં હૉલની ફરસબંદી ઉપર પડી હતી, અને જો તત્ક્ષણ લાઈટ ચાલુ ન થઈ હોત તો પોતાની કેવી હાલત થાત એ વિચારતાં શિકારીના હાથમાં સપડાયેલ કબૂતરીની જેમ ફફડી રહી હતી. સુબંધુ એની પાસે ઊભો હતો.

"ભક્તાણી ! આ બધા ઢોંગ જવા દે !"

ચિત્રાનો કટુ અવાજ સંભળાયો.

"હું પાણી લઈ આવું," કહી ગયેલો સુબંધુ પાછો ફર્યો જ નહિ; પરંતુ શાલિની ત્વરાથી પાણીનો ગ્લાસ લઈ આવી. બીજા પણ દોડી આવ્યા. વીજળીના ઝબકારાની જેમ કલ્યાણી સફાળી બેઠી થઈ ગઈ. ઝડપથી તેણે સાડીનો પાલવ ઉર-પ્રદેશ પર ઢાંકી દીધો. જોકે હજુયે તેનું આખું શરીર અજ્ઞાત ભયથી કંપી રહ્યું હતું.

"મને એકદમ હૉસ્ટેલ પહોંચાડી દો. હું તમારે બધાંને પગે પડું છું," કહેતાં તો તે ધ્રુસકે ધ્રુસકે રડી પડી.

"આવા ફિરસ્તાઓ માટે આ મૃત્યુલોક યોગ્ય ન કહેવાય! ચાલો, આપણે નીકળી જઈએ. કદાચ એ આપણ બધાંને ફસાવી દેશે." 'વેલેન્ટીનો' તરીકે પોતાને ઓળખાવતા, બે બાળકોના પિતા હોવા છતાં આવી 'મજા' લૂંટવામાં પહેલા એવા એક લેબોરેટરી-ટેકનિશિયને ઉત્તર આપ્યો.

"હા, હા, લઈ આવો રીક્ષા અને બેસાડી દો તેમાં આ પવિત્રતાની પૂંછડી ને!" ચિત્રાનો કટુ અવાજ ફરીથી સંભળાયો. 'વેલેન્ટીનો' તરત જ રીક્ષા લેવા દોડી ગયા. "અને જો મીરાંબાઈ!"

તેણે કલ્યાણીને સંબોધન કરતાં કહ્યું, "તું કંઈ નાની કીકલી નથી. તું તારી ઇચ્છાથી અહીં પધારેલી. અમે કંઈ બળજબરીથી તને અહીં ઉપાડી લાવ્યા નહોતા, અને અમારે તો 'જેણે મૂકી લાજ.....' તેના જેવું છે; એટલે ભલી થઈને તારી આબરૂને ખાતર પણ મૂંગી મરી રહેજે. પછી તો તું જાણ."

એટલામાં જ રીક્ષાનો ઘરઘરાટ સંભળાયો.

"જા શાલિની, કવિતા, ઉષા તમે આ 'બ્યૂટીક્વીન' ને લઈ જાઓ અને હૉસ્ટેલને નાકે જ ઊતરી જજો. અમે ત્યાં સુધીમાં આવી પહોંચીએ છીએ."

અચાનક જ કલ્યાણીની નજર ઘડિયાળ ઉપર પડી. મધ્યરાત્રિ બતાવતા બાર ક્યારનાય વાગી ગયા હતા.

"મારા જીવનમાં પણ આ કાળરાત્રિ હતી, કાળચોઘડિયું!" એક મન બોલ્યું. "ના, ના, નવો દિવસ શરૂ થઈ ગયોછે. સૂરજ ઊગવાનો જ છે." બીજું મન બોલ્યું. આંખોમાંથી હજુયે આંસુની ધારા વહી રહી હતી, અને આંસુની ધારાઓમાં ચમકી રહ્યાં હતાં માતાપિતાનાં પવિત્ર મુખારવિંદ. ત્યાં જ એક આંચકા સાથે રીક્ષાઓ ઊભી રહી ગઈ.

બધાં મૂંગામૂંગા, કહો કે બિલ્લીપગે ચિકિત્સાલય પ્રતિ આગળ વધ્યાં. હૉસ્પિટલનું મુખ્ય દ્વાર આવતાં જ પુરુષનર્સો અને સ્ત્રીનર્સો એકબીજાથી અલગ થઈ ગયાં. ખાખી વસ્ત્રધારી રાત્રિનો નિયુક્ત ચોકીદાર પીપળાના તોતિંગ વૃક્ષ નીચે ખાટલા પર બેઠોબેઠો હોકલી પીતો હતો. દ્વાર ખોલતાં ખોલતાં તે બડબડાટ કરવા લાગ્યો. અલબત્ત બહુ મોટેથી નહિ; પરંતુ ચિત્રાએ ધીરેકથી તેના હાથમાં કશુંક સરકાવી દીધું. પરિણામે એનો આખો વ્યવહાર બદલાઈ ગયો, અને ઊલટું તેણે વિનીતભાવે 'મેમસાબ' કહી ચિત્રાને સલામ ભરી. એકાદ બે મિનિટ પછી વેલેન્ટીનોએ પણ એ જ રીતે બુઢ્ઢાને ખુશ કર્યો. હવે એની તરફથી

કશો ભય રહ્યો નહોતો; શિકાયતનું મોં રિશ્વતે બંધ કરી દીધું હતું.

યુવતીઓએ ચૂપચાપ પોતાના ખંડોમાં પ્રવેશ કર્યો ત્યારે લગભગ એક વાગી ગયો હતો. આભાએ દ્વાર ખુલ્લું જ રાખેલું. "હવે જલદી જલદી પોતપોતાના બિછાના પર સુઈ જાઓ; અને ભક્તાણી! મોં પર લગાવી રાખજે અલીગઢનું તાળું!" ચિત્રાએ દ્વાર બંધ કરતાં કહ્યું, અને આખી ટુકડી વીખરાઈ ગઈ.

આ અપ્રિય અને દુઃખદ ઘટનાઓને કારણે કલ્યાણી લાંબા સમય સુધી પથારીમાં પડખાં ઘસતી, ધીમાંધીમાં ડૂસકાં ભરતી રહી. પશ્ચાત્તાપની સચ્ચાઈભરી પ્રાર્થનાને અંતે થોડીક ઊંઘ આવી તો ખરી. પરંતુ એણે સ્વપ્નમાં જોયું કે એક વિકરાળ ઘોડેસવાર લાંબો ભાલો લઈ તેનો પીછો કરી રહ્યો છે. એ ચીસો પાડતી આમતેમ ભાગી રહી છે. ત્યાં જ પેલા કરાલમુખધારી ઘોડેસવારે એનો હવામાં ફરફરતો ચોટલો પકડ્યો અને ઘોડા પર ખેંચી. એક જોરદાર ઝાટકો મારી તે ફરી નાઠી. પરંતુ ભાગવા જતાં એક ઊંડીઊંડી ખીણમાં તે ધબાકા સાથે ગબડી પડી - ખાલી કૂવામાં પથરો પડે તેમ! હૃદયના વધી ગયેલા ધબકારા સાથે છાતી પર હાથ મૂકી તે બેઠી થઈ ગઈ. "ઓ મા! મને માફ કરજે," તેની મૌન પરંતુ હૃદયદ્રાવક ચીસો હૃદયના ખૂણેખૂણામાં ઘૂમરાઈ રહી.

બીજે દિવસે સવારે ભાંગેલે પગે અને હૃદયે તે પોતાના કાર્યવિભાગમાં જઈ રહી હતી ત્યાં જ આભા સામે મળી. "આજે સવારે ભક્તાણીબાનું સ્વાસ્થ્ય કેવું છે?" આભાએ ઉપહાસ કરતાં પૂછ્યું, તેણે સાંભળ્યું ન સાંભળ્યું કર્યું પરંતુ તેને ખાતરી થઈ ગઈ કે આભા પ્રત્યે જે ઘૃણા એને ઉત્પન્ન થયેલી તે કારણે જ એને પાર્ટીનું ઈજન મળેલું. તો તો ચિત્રા સાથે આભા પણ કાવતરામાં સહભાગી હતી!

"નર્સ કલ્યાણી! દિવાસ્વપ્નોમાંથી જાગો! કઈ દુનિયામાં સ્વૈરવિહાર ચાલે છે? મેં બેવાર પ્રશ્ન પૂછ્યો પણ તમે અને તમારા

વિચારો તો કોઈ બીજી જ દુનિયામાં રહેલા છે! કૃપા કરી પાઠમાં ધ્યાન આપો," ટ્યૂટરના શબ્દો જાણે ભાલાની જેમ ભોંકાયા. તે પ્રયત્નપૂર્વક, બળપૂર્વક વ્યાખ્યાનખંડમાં જાણે પાછી ફરી. એ આખો દિવસ ભારે ગભરાટમાં, વ્યાકુળતામાં તેણે વ્યતીત કર્યો.

શાંતિની સ્થિતિ શોચનીય હતી. એનું નામ 'ભયયુક્ત સૂચી'માં મુકાયું હતું. આ પરિસ્થિતિએ કલ્યાણીના દુઃખી મનને વધુ દુઃખી બનાવી દીધું. શાંતિને હવે અનુભવ થવા લાગ્યો હતો કે તે ડૂબી રહી છે. કોઈ વિનાશક ખીણમાં ધીમેધીમે ફંગોળાઈ રહી છે. તેણે ધીમેથી પૂછ્યું "નર્સ! આગળનો રસ્તો ખૂબ જ અંધકારમય અને બિહામણો લાગે છે. મને બતાવો, સમજાવો કે પરમેશ્વર સાથેના મેળાપ માટે હું કેવી રીતે પોતાને તૈયાર કરું?"

શાંતિની સહાય માટે કલ્યાણી હવે અસમર્થતાનો દયનીય અનુભવ કરી રહી હતી. કલ્યાણીને વિશ્વાસ હતો કે હંમેશાં શ્રદ્ધાળુ અને શ્રમશીલ રહેવામાં જ માનવજીવનનું રહસ્ય ગોપિત છે. પરંતુ શાંતિ જે ખીણોમાંથી પસાર થઈ રહી હતી એવી જ પરિસ્થિતિનો જો પોતાને સામનો કરવાનો આવે તો શું એ પોતે કૃપાનિધાન પરમાત્મા સાથેના મેળાપ માટે તૈયાર છે? શું એ ઘડી સુખદ મિલનની ઘડી હશે? ગઈ રાત્રિનો બનાવ ભયાનક ઓથારની જેમ ધરતીકંપે તૂટી પડતી પ્રચંડ શિલાની જેમ – એના પર તોળાઈ રહ્યો અને એ શબ જેવી ફિક્કી બની ગઈ. શાંતિના પ્રશ્નનો ઉત્તર એ ન આપી શકી અને વધુ ભયભીત બની ગઈ.

તે આંસુ સાથે રાત્રિની પ્રતીક્ષા કરવા લાગી કે જેથી એ એકાંતમાં સ્વસ્થતાથી, ઊંડાણથી શાંતિના સવાલ પર વિચાર કરી શકે. ફરી પોતાનાં પાપની માફી માગી શકે, અને નવેસરથી ભાંગી પડેલ જીવનવ્યવહારને પુનઃ ગોઠવી શકે.

# ૪

"અનુ, આ રીતે આ બધી ભયંકર વાતો થઈ. મને ખ્યાલ પણ નહોતો કે હું આટલી અભાગી બની જઈશ. પતનની ખીણમાં આટલી સરળતાથી ગબડી જઈશ." સંધ્યા સમયે વ્યાખ્યાનો સમાપ્ત થતાં છોકરીઓ એક સ્થળે જુદીજુદી ટુકડીઓમાં એકઠી થઈ. કલ્યાણીને પોતા પ્રત્યે સહાનુભૂતિ ધરાવનાર બહેનપણીને ચિત્રા દ્વારા મળેલું પાર્ટીનું ઇજન અને તેનાં દુઃખદ પરિણામોની બધી જ વાત કહી દેવાનો અવસર મળી ગયો. બંને બહેનપણીઓ એકબીજાને ભેટી ખૂબખૂબ રડી. લાંબા સમયે કલ્યાણીનું મન જરા હળવું થયું. એણે કહ્યું, "શાંતિનો પ્રશ્ન પણ મારા ઉપરાંત છે જ. એને પણ શારીરિક ઉપરાંત આત્મિક શાંતિની નિતાન્ત આવશ્યકતા છે, અને તે મારી પાસે સહાય મેળવવાની વ્યર્થ આશા રાખે છે. મારે ખુદને આત્મિક સહાયની જરૂર છે. હું જ કોઈ ઘાયલ પંખી છું. પરંતુ તારાથી અતિરિક્ત એવું કોઈ નથી, જેની પાસે મન ખુલ્લું કરું, હૈયાના બંધનો ખોલું."

"આજે મારી તબિયત બરોબર નથી." અનુરાધાએ કલ્યાણીના માથા ઉપર વત્સલ હાથ ફેરવતાં એ દુઃખપૂર્ણ સ્વરે કહ્યું. "પરંતુ મને એક યુક્તિ કે ઉપાય માલૂમ છે. મારે શુક્રવારે નાઈટડ્યૂટી નથી, અને શનિવારે ઑફ (છુટ્ટી) છે. જો ચા પીધા પછી તું સેવાકાર્યથી મુક્ત રહે તો આપણે સાથેસાથે રેચલમાસીને મળી આવીએ. એ ખૂબ વિદૂષી સ્ત્રી છે. તું એમને તારી સમસ્ત કથની નિઃસંકોચ કહી શકીશ, એ વિશ્વાસ સહિત કે તારો એકે શબ્દ બીજા કોઈ પાસે નહિ પહોંચે. એમની પાસે ઘણાં પોતાની વિપદ-કથાઓ લઈને જાય છે, તે આપણા શહેરના સ્વાસ્થ્ય કેન્દ્રનાં અધ્યક્ષ છે, અને તેમને ત્યાં બસમાં જતાં બહુ સમય નહિ લાગે."

"માસી પાછળ ખંડમાં રહે છે." ત્યાં જતાં અનુરાધાએ સમજાવ્યું, "પહેલાં તો આપણે જોઈ લઈએ કે તે કાર્યમાંથી મુક્ત થયાં છે કે કેમ?" દ્વાર ખુલ્લું હતું, પરંતુ દીવાનખંડ ખાલી હતો. "તું અહીં બેસ, હું જઈને તપાસ કરું."

કલ્યાણી આજ્ઞાંકિત શિશુની જેમ ખુરશી પર બેસી ગઈ. અનુરાધાની માસી હોવા છતાં પોતાના હૃદયનો બોજ એક બિલકુલ અપરિચિતા સમક્ષ ખોલવો પડશે એ વિચારથી તેના ઘૂંટણો ધ્રૂજવા લાગ્યા. તેની દૃષ્ટિ ખંડની ચારે બાજુ પડી. દીવાલો પર શિશુશિક્ષણ વિશે રંગરંગી ચાર્ટ હતા. ત્રણ સપ્તાહનું નારંગીરસ પીતું શિશુ; છ માસનું રોટલીનો ટુકડો ખાતું બાળક; સામે એક કાષ્ઠપ્રતિમા પર બાઈબલની એક કલમ સુંદર રીતે કોતરી હતી: 'ઓ શ્રમિતો અને બોજથી દબાઈ ગયેલાંઓ, તમે સહુ મારી પાસે આવો, અને હું તમને વિશ્રામ-વિસામો આપીશ.' કલ્યાણીને થયું આ તો બિલકુલ મને જ સ્પર્શે છે. હું બોજથી દબાઈ ગયેલી છું. હું થાકથી પરેશાન છું - હા, હું સ્વયં પોતાથી થાકી ગઈ છું. 'મારી પાસે આવો' એ શબ્દોમાં કોઈ વિલક્ષણ આકર્ષણબળ હતું.

બસ એ જ સમયે અનુરાધા ને રેચલમાસીએ કલ્યાણીને જોઈ - પોતાને માટે જીવંત સંદેશો લઈને આવેલા કાગળને પ્રસન્નતા ને હર્ષથી અપલક તાકતી, કાનમાં અનુરાધાનો અવાજ સાંભળી તે ચોંકી ગઈ.

"આ મારાં રેચલમાસી."

કલ્યાણી ફરી અને બિલકુલ સામે તેણે બે ભૂરાં નેત્રોમાં સાગરસમી વિશાળતા છલકાતી જોઈ.

"કલ્યાણી બેટા, તને મળીને મને ખૂબખૂબ આનંદ થયો." રેચલમાસીએ કહ્યું. "મારે આજનું થોડુંક કામ બાકી છે. ભગવાનનું એક જ વાક્ય હું તને આપું છું 'શોકાર્ત પરમસુખી છે તેમને આરામ

મળશે''' કહીને તેમણે બેઠકખંડનો માર્ગ દર્શાવ્યો.

કલ્યાણી અને અનુ બેઠકખંડમાં બેઠાં. થોડા જ સમયમાં રેચલમાસી આવ્યાં : કલ્યાણી સાથે તેમણે હૉસ્પિટલ અંગેની વાતો શરૂ કરી, વચમાં વચમાં પોતાના અનુભવો પણ વર્ણવતાં ગયાં.

"અનુરાધા, શું મેં તને મારા શિક્ષણકાળના કઠિન અને કટુ અનુભવો કહ્યા છે? હું મીડવાઈફનો કોર્સ કરતી પરિચારિકા હતી ત્યારની વાત છે. રાત્રિ સમયે પ્રત્યેક કાર્ય હોય તે કરતાં વધુ દુર્લભ અને મુશ્કેલ લાગેછે." કલ્યાણીને તે રાત્રિનું સ્મરણ થઈ આવ્યું જ્યારે તેનાથી ત્રણ થરમૉમિટર તૂટ્યાં હતાં. તેનું મસ્તક મૂક સંમતિમાં હાલ્યું. "મારી તો દિનસેવા હતી. પરંતુ સોંપેલું કાર્ય પૂર્ણ કરવા મને રાત્રિસેવા પણ સોંપાતી. ખબર નથી કે મોટાભાગનાં બાળકો રાત્રે જ આ ધરતી પર અવતરવાનું કેમ પસંદ કરે છે?" અને ત્રણે હસી પડ્યાં, થોડુંક વાતાવરણ હળવું થઈ ગયું. "અચ્છા, તો આગલી રાત્રે અકારણ ઘંટડી વાગી જતાં નિદ્રા કોણ જાણે ક્યાં કયા જંગલમાં પાંખો ફફડાવી અદ્રશ્ય થઈ ગઈ હતી! લગભગ પરોઢ સુધી હું જાગેલી. ત્રીજી રાત્રે અતીવ થાકને કારણે પાગલ જેવી બનેલી હું સ્વાગતકક્ષમાં હતી. એક પ્રસૂતાનું આગમન થયું, અને મારા રિપોર્ટના ઉત્તરમાં રાત્રિસેવાનર્સ તરફથી મને સંદેશો મળ્યો કે તે પોતે જ લેબરરૂમમાં (પ્રસૂતિ ખંડમાં) ઘણી વ્યસ્તછે. અને તેથી મારે જ તે પ્રસૂતાની સેવા ઉઠાવવી પડશે. પ્રસૂતાની તત્કાળ જરૂરિયાતોનો મને પૂરેપૂરો અનુભવ નહિ હોવાથી મેં પ્રસવસમયે સાધારણ તથા ઉપયોગમાં આવતી વસ્તુઓનો પૂર્વપ્રબંધ કરી અજ્ઞાનમાં પ્રતીક્ષા કરી, ત્યાં તો થોડી સમયની નોટિસ આપી શિશુરાજા સંસારમાં પધાર્યા. ગાંડા જેવી બની મેં ઘંટડી વગાડી અને ઓછા સમયમાં બરોબર સફાઈ કર્યા વગર, મેં પૂરાં સાધનો વિના બધું કામ જરૂરિયાત અનુસાર પૂરું કર્યું. ત્યાં તો સ્ટાફનર્સ ક્રોધ અને આવેશ

સહિત દોડી આવી અને ફૂંફાડો માર્યો, "મારી આજ્ઞાઓનો કેમ ભંગ કર્યો? હુકમો કેમ પાળ્યા નહિ?" મેં ધ્રૂજતાં જતાં કહ્યું, "હું એમ જ કરવા જતી હતી; મને ખબર નહોતી...મેં વિચાર્યું નહોતું...હું તો ઉપયોગી સાધનો ભેગાં કરતી હતી..." ક્રોધમૂર્તિએ મને સૂકી વાણીમાં કહ્યું, "આ તો હૉસ્પિટલના અને પરિચારિકાઓના શુભ નામ પર કલંક છે." મા અને નવજાત શિશુ બંને સ્વસ્થ હતાં, છતાં મને લાગ્યું કે કોઈ મારા શરીરની શિરાઓને ખેંચીખેંચીને તોડે છે!"

"એક કલાક પછી મને સેવાકાર્યમાંથી મુક્તિ મળી. મેં તો હજી વસ્ત્રો ઉતાર્યાં નહોતાં ત્યાં તો જાણે ખુદ અંધકાર બોલી ઊઠ્યો, 'નર્સ, જલદી ચાલો, રાત્રિસેવાસિસ્ટર તમને તરત બોલાવે છે.' મુખ્ય પરિચારિકા બે કલાકની વિશ્રાંતિ પછી ફરી કામ પર હાજર થયાં ત્યાં એમણે આ બધી દાસ્તાન સાંભળી. મેં જેમ તેમ વસ્ત્રો પુનઃપહેર્યાં, અને વૉર્ડમાં પાછી ફરી. રાત્રિસેવાસિસ્ટર મસ્તક પર સઘન રતૂમડા કેશવાળાં આઇરિશબાનુ હતાં; તેમણે મોટે અવાજે મારા અપરાધનું વર્ણન કર્યું. મેં ચિકિત્સાલયના નામ પર કલંકનો કાળો ડાઘ લગાડ્યો છે તેવું કહ્યું અને 'બધી વાત ચીફ મેટ્રનને પહોંચાડવામાં આવશે,' કહી મને છોડી. હું બિલકુલ નિરાશ બની ગઈ. ચારે તરફથી જાણે અંધકાર મને અજગરભરડો લઈ રહ્યો. બધી વસ્તુઓને છોડીને ક્યાંક દૂરદૂર ભાગી જવાની ઇચ્છાની વીજળી મનના આકાશમાં વારેવારે સળગી ઊઠતી. પણ, કેવળ એક વાતે મને રોકી લધી, કેવળ એક વાતે....."

"એ કઈ વાત હતી?" કલ્યાણીએ પૂછ્યું.

"કેવળ એક વાત કે મેં ઈસુ મસીહને મારું જીવન સમર્પિત કરી દીધું હતું. અને મને વિશ્વાસ હતો કે ઈસુ ચાહે છે કે હું નર્સનું શિક્ષણ તેમના નામને રોશન કરવા, મહિમા આપવા પૂર્ણ કરું. આપણા જેવાં

માટીનાં પાત્રોમાં ઈસુએ શ્રદ્ધાનો અમૂલ્ય ખજાનો રોપ્યો છે. મેં મારા ખેતરમાં હળ પર હાથ મૂક્યો હતો, અને પાછું વળી જવાનું મને સ્વીકાર્ય નહોતું. કેટલાક દિવસ સુધી હું ગભરાટમાં ઉચ્ચાધિકારીઓ તરફથી ક્યારે બોલાવાય તેની પ્રતીક્ષા કરતી હતી. પરંતુ કશુંય બન્યું નહિ, અને જીવનના દિવસો હંમેશાંની જેમ વહેતા રહ્યા."

કલ્યાણીએ ઊંડો શ્વાસ લીધો. અહીં કોઈક વ્યક્તિ એવી છે, જે નક્કી એની સમસ્યાઓને સમજી શકશે. જીવનની ભુલભુલામણીમાં એને સાચું માર્ગદર્શન આપી શકશે. એને લાગ્યું કે, ઇરાદાપૂર્વક રેચલમાસીએ પોતાના ભૂતકાળથી વાતનો આરંભ કર્યો હતો. ત્યાં જ માસીનો અવાજ સંભળાયોઃ "હવે તું તારી વાત કહે, બેટા! અને જો જરાય ગભરાતી નહિ. કદી ભૂલ ન જ કરે એવું તો કોઈ આ દુનિયામાં જનમતું જ નથી. દાઊદ ભક્ત પણ વિનીતભાવે કહે છેઃ

રેચલમાસીએ મીઠા સ્વરે ગાવા માંડ્યું

"મારા સૌ અપરાધો, મારા દોષો સૌ જાણું,
મારાં સૌ પાપોને મારી દૃષ્ટિમાં નિત આણું,
એક તમારી સામે, કીધું પાપ તમારી સામે,
કીધું મેં તમ દૃષ્ટિમાં જે નામ દુરિતનું પામે.
મારાં પાપ હણો તો થાઉં વ્હેતાં જળશો નિર્મળ,
શુદ્ધ કરો તો હિમ થકીયે થાઉં વધુ હું ઉજ્જવળ."

કલ્યાણીને ઘણું સાંત્વન મળ્યું. એણે ઊંડો શ્વાસ લીધો. ફરી એકવાર એની આંખોમાં અશ્રુમૌક્તિકો ચમકી ઊઠ્યાં. અંતે એણે સાહસ કરી કહેવા માંડ્યું, કશું જ છુપાવ્યું નહિ, કશું જ જૂઠું કહ્યું નહિ. એ કહેતી ગઈ, અનુરાધા અને રેચલમાસી એકધ્યાને સાંભળતાં ગયાં - આ સુંદર નવયૌવનાની પશ્ચાત્તાપભરી આંસુભીની કબૂલાત.

એ કેવી રીતે ચિત્રાની મીઠીમીઠી વાતોથી ભોળવાઈ ગઈ,

સિનેમાં જોવાની વાતમાં આવી ગઈ, હૉસ્પિટલ અને હૉસ્ટેલના નિયમોનો સુવાંગ ભંગ કરી બેઠી અને સિનેમાના ભસ્માસુરના પંજામાં ફસાઈ જઈ હૉટેલમાં પણ ગઈ અને ત્યાંથી થોડોક વિરોધ તો કરી બેઠી પરંતુ છેવટે રૂપનાં વખાણમાં આવી જઈ ડાન્સમાં જોડાવા પણ તૈયાર થઈ અને પછી વીજળીની બત્તીઓ અચાનક જ બુઝાવી નાખવામાં આવતાં અને એના પર રીતસરનું આક્રમણ થતાં એ કેવી રીતે બેભાન બની ગઈ - અત્યારે પણ જાણે એવી જ બેભાનાવસ્થામાં એ વાતો કહી રહી હતી. આખા રૂમમાં એનાં ડૂસકાં અને તૂટક તૂટક શબ્દો વિના બધુંયે જાણે સૂમસામ - શાન્ત બની ગયું હતું. એણે હૉસ્ટેલમાં એમણે કેવી રીતે લાંચ આપી પુનઃપ્રવેશ તે રાત્રિએ મેળવ્યો તેની પણ વાત કરી.

રેચલમાસી ઊઠ્યાં, ઘરમાં જઈ પાણીનો એક પ્યાલો લઈ આવી કલ્યાણીને તેમણે આપ્યો, કલ્યાણીએ પાણી પીધું.

"બેટા, આવા પ્રસંગો તો ઘણાંના જીવનમાં બને છે. મેં અગાઉ કહ્યું એમ માનવી માત્ર ભૂલને પાત્ર છે. હું તને કોઈ ઉપદેશ આપવા માંગતી નથી. માત્ર પેલી પતિત સ્ત્રી અને સંગેમરમરની કૂપીમાં રહેલા અત્તરની વાત હું તને યાદ દેવડાવવા માગું છે. પેલા પોતાને ન્યાયી અને ચઢિયાતા સમજતા ફરોશીના ઘરમાં પેલી પતિતાએ પોતાનાં આંસુથી ભગવાન ઈસુના પગ ધોયા અને તેણે પોતાના વાળથી લૂછી નાખ્યા. પછી એ પતિતાએ ભગવાનનાં ચરણો ચૂમીચૂમીને તેમને ભાવથી અત્તર લગાડ્યું, અને ભગવાને કહ્યું કે એનો ભર્યોભર્યો પ્રેમ પુરવાર કરે છે કે એનાં ઘણાં પાપોની માફી એને મળી ચૂકી છે. એટલે ભૂલ તો થાય, પશ્ચાત્તાપ, તેં કર્યો જ છે, એટલે હવે ત્યાં પૂર્ણવિરામ આવી ગયું છે, એમ માન. બેટા, હવે બીજું કશું કહેવાનું બાકી છે?"

કલ્યાણીને એકદમ રુગ્ણાલયમાંની શાંતિ યાદ આવી ગઈ. એણે

શાંતિનો ભૂતકાળ અને વર્તમાન યાદ કર્યા, અને પોતે કેવી નિ:સહાય બની ગઈ છે તે જણાવતાં કહ્યું, "હું એની કોઈ સહાય કરી શકતી નથી, શાંતિને સમભાવપૂર્ણ સક્રિય સહાયની જરૂર છે, તે આપ સમજી શકશો."

"તમારું કહેવું બરોબર છે." રેચલમાસીએ કહ્યું, "આમ્રફળની ખુશબોભરી મીઠાશનું વર્ણન એ જ કરી શકે જેણે એનો સ્વાદ લીધો હોય. કોઈ વ્યક્તિની આપણે સહાય કરી શકીએ તે પૂર્વે આપણે પોતે પ્રભુ ઈસુ મસીહને વ્યક્તિગતરૂપે ઓળખવા જોઈએ, સ્વીકારવા જોઈએ. એથી થોડો સમય આપણે શાંતિને છોડી દઈએ, તમારી આવશ્યકતાઓ પર ધ્યાન દઈએ, શું તમે બાઇબલ વાંચો છો?"

"જી, ના. હું કહી શકતી નથી કે હું બાઈબલ વાંચું છું." કલ્યાણીએ લજ્જિત થઈ સ્વીકાર કર્યો. "મારા માતપિતા અતિ સજ્જન, સીધાં અને શ્રદ્ધાળુ છે, પરંતુ એમણે અમને બાળકોને ધાર્મિક બનવાનું પ્રોત્સાહન આપ્યું નથી. મેં તો ઘણીવાર એમને એમ કહેતાં સાંભળ્યું છે કે 'ચોરી કરવી અને જૂઠું બોલવું એ પાપ છે,' તેથીસ્તો મને આ વાતનું અપાર દુઃખ થાય છે."

"ખૂબ સરસ. આ એક શુભારંભ છે." રેચલમાસીએ સ્મિત કર્યું, "પરંતુ માત્ર આરંભ જ છે, કારણ કે મનુષ્યપ્રવૃત્તિ અને પ્રકૃતિ એવી છે કે પરમેશ્વરની સહાય વિના આપણે આપણાં આદર્શો પ્રમાણે વર્તી શકતાં નથી."

"હું પ્રયત્ન તો અવશ્ય કરું છું." કલ્યાણીએ ઉત્તર આપ્યો.

"તમારા રોગીઓ સ્વસ્થ બનવાના પ્રયત્નો તો કરી શકે છે, પરંતુ એ જો સમજદાર હોય તો એમના પ્રયત્નો રોગચિકિત્સક કે ડૉક્ટરના સહયોગનું રૂપ ધારણ કરી શકે. પોતાના આત્મિક સ્વાસ્થ્ય માટે તમે પરમેશ્વર દ્વારા નક્કી થયેલા પ્રબંધોમાં અને નિયમોમાં તેમને

સાથ આપો. જ્યારે પ્રભુ ઈસુએ ક્રૂસ પર લાખો વીંછીના એકસામટા ડંખ જેવી મૃત્યુની કાળીકાળી વેદના સહન કરી ત્યારે તેમણે આપણાં પાપોનો દંડ ચૂકવી દીધો." રેચલમાસીએ એક હાથ દૂર મૂકેલું બાઈબલ ઉઠાવ્યું, બાઈબલમાં પૃષ્ઠો અતિવાચનથી જીર્ણશીર્ણ થઈ ગયાં હતાં, અને કલ્યાણીએ નિહાળ્યું કે કેટલી બધી આદરવૃત્તિ અને સાવધાનીથી તેમણે પવિત્ર ગ્રંથ ઉઘાડ્યો. જે પૃષ્ઠ તે શોધતાં હતા તે મળ્યું ત્યારે તેમણે કલ્યાણીના હાથમાં શુભસંદેશ મૂકતાં કહ્યું, "કૃપા કરી તમે જ વાંચો."

"ક્રૂસ પર તેણે પોતે પોતાના શરીરમાં આપણાં પાપ માથે લીધાં, જેથી આપણે પાપો સંબંધી મૃત્યુ પામીને ન્યાયીપણા સંબંધી જીવીએ; તેના ઘાથી તમે સાજા થયા." (પીતરનો પ્રથમપત્ર - ૨:૨૪)

"અને આ કલમ વાંચો," રેચલમાસીએ પૃષ્ઠ બદલતાં કહ્યું, "(યોહાનનો પ્રથમપત્ર - ૧:૯) જો આપણે આપણાં પાપ કબૂલ કરીએ, તો આપણાં પાપ માફ કરવાને તથા આપણને સર્વ અન્યાયથી શુદ્ધ કરવાને તે વિશ્વાસુ તથા ન્યાયી છે."

"હવે તમે સમજ્યાં હશો કે આ તો વ્યક્તિગત વિષયછે. કદાચ, સમસ્ત જનતા જે પોતાને મસીહી કે ખ્રિસ્તી કહે છે તે શુભસંદેશની કથાથી સુપરિચિતછે; પરંતુ વ્યક્તિગતરૂપથી બહુ થોડા લોકો મસીહને નિજી મુક્તિદાતા અને પ્રભુ તરીકે ઓળખે છે. નવો જન્મ મેળવવો અને યથાર્થ કે સાચા મસીહી બનવું ત્યારે જ સંભવિત બને, જ્યારે આપણે તેની આવશ્યકતાઓનો અનુભવ કરીએ, પોતાનાં પાપનો પ્રભુ સમક્ષ ઊંડો અને સાચો પશ્ચાત્તાપ કરીએ, કહો કે હૃદય-ખેતરમાં પસ્તાવાનો અગ્નિ પેટાવી નકામું બાળી નાંખીએ, અને આપણે બદલે ક્રૂસ પર બલિ થવા બદલ, પ્રાણ આપવા બદલ ઈસુનો આભાર માની, આપણાં રોપણી માટે તૈયાર હૃદયો ઉઘાડીને તેમનું જીવન ગ્રહણ કરીએ,

શુભસંદેશને હૃદયોમાં વાવીએ, આપણી સંકુચિતતાઓમાં તેમની વિશાળતાને, અનંતતાને વિસ્તારીએ."

"આપણે તો જન્મથી જ મસીહી છીએ." અનુરાધાએ વચમાં જ વિસ્મિત થઈને કહ્યું.

"સાચે જ, પણ તેનાથી તો તમારું ઉત્તરદાયિત્વ વધે છે. તમારી પાસે શુભસંદેશ છે, અને સત્ય વચનો સાંભળવાનો સુઅવસર પણ છે. હવે કૃપા કરી યોહાનના શુભસંદેશમાંની ત્રીજા અધ્યાયની બીજી અને સાતમી કલમો જુઓ. તમે જોશો કે પ્રભુ ઈસુએ પોતે જ આ કહ્યું છે, "તમારે નવો જન્મ લેવો આવશ્યક છે."

"પરંતુ કેવી રીતે?"

"એનો ઉત્તર પણ એ જ પુસ્તકમાં છે. પ્રથમ અધ્યાયની બારમી કલમ જુઓ. કલ્યાણી, શું તમે વાંચશો?"

કલ્યાણીએ ઉત્સુકપણે બાઈબલ લીધું અને વાંચ્યું, "પણ જેટલાંએ તેમનો અંગીકાર કર્યો, એટલે જેટલાં તેમના નામ પર વિશ્વાસ કરે છે, તેટલાંને તેમણે દેવનાં સંતાનો થવાનો અધિકાર આપ્યો."

"હવે મને થોડુંથોડું સમજાય છે. શું હું આ કલમોને નોંધી લઉં? હું મારું બાઈબલ પેટીને તળિયેથી બહાર કાઢીશ. મને સ્કૂલમાં પારિતોષિક તરીકે પ્રાપ્ત થયેલું. હું એ કલમોને તેમાંથી વાંચીશ."

"અવશ્ય કલ્યાણી, અને સાથેસાથે જ પરમેશ્વરની પ્રાર્થના કરજો કે તે પોતાના પવિત્ર આત્મા દ્વારા તમને એવો પ્રકાશ આપે, માર્ગદર્શન આપે, કે તમે આ વાતોને યોગ્ય રીતે, યથાર્થતાથી સમજી શકો. હવે શાંતિ વિષે-શું એને મળી શકાય એમ છે?"

"મને ખબર નથી, પરંતુ તેનું નામ જોખમી કેસોની યાદીમાં છે."

"શક્ય છે કે હૉસ્પિટલના સત્તાધીશો મને શાંતિને મળવાની

અનુમતિ આપશે." રેચલમાસીએ સ્મિત કરતાં કહ્યું, "હું કાલે સાંજે નક્કી કરેલા સમય પર જાતે આવી શાંતિને મળીશ."

"ઓહ! આપનો આભાર." કલ્યાણીના નેત્રો પુલકિત થઈ ચમકી ઊઠ્યાં. "અને મારા કસોટીકાળે આ બધી સાંત્વનભરી, રસભરી વાતો કહેવા માટે પણ ધન્યવાદ. હું જાણું છું કે આ બધાં પ્રસંગકથનો મને સહાય આપશે. પરંતુ મારે વાંચીને વિચાર કરવો પડશે. અનુરાધા શું આપણે ઊઠીશું?"

"ના, તમે બંને મહેમાનો જમો નહિ ત્યાંસુધી જવાની રજા ક્યાંથી?" રેચલમાસીએ કહ્યું, "હવે, તમે બંને જરા મદદે આવી જાઓ તો ચપટી વગાડતામાં તો ભોજન તૈયાર. કામવાળી હમણાં જ કામ કરીને ગઈ છે."

"ઓહ! અતિ સુંદર!" અનુરાધાએ પ્રસન્ન થઈ તાળીઓ પાડી. "માસી, આપનો ખૂબખૂબ આભાર." બંને યુવતી પારેવાંના ઉડ્ડયનની જેમ ઝડપથી સ્ફૂર્તિથી કામમાં મચી પડી.

બધાં છૂટાં પડ્યાં તે પહેલાં માસીએ તે બંને માટે અને શાંતિ માટે પ્રાર્થના કરી. આમ હૃદયોમાં ચેન ભરી બંનેએ હૉસ્પિટલ પ્રતિ કદમ ઉપાડ્યાં. બંને હજુ તો ચિકિત્સાલયની સીડી સમક્ષ પહોંચી ત્યાં તો કલ્યાણી થંભી ગઈ; "પરંતુ અનુ," એણે ભારે હૃદયે કહ્યું, "માસીથી રજિસ્ટરમાં બેનામી સહીની વાત તો વીસરાઈ ગઈ."

અનુરાધા હસી, "મેં કહ્યું જ છે એ બધા માટે રેચલમાસી ઘણી યોગ્ય છે. મને લાગે છે કે એમને વિશ્વાસ છે કે અવસર આવશે ત્યારે ઈશ્વર પોતે તારે શું કરવું ઉચિત છે તે પ્રગટ કરશે."

"હું સમજી ગઈ," કલ્યાણીએ વિચારમગ્ન ચહેરે ઉત્તર આપ્યો.

# ૫

બીજે દિવસે સાંજે કલ્યાણીએ રેચલમાસીને શાંતિના પલંગ પાસે એના દુર્બળ હાથ પોતાના હાથમાં લઈને બેઠેલાં જોયાં. શાંતિ એમની સાથે ધીરેધીરે વાતો કરતી હતી. એ દૃશ્યથી તેને આત્મિક હર્ષ અને સંતોષ પ્રાપ્ત થયાં. એ શાંતિના ઉત્સુક નેત્રોને જોઈ રહી. એ આંખો સમીપ બેઠેલ વ્યક્તિના મુખ પ્રતિ આશા અને આશયેશથી જોઈ રહી હતી. એણે પોતાની જાતને ઠીકઠીક અંતરે રાખી, જેથી મુલાકાતમાં કોઈ પ્રકારનું વિઘ્ન ન આવે. જ્યારે એ બીજા દર્દીઓની સેવામાં ઓતપ્રોત હતી ત્યારે રેચલમાસીનું એ વૉર્ડમાંથી પ્રસ્થાન થઈ ચૂક્યું હતું.

બીજી સવારે શાંતિના પલંગ પાસે જતાં જ એના મુખ પરનું પરિવર્તન દેખાયું. હવે ત્યાં ચિંતાનાં ચિહ્નો નહોતાં. "નર્સ, કૃપા કરી મારા ઓસીકા નીચેનું કાર્ડ મને વાંચી સંભળાવો." તેણે મંદ અવાજે કહ્યું. કલ્યાણીએ કાર્ડ બહાર કાઢ્યું. એ રંગીન કાર્ડમાં એક ભરવાડ દુર્ગમ પહાડો પર ગીચ ઝાડીમાં ફસાયેલા એક બાળઘેટાને મદદ કરવા નીચે ઝૂક્યો છે, અને બીજી બાજુ મહારાજા દાઊદનું સુખ્યાત ગીત છેઃ

"ઈશ્વર મારો મેષપાલ છે, તેથી મને કશી ખોટ નથી." કલ્યાણીએ વાંચ્યું.

"મારો મેષપાલ છે," શાંતિએ દીર્ઘ નિઃશ્વાસ નાખ્યો.

"જોકે મરણનીછાયાની ખીણમાં હું ચાલું, તોયે હું કંઈ ભૂંડાઈથી હાનિથી ડરીશ નહિ; કેમ કે, તું મારી સાથે છે."

"તું મારી સાથે છે," રોગી યુવતીએ પડઘો પાડ્યો. "નર્સ, હવે અંધકાર નથી, અંધકારની ખીણો નથી, મૃત્યુની દુર્ઘટનાની કાળાશ

નથી. કારણ, ભગવાન ઈસુ મારા પાળક છે."

કલ્યાણીનાં નેત્રોમાં હર્ષ અને કૃતજ્ઞતાનાં આંસુ ઊભરાઈ આવ્યાં, પણ તેણે તે ઝડપથી લૂછી નાંખ્યાં. શાંતિને મળેલી શાંતિ એ તો સાચે જ આશ્ચર્યજનક વાત હતી. કામની ભારે ધમાલને કારણે એની પાસે સમય ખૂબ ઓછો હતો, નહિ તો એ વધુ પ્રકાશ વેરી શકત; પરંતુ આત્મિક પ્રસન્નતા અને ફરી મળવાની ઉત્કંઠાને કારણે એણે બધાં કાર્યો ઝડપથી પૂરાં કર્યાં.

"શું તેં એક તાજા ખબર સાંભળ્યા?" પરિચારિકાઓના ભોજનાલયમાં દાળભાત જમતાં રૂથ રોકાઈ ગઈ.

"શી ખબર છે?" ચિત્રાએ ઉત્તેજનાથી પૂછયું.

આભાએ વચમાં કૂદી પડતાં કહ્યું, "હા, મને ખબરછે. યથાર્થમાં તો હું અગાઉથી જાણતી હતી, પરંતુ અત્યાર સુધી તમારામાંથી કોઈને એ વિષયમાં કહેવાની ચિંતા મેં કરી નહોતી."

"અચ્છા, આખરે આ ગુપ્ત રહસ્યછે શું?" શાલિનીએ અધીરી થઈ જતાં પૂછયું. એને ભેદરભરમની વાતો પ્રતિ ઘૃણા હતી.

"એક નવા હાઉસસર્જન આવ્યા છે. તરુણ અને સુંદર, કદાચ unmarried!" આભાએ સિસકારો બોલાવી ઉત્તર આપ્યો. બધી નર્સોના કોળિયા અદ્ધર રહી ગયા.

રૂથે વિચાર કર્યો કે એણે જ પહેલેથી કહી દીધું હોત તો સારું થાત. આભા ચીઢિયા સ્વભાવની હતી. વાતવાતમાં રિસાઈ જતી ને પોતાનો જ કક્કો ખરો કરતી.

"શું તેં તેમને જોયા છે?" ચિત્રાએ ઉત્સુકતાથી પૂછયું.

"હા, મેં એમને જોયા છે. એ ટેક્સીમાંથી ઊતર્યા ત્યારે હું છજામાં જ હતી, અને એમણે જ મને મેટ્રનના કક્ષનો માર્ગ પૂછયો હતો."

ચિત્રાએ પોતાની સાહેલી તરફ ઈર્ષ્યાની દૃષ્ટિથી જોયું "તું એ જ સ્થળે હાજર હતી તો એ વિશે વધુ કંઈ જણાવ. જો કોઈને ઑપરેશનકાર્યમાં રસ હોય તો અમે તેમની સહાય કરી શકીએ."

પ્રત્યેકનું ધ્યાન તેના જ તરફ કેન્દ્રિત થયું છે તે જોઈને આભા પોતાના હૃદયમાં એક વિચિત્ર આનંદ અને ગર્વનો અનુભવ કરતી હતી. તેણે ચિકિત્સાલયના નવા સભ્યનું લંબાણથી વર્ણન કર્યું. તેમનું હૃષ્ટપુષ્ટ શરીર, ચમકતો ચહેરો, ભોળી આંખો, ચિત્તની પ્રસન્નતા વગેરેનો આંખેદેખ્યો અહેવાલ આપ્યો, અને કહ્યું "એમનું નામ છે ડૉક્ટર ડેવિડ મનોહર."

પોતાના જ વિચારોમાં મગ્ન હોવાને કારણે કલ્યાણી કશું સાંભળી શકતી નહોતી, પરંતુ અનુરાધા આ સમાચારની પ્રત્યેક પંક્તિ અને શબ્દ ઉત્સુક્તાપૂર્વક સાંભળતી હતી - પીતી હતી.

"મને એ સાંભળીને ખુશી ઊપજી છે કે તે પ્રસન્ન ચિત્તના છે. ઑપરેશન વિભાગમાં જે ખેંચાખેંચી અને તંગદિલી પ્રવર્તેછે તેને કદાચ એ દૂર કરી શકશે. ડૉક્ટર મેનન તો પોતાની નાનીનાની આજ્ઞાની અવહેલના થતી જોઈ ભારે કોપિત થઈ આગઆગ થઈ જાય છે. અને સિસ્ટર સાથે એવા આકસ્મિક ઢંગથી વાત કરશે કે સ્ટાફનર્સ આપણા પર કોપિત થઈ ઊઠે."

અનુરાધા ધૈર્યશીલ અને શાંતિપ્રિય સ્વભાવને કારણે એ બીજાના સ્વભાવ અને પ્રકૃતિનું સારી રીતે અવલોકન કરી શકતી. તદ્ઉપરાંત, એ સદૈવ સુમેળ અને શાંતિપૂર્ણ વાતાવરણની હાર્દિક ઇચ્છા પણ રાખતી. બીજે દિવસે સવારે પોતાની દૃષ્ટિથી નવાગંતુકને નિહાળી એને પ્રસન્નતા અને સંતોષ ઊપજ્યાં, અને તેને લાગ્યું કે સાચે જ તે આનંદી નવયુવક છે; પરંતુ આભા જે વસ્તુઓનું સપાટી પરથી જ નિરીક્ષણ કરતી હતી તેની તુલનામાં વિશેષ ઊંડાણથી જોયું. તેણે તેમનું

સુદઢ, સુડોળ શરીર, ગંભીર અને વિશાળ નેત્રો, વિદ્વત્તા ચમકાવતું મસ્તક અને સ્ફૂર્તિલી ચાલ - આ બધાનું બારીક અવલોકન કર્યું. નિઃસંદેહ નવા ડૉક્ટર ઉત્તમ ચારિત્ર્યવાન અને વિદ્વાન લાગ્યા.

કલ્યાણીને વળી તેમનો પરિચય આશ્ચર્યજનક રીતે થયો. દર્દીઓએ હમણાં જ બપોરની ચા પી લીધી હતી, અને કલ્યાણી પ્યાલારકાબી વગેરે એકત્ર કરી ઝડપથી વૉર્ડની બહાર જઈ રહી હતી, ત્યાં જ એક રોગીની પરીક્ષા કરી ડૉક્ટર ડેવિડ મનોહર ઓચિંતા જ એક પડદા પાછળથી નીકળ્યાં. એમના અચાનક પાછા આવવાથી જે દુર્ઘટના ઘટી તે તો અનિવાર્ય હતી. નર્સના હાથમાંથી ટ્રે ઊછળી પડી, અને ચાનાં વાસણો ફર્શ પર પડીને તેમના ટુકડેટુકડા થઈ ગયા.

"મને ક્ષમા કરી દો," કલ્યાણીએ થોથવાતાં કહ્યું.

"ઓ મૂર્ખ છોકરી! ક્યાં જાય છે તે જોઈને કેમ નથી ચાલતી? આંખો ફૂટી ગઈ છે?" પડદાની પાછળથી બહાર નીકળતાં સિસ્ટર સુરૈયાએ વિસ્મય અને ક્રોધથી કહ્યું. આમ તો એ દયાળુ બહેન હતાં, પણ આ વૉર્ડમાં પોતાની કાર્યકુશળતાનો પરિચય કરાવી એ નવા ડૉક્ટરને પ્રભાવિત કરવાની ચિંતામાં હતી. અને એને આ દુર્ઘટનાથી ઘણી નિરાશા ઊપજી હતી.

"સિસ્ટર, હું હૃદયપૂર્વક દિલગીરી જાહેર કરું છું. મેં.....મેં ડૉક્ટરને બિલકુલ જોયા નહોતા." શરમથી પોતાનું મુખ ઢાંકી દઈ કલ્યાણી કાચનો ભંગાર ઉઠાવવા નીચે નમી.

"સિસ્ટર, સાચું કહું તો મારે જ ક્ષમા માંગવી જોઈએ." ડૉક્ટર ડેવિડ મનોહરે દુઃખિત હૃદયથી કહ્યું : "હું જ અણધારી ઝડપથી નર્સના માર્ગમાં આવી ગયો હતો, મને માફ કરો, નર્સ." તે તો પોતાના વિચારો વ્યક્ત કરતા હતા, ત્યારે કલ્યાણી ફર્શની સ્વચ્છતામાં મશગૂલ હતી. "આ ચિકિત્સાલયનો શો નિયમ છે? હું અનુમાન કરું છું કે વસ્તુઓની

તોડફોડ માટે જવાબદાર વ્યક્તિએ તેની કિંમત ભરપાઈ કરી આપવી જોઈએ. તમે કૃપા કરી હિસાબ લગાવી મને મોકલી આપશો."

કલ્યાણીએ આનંદપૂર્ણ તથા આશ્ચર્યભરપૂર દૃષ્ટિએ ઉપર જોયું. અને તેની આંખો ડૉક્ટર મનોહરની આંખો સાથે મૃદુતાથી ટકરાઈ. ડૉક્ટર તો બિલકુલ યુવાન અને થોડા શરમિંદા દેખાયા, પરંતુ એમની આંખોએ નર્સની આંખોમાં આપત્તિનિવારણથી ચમકી ઊઠેલી હર્ષ અને કૃતજ્ઞતાની ભાવનાઓની લિપિ ઉકેલી, અને તેમના મુખ પર સ્મિત ફરકી રહ્યું.

"લોકો કહેછે કે સર્વોત્તમ વૉર્ડ કે કાર્યવિભાગોમાં પણ અકસ્માતો સર્જાઈ શકેછે. નર્સ, ચાલો, આપણે બીજા દર્દીઓને તપાસી લઈએ."

એની ઘવાયેલી લાગણીઓને સાંત્વન મળ્યું. સિસ્ટર સુરૈયાએ એક બીજા રોગીના બિછાના પ્રતિ આંગળી ચીંધી.

આ બધો વાર્તાલાપ જાસૂસી કાન માંડીને સાંભળી રહેલી આભાએ અવસર મળતાં જ કલ્યાણીને એ અંગે પૂછ્યું. કલ્યાણીએ ખૂબ ટૂંકો ઉત્તર આપી પ્રશ્ન ટાળી દીધો, પરંતુ એનું હૃદયસરોવર તો યુવાન ડૉક્ટર દ્વારા બતાવાયેલી સહાનુભૂતિનાં વર્ષાજળથી પ્રફુલ્લિત બની છલકાઈ-લહેરાઈ રહ્યું હતું. ડૉક્ટરની નિઃસ્વાર્થતા અને પરિસ્થિતિને સંભાળી લેવાની કાબેલિયતને પરિણામે કલ્યાણી એક વિકટ સમસ્યામાંથી ઊગરી ગઈ હતી. ભાંગફોડને કારણે એક બીજી ફરિયાદ ઊભી થઈ હોત તો.....એનું હૃદય વારેવારે થડકો ચૂકી જતું હતું.

એ રેચલમાસીએ સૂચવેલી કલમો વાંચવા લાગી, અધ્યયન કરવા લાગી. છતાં હજુ બધું સમજાતું નહોતું, હૃદયના અભ્યંતરમાં હજુયે ભય ડોકાયા કરતો હતો.

કલ્યાણી કાર્યવિભાગનું કામ પૂર્ણ થાય તે પહેલાં શાંતિને મળવા

ગઈ. એના નિસ્તેજ ચહેરા પર હવે મોટું પરિવર્તન આવી ગયું હતું, અને પહેલાંની અપેક્ષાએ તે વધુ સુંદર દેખાતી હતી.

"નમસ્કાર, પ્રિય નર્સ." કલ્યાણીને એની ક્ષીણ વાણી સાંભળવા નીચે જવું પડ્યું.

"ઈસુ મારો ઘેટાંપાળ હું તેના ગુણ ગાઉં છું,
નાનું તેનું બચ્ચું તેની પાછળ જાઉં છું."

એ જ રાત્રે ભલા ભરવાડે તેના અનંત ભુજોમાં પોતાના ભૂલા પડેલા ઘેટાને ઊંચકી લીધું. પ્રેમાળ બાહુઓમાં સમાવી લીધું. નિદ્રામાં જ શાંતિએ મરણની અંધકારમય, દુઃખપૂર્ણ ખીણ પસાર કરી; અને તેના મુખ પર પ્રકાશની લકીર ચમકી ઊઠી, કારણ કે તેને માટે સુખ, શાંતિ અને આનંદનું સુવર્ણપ્રભાત ઊગી ચૂક્યું હતું.

આ યુવતીના ચિરવિરહથી કલ્યાણીને હૃદયમાં અપાર દુઃખ થયું, તેની આંખોમાં જાણે આંસુના ઓઘ ઊછળી રહ્યા, પણ હૃદયમાં આનંદ અને આભારની ભાવનાઓ પણ હતી જ. "હું કંઈપણ હાનિથી બીશ નહિ." ધીરે અવાજે બોલાયેલા શબ્દો કલ્યાણીના કાનમાં વારેવારે ગુંજ્યા કરતા હતા, ઘૂમરાયા કરતા હતા. કદાચ, એ એના અંતરની જ વાણી હતી.

તેથીસ્તો, એક રાત્રે એ ઘૂંટણો પર નમી. "પરમપિતા, તમે મારો ડર દૂર કરો. હું મારા બધા જ અપરાધ કબૂલ કરું છું. મને તમારી જ જરૂર છે. મને ક્ષમા આપો. મારા અપરાધોને રક્તમાં ધોઈને મને શુદ્ધ કરો. તમે કહ્યું, કે 'આવ, અને હું આવી છું.' પાસે જ ખુલ્લા પડેલા બાઈબલ પર એણે ટોર્ચનો પ્રકાશ ફેંક્યો - 'જે કોઈ મારી પાસે આવશે તેને હું કદી કાઢી મૂકીશ નહિ.'"

તેના હૃદયમાં અદ્ભૂત અને અવર્ણનીય શાંતિ છવાઈ ગઈ. એણે મૃદુતાથી પોકાર્યું : "ઈસુ, મારા પાળક." એના હૃદયમાં શ્રદ્ધા, શાંતિ અને હર્ષની સરવાણીઓ ફૂટી રહી.

# ૬

"તેં આજે સવારે નોટિસબોર્ડ જોયું ?"

"ના, રૂથ, શું કોઈ આનંદદાયક જાહેરાત છે ?" કલ્યાણીએ પ્રશ્ન કર્યો.

"ઓહ! ધાર્મિકો કે ભક્તજનો માટે ખૂબ ગમતી વાત છે." પાસે થઈને ઠેલણગાડી લઈને જતી આભાએ વ્યંગમાં કહ્યું. "એવી સૂચનાઓ હૉસ્પિટલમાં નોટિસબોર્ડ પર મુકાતી નથી; જરૂર કોઈ ધર્મોન્મત્ત વ્યક્તિ કર્મચારીઓમાં ઘૂસી ગઈ લાગે છે!"

"કેમ? કયા વિષયની જાહેરાત છે?" કલ્યાણીએ રૂથને પૂછયું.

"મુખ્ય પ્રવેશખંડમાં કોઈ સભાઓની જાહેરાત કરતો એક સૂચનાપત્ર ચોંટાડ્યો છે. શીર્ષક છે - 'દિલ્હી માટે ખ્રિસ્ત.' તું જાતે દષ્ટિ નાંખી વિસ્તૃત માહિતી મેળવી લેજે."

બપોરના ભોજનસમયે કલ્યાણી મુખ્ય ખંડમાં ગઈ. સાચેસાચ ત્યાં એક સૂચનાપત્ર ચોંટાડ્યો હતો. એણે ધ્યાનપૂર્વક વાંચ્યું. ઘણા વક્તાઓનાં નામ સૂચીપત્ર પર હતાં. પરંતુ એ બધા એને અપરિચિત લાગ્યા. હા, એ કોઈ વિસ્મયકારક વાત નહોતી, કારણ કે તે ભાગ્યે જ રવિવારની આરાધના માટે ચર્ચમાં જતી. અને અન્ય સભાઓ તે ગમે તેટલી વિશેષ કે આધ્યાત્મિક હોય, તે ક્યારેય ગઈ નહોતી. પરંતુ સૂચનાપત્ર પર લખેલા એક સંદેશવાક્યથી તે અતિ પ્રભાવિત થઈ. લખ્યું હતું, "પ્રભુ ઈસુએ કહ્યું છે, હે બધાં શ્રમિતો અને બોજથી દબાયેલાંઓ, તમે સઘળાં મારી પાસે આવો, અને હું તમને વિસામો આપીશ."

"મારી વિશેષ કલમ - કેમ છપાઈ હશે,"... એણે વિચાર્યું.

"ખેર, આ સભાઓમાંથી અમુકમાં તો હું જઈશ." આ વિચારમાં મગ્ન બની તે અનુરાધાને ખોળવા નીકળી. તે મળી ત્યારે તેના હાથમાં એક પરબીડિયું હતું.

"રેચલમાસીએ આજે સવારે એક પત્ર સાથે અમુક વિજ્ઞાપન પત્રિકાઓ મોકલીછે, જો" કલ્યાણીએ પત્રિકા વાંચવા લીધી. "આમાં તો સૂચનાપત્ર સિવાય વિશેષ કશું નથી. સભાઓ આવતા શુક્રવારથી દરરોજ સાંજે છ વાગ્યે શરૂ થશે."

"આપણે સાથે જઈશું. કદાચ રૂથ પણ આવે."

અનુએ સમર્થન આપતાં કહ્યું, "કદાચ કરુણા પણ.....આભા, ચિત્રા અને તેમની ટોળીને આ વિષયમાં કંઈ કહેવું તે વ્યર્થ જશે."

"સાચે જ. કારણ કે આભા તો પહેલેથી જ કહે છે કે, 'આ જરૂર કોઈ નવા પેઠેલા ધર્માંધ માણસનું કામ છે. નહિતર આવી જાહેરાતો અગાઉ લગાડવામાં આવતી નહોતી.'"

"ઓહ, એમ છે? બાકી આભા ખુદ અમુક વિષયોમાં ઉન્મત્ત છે."

"વિશેષ કરીને ડૉક્ટર મનોહરના વિષયમાં," અનુરાધા હસી પડી. "જે રીતે એ ડૉક્ટરનું ધ્યાન પોતાના પ્રત્યે આકર્ષવા ચેનચાળા કરે છે તે કેટલા અક્કલહીન અને હાસ્યાસ્પદ લાગે છે! હંમેશાં દ્વાર ખોલવા અને વસ્તુઓ લઈ આવવા તે કેવી પતંગિયા જેવી દોડાદોડ કરે છે! રોજરોજ નવી રીતે વાળ ઓળવા, મેકઅપ કરવો! મને તો આશ્ચર્ય એ વાતનું થાય છે કે સિસ્ટર સુરૈયા કેમ એને ટકોરતી નથી?"

"હા, ખરેખર તો ડૉક્ટર એના પ્રત્યે લક્ષ આપતા નથી. સમય આવ્યે એ પોતાની વ્યર્થ ચેષ્ટાઓથી ઉબાઈ જશે."

"અચ્છા. એ અહીં આવ્યા તેથી હું તો પ્રસન્ન છું. તે આવે છે અને શાંતિ તથા આનંદનાં સુવર્ણકિરણો રેલાઈ રહે છે, એટલે સુધી કે

બંને પગે પ્લાસ્ટર લગાડેલી પેલી ટંટાખોર સ્ત્રી પણ એમને જોઈ આનંદથી ચિલ્લાઈ ઊઠે છે - બિચારી! આ રીતે એક જ સ્થાન પર સ્થિર રહેવું એ કેટલું દુઃખદાયક હશે? જો મારી કમ્મર કે પગ તૂટે તો તો હું પાગલ થઈ જાઉં!"

"અને મારે તારી સેવા-શુશ્રૂષા કરવી પડે તો હું પણ પાગલ થઈ જાઉં!" અનુરાધા કલ્યાણીને ચીઢવવા બોલી.

એ જ સાંજે જ્યારે ડૉ. ડેવિડ મનોહર લગભગ બધું જ કાર્ય સમાપ્ત કરી ચૂક્યા હતા ત્યારે કલ્યાણીએ સિસ્ટર સુરૈયાને એમ કહેતાં સાંભળ્યું : "શું આપ ભવાનીબહેન માટે નિદ્રાની ઔષધિ લખવાનું ભૂલી ગયા છો!"

"ના, સિસ્ટર, હું ભૂલી ગયો નથી." પાસે જ એક બિછાના ઉપર એક રોગીને તપાસતાં ડૉક્ટરે ઉત્તર આપતાં કહ્યું, "હવે મને લાગે છે કે ઔષધિ વગર જ રહે તો ચાલે. હવે દુઃખાવો પણ એટલો બધો નથી. અને રોજ ઊંઘની ગોળીઓ લેવાની ટેવ પડી જાય તે પણ સારું નથી."

"પરંતુ તો તો એ તોફાન કરશે. ઉહાપોહ મચાવશે." સિસ્ટરે વિરોધ કર્યો.

"ખૂબ સરસ. તો તો હું ભારે કડવી દવા આપીશ ને તોફાન કરવાની તેની આદતનો ઉપચાર કરીશ!" એવું કહીને ડૉક્ટરે એક દવા લખી દીધી.

સિસ્ટર સુરૈયાએ વાંચ્યું : "ઓહ ડૉક્ટર," એમણે આશ્ચર્ય પ્રગટ કર્યું : "પૈરાલ્ડીહાઈડ! એનો સ્વાદ તો ભારે અરુચિકર છે. શું આપ સાચેસાચ બિચારી સ્ત્રીને આ બેસ્વાદ ઔષધિ પિવડાવવા માગો છો?"

"હા જી. હું ઇચ્છું છું કે એમને પિવડાવવામાં આવે, વાસ્તવમાં તો એનો સ્વાદ એટલો બધો ખરાબ નથી જ. સત્ય તો એ છે કે અતિ

શ્રમિત એવા મને પણ ઘેરી ઊંઘની જરૂર છે, એથી તો હું પણ કશુંક પીવા માગું છું. આશા છે કે તેનાથી રાત્રિ આરામદાયક બની રહેશે. અત્યારે તો કોઈ વધુ બીમાર નથી. અને આશા છે કે કોઈ ઈમરજન્સી કેસ પણ નહિ આવે! મને પણ એક ડ્રામ માપીને આપો."

સિસ્ટર સુરૈયા હસી પડ્યાં, "સારું, ડૉક્ટર!"

ત્યારે આભા જે પતંગિયાની જેમ ત્યાં જ ચક્કર-ચક્કર ઘૂમ્યા કરતી હતી તેને સિસ્ટરે કહ્યું, "નર્સ, મને પૈરાલ્ડીહાઈડ લાવી આપો."

આભા ઝડપથી દવાઓના કબાટમાંથી કાળા રંગની એક નાની બાટલી લઈ આવી: "આ રહી સિસ્ટર."

સિસ્ટરે બાટલી ઉપર એક ઊડતી નજર ફેંકીને કહ્યું : "એક ડ્રામ દવા માપીને ડૉક્ટરને આપો."

આભાએ મનોમન ગર્વ અનુભવતાં ડૉક્ટર મનોહરને ગ્લાસમાં દવા રેડી આપી. તે હસીને ગ્લાસમાંનું પ્રવાહી ગટગટાવી ગયા.

કલ્યાણીએ સહસા એક ભયંકર ગડગડાટ - ગળામાંથી આવેલો ચિત્કાર સાંભળ્યો, અને પાછું ફરીને જોતાં ડૉક્ટર મનોહરને અર્ધમૂર્છિત બની, લથડિયાં ખાતા જમીન પર ધીમેથી ઢળી પડતા જોયા. આભા કાગળની જેમ સફેદ અને પાણી વિનાના વાદળની જેમ ફિક્કી પડી ગઈ, ઊભી હતી ત્યાં જ જકડાઈ ગઈ. સિસ્ટર સુરૈયા રઘવાટથી વીજળીની ઘંટડીનું બટન દબાવવા લાગ્યાં. કલ્યાણીને થયું કે કોઈ ભયંકર ભૂલ થઈ ગઈ છે. તે જ વખતે વીજળીની જેમ એના મસ્તકમાં એક વિચાર ચમકી ગયો, અને ક્ષણભરમાં લગભગ અચેતન અવસ્થામાં ઊભેલી આભાના હાથમાંથી તેણે બાટલી ઝડપી લીધી. '...એલ્ડીહાઇડ' એણે વાંચ્યું. શબ્દનો પ્રથમ ભાગ દવાના ડાઘાથી મલિન થઈ ગયો હતો, ઢંકાઈ ગયો હતો. કલ્યાણીએ અજવાળાની નજીક દોડી જઈ એ શબ્દ વાંચ્યો 'ફાર્મ...' ડૉક્ટર મનોહરે તો વિષ

પી લીધું છે. ઝડપથી કશુંક કરવું જોઈએ. એક ક્ષણ પણ વ્યર્થ ગુમાવવી ન પરવડે. એનું મસ્તક પ્રકાશની તેજીલી ગતિથી કામ કરતું હતું. હા, મૅગ્નેશિયમ સલ્ફેટ, નક્કી એ જ ઔષધ. ઝડપથી એણે દવાનો ડોઝ તૈયાર કર્યો. એણે ડૉક્ટર પાસે નીચાં નમી કહ્યું : "ડૉક્ટર, આ મૅગ્નેશિયમ સલ્ફેટછે. કૃપા કરી આપ પી જાઓ." સિસ્ટરની અનુમતી કે શિષ્ટાચારની જાળવણી માટે કોઈ સમય રહ્યો નહોતો.

મહામુશ્કેલીએ એને જોઈ ડૉક્ટર આખો ડોઝ પી ગયા. એમનો ચહેરો પીળો પડી રહ્યો હતો, અને કપાળે પ્રસ્વેદબિંદુઓ ઊભરાતાં હતાં.

"બીજું આપો, વધુ આપો નર્સ!" એમણે વેદનાભર્યા અવાજે કહ્યું.

ક્ષણભરમાં તો એ બીજો ડોઝ તૈયાર કરી લઈ આવી. "આભા એક ખુરશી લઈ આવ." આભા ખુરશી લઈ આવી. "હવે ડૉક્ટર, આપ બેસો." કલ્યાણીએ જ ડૉક્ટરને ટેકો આપી ખુરશી પર બેસાડ્યા. ડૉક્ટરે અસહ્ય પીડાથી પોતાના બંને હાથોમાં મસ્તક ઝૂકાવી દીધું.

"ફાર્મલ્ડીહાઇડ!"

કલ્યાણીએ સુરૈયાનો ભયભીત અવાજ સાંભળ્યો, અને પાછા ફરી તેણે પ્રકાશ નીચે સિસ્ટરને લેબલનું સ્પષ્ટીકરણ કરતાં જોયાં. બસ, એ જ સમયે ડૉક્ટર એલેક્ઝાંડર વૉર્ડમાં ધસમસતા પૂરની જેમ દોડી આવ્યા. "તમે મને બોલાવ્યો?"

"હા જી, ડૉક્ટર મનોહરે અકસ્માત ફાર્મલ્ડીહાઈડ પી લીધું છે."

"ઝડપથી મૅગ્નેશિયમ સલ્ફેટનો એક મોટો ડોઝ બનાવો; એક ઔંસ અર્ધા પિન્ટ ગરમ પાણીમાં," ડૉક્ટરે બેબાકળા અવાજે કહ્યું.

"ડૉક્ટર, એમણે એટલી દવા તો પી લીધી છે." કલ્યાણીએ

કહ્યું.

"ખૂબ સરસ કર્યું." ડૉક્ટર એલેક્ઝાંડરે પોતાના સાથી કાર્યકરની નાડી તપાસતાં તપાસતાં કહ્યું.

"એલેક્ઝાંડર, મને તમારા હાથનો ટેકો આપો," ડૉક્ટર મનોહરે લથડતા અવાજે કહ્યું, "મને લાગે છે કે હું મારી રૂમમાં જઈ શકીશ." એમનો ચહેરો હજી પીળો દેખાતો હતો, અને તે લથડિયાં ખાતાં, ધીમા ડગે, સહકાર્યકર્તાઓના હાથનો ટેકો લઈ બહાર નીકળ્યા.

"કલ્યાણી! બહેન! તેં ઝડપથી દવા બનાવી બહુ ઉત્તમ કાર્ય કર્યું," સિસ્ટર સુરૈયાએ એની ઉષ્માભરી પ્રશંસા કરતાં કહ્યું. સિસ્ટર સુરૈયા જાતે પોતાનાં કામો ખૂબ ધીરેધીરે કરતાં, તેથી આવી મોટી આપત્તિ અચાનક આવી પડે ત્યારે એમને કશાની સૂઝ પડતી નહિ.

"નર્સ આભા, તારી અત્યંત બેકાળજી અને બેપરવાઈને કારણે તેં ખોટી શીશી કાઢી - એનું પરિણામ ઘાતક, ભયંકર આવી શકત."

"મેં.....મેં આપને લેબલ બતાવ્યું હતું," આભાએ ઉદ્વિગ્નતાથી ઉત્તર આપ્યો.

"તેં બાટલી એવી રીતે પકડી હતી કે હું...એલ્ડીહાઇડ એટલું જ જોઈ શકી. તું ફાર્મલ્ડીહાઇડ ઉઠાવી લાવીશ એવું તો મેં સ્વપ્ને પણ ધાર્યું નહોતું; પરંતુ મારે ચકાસણી કરવી જોઈતી હતી. મારીયે ભૂલ થઈ ગઈ કે મેં તારા પર વિશ્વાસ મૂક્યો. ખેર, અપરાધમાં હું પણ સહભાગી છું. ઓહ ભગવાન! ડૉક્ટર મનોહરને કશું થઈ ન જાય! મારી અંતરની પ્રાર્થના છે. તેમના માટે હું શું કરી શકું તે જાણવા હું તેમની પાસે જઈશ. રાત્રિસેવાવાળી નર્સો હવે આવતી જ હશે. નર્સ કલ્યાણી, એમને કાર્ય સોંપવાની જવાબદારી તારી."

એ રાત્રે કલ્યાણીએ ડૉક્ટર મનોહર માટે હૃદયના ઊંડાણમાંથી, લાગણીથી છલકાતી આંસુસભર પ્રાર્થના કરી. એ વિચાર પણ તેને આવ્યો કે સભાઓ અંગેનો સૂચનાપત્ર કોણે લગાડ્યો હશે!

## ૭

ધાર્મિક સંમેલનની આ ત્રીજી રાત્રિ હતી. કલ્યાણી, અનુરાધા અને રૂથ પ્રથમ જ વાર ત્યાં ગયાં. સભામંડપમાં પ્રવેશ્યાં ત્યારે ગાયકગણ મધુર કંઠે પ્રારંભિક ભજન ગાતું હતું. ખમીસ પર બિલ્લા લગાવેલા એક નવયુવકે તેમનું ઉષ્માભર્યું સ્વાગત કરી જગ્યા બતાવી. બીજો એક બિલ્લાધારી યુવક ભજનોની પુસ્તિકા વેચતો હતો. તેણે પાસે આવી કહ્યું, “આપને અહીં જોઈ અમે ખૂબ પ્રસન્નછીએ.” કલ્યાણીએ ચોમેર દૃષ્ટિ ફેરવતાં જોયું કે આ ધાર્મિક નવજાગૃતિ સભાઓમાં યુવાનોની સંખ્યા સવિશેષ હતી.

રૂથને પણ આવું જ લાગ્યું. “કેટલી અદ્ભુત વાત!” એ ધીમેથી ગણગણી, “કેટલા બધા યુવાન ચહેરા! હું તો ધારતી હતી કે આવી સભાઓ વૃદ્ધોને માટે જ હોય છે!”

“અથવા, ગમારો કે નવરા માણસો માટે,” અનુરાધા બોલી ઊઠી, “પરંતુ અહીં તો વધુમાં વધુ વ્યક્તિઓ અત્યંત આનંદિત અને પ્રસન્ન દેખાયછે. ખાસ કરીને આ બધાં બિલ્લાધારી યુવકયુવતીઓ.”

“શિ...શિ...શિ...સ” ત્રણ પુરુષોને સભામંચ પર ચઢતા જોઈ કલ્યાણીએ કહ્યું : “હવે આરંભ થશે.”

પછીના દોઢેક કલાકમાં એનું સંપૂર્ણ ધ્યાન કેન્દ્રિત થઈ રહ્યું. સુશિક્ષિત, સુસજ્જ ગાયકગણે ગીતોનું નિર્દેશન કર્યું, અને સમગ્ર સભાજનોએ એક સૂર અને લયમાં મધૂરાં ગીતો ગાયાં. ‘સ્વર્ગમાં પણ આવું ભક્તિસંગીત, આવું જ મોહક વાતાવરણ રચાતું હશે,’ એને થયું. એક ગીતના શબ્દોએ અનુરાધાને વિશેષ પ્રભાવિત કરી:

"આવો, અવિનાશી આકાશી આત્મા,"
મારી તૃપ્ત કરો ભાવના,
                    પ્રેમભક્તિથી રે.....
ભરો અંતર-સરોવર ઊછળતાં,
કરો સાગર, ઘૂઘવતા,
                    અજબ શક્તિથી રે.....

બાઈબલવાચન પછી પ્રાર્થના થઈ. એક વૃદ્ધ પુરુષે અત્યંત પ્રભાવશાળી ઉદ્દ્બોધન કર્યું. વિષય હતોઃ "પાપ તમારા મરનાર શરીર પર રાજ્ય ન કરે." તેમણે યૂસફનું નિષ્કલંક જીવન અને દાનિયેલની નીડર સાક્ષીનું હૂબહૂ શબ્દચિત્રણ કર્યું.

તેમણે એક દૃષ્ટાંત આપતાં કહ્યું "મારે આફ્રિકામાં એક વિશાળ પ્રેસના અધ્યક્ષનું થોડું કામ હતું. હું એની સાથે ઝડપથી ફરતાં ફરતાં, તીવ્ર ગતિથી ઘૂમતાં યંત્રોનાં ઘરઘરાટ અને કાર્યરત આફ્રિકાવાસીઓ વચ્ચે વાતો કરતો હતો, ત્યાં જ પ્રકાશિત ચહેરાવાળો એક પુરુષ મારી પાસે આવ્યો, અને હસમુખા અવાજે તેણે વાત કરવાની અનુમતિ માગી. અમે બંનેએ થોડો સમય ઈશ્વર વિશે વાતો કરી. એ કાર્યકર્તા ચાલ્યો ગયો ત્યારે મેં કહ્યું, "આ નવો જન્મ પામેલી વ્યક્તિ છે, જે ઈશ્વર પર વિશ્વાસ રાખેછે." "અત્યંત હર્ષની વાત," અધ્યક્ષે જણાવ્યું. મારા કારખાનાના કર્મચારીઓમાં તે સૌથી વધુ કાર્યદક્ષ અને કુશળ વ્યક્તિ છે. એણે એક તો એવું કાર્ય કર્યું છે જે હું ક્યારેય વીસરી શકીશ નહિ. જ્યારે એ મસીહી બની ગયો ત્યારે ચોરી લીધેલી બધી જ વસ્તુઓની પુનઃ સોંપણી કરી, ક્ષમાની યાચના સહિત; એટલું જ નહિ, જ્યારે કર્મચારીઓનું હુલ્લડ ચાલ્યું ત્યારે તોફાન કરનારાંની પરવા કર્યા વિના જાનને જોખમે કામ પર હાજર થયા."

"પરંતુ પરમેશ્વરની આજ્ઞાનું પાલન ગમે તે જોખમે કે હિસાબે

કરનાર વ્યક્તિઓનાં ઉદાહરણ શોધવા દૂર આફ્રિકા જવાની જરૂર નથી. ઉત્તર ભારતની એક શહેરમાં ચાલેલા નવજાગૃતિસપ્તાહ દરમ્યાન કેટલાક ખ્રિસ્તી યુવકો અને મોટા પુરુષોએ પણ વિનાટિકિટે રેલવેમાં ભૂતકાળમાં કરેલા પ્રવાસનાં નાણાં ચૂકવી દીધાં. તેથી તો હિંદુ બુકિંગ કલાર્કને ત્યારે ભારે આશ્ચર્ય થયેલું."

"દક્ષિણ ભારતની એક કૉલેજમાં યુનિવર્સિટી પરીક્ષામાં વિદ્યાર્થીઓએ થનાર પરીક્ષાનાં પ્રશ્નપત્રો ફોડ્યા, અને અગાઉથી જવાબપોથીઓમાં ઉત્તરો લખી લીધા. એક ખ્રિસ્તી યુવતીએ આનો વિરોધ કર્યો, અને સાચી વાત જાહેર કરી દીધી. આને પરિણામે એના જાનનું જોખમ ઊભું થયું, છતાં એણે હિંમતથી સત્યને પક્ષે ઊભા રહી શાંત પ્રતિકાર કર્યો."

"એટલું જ નહિ, ધર્મને ખાતર, સિદ્ધાંતને ખાતર, શુભસંદેશને ખાતર, ઈસુ મસીહને પ્રાણાર્પણ કરનાર, શહાદત વહોરનાર શહીદોનો વિચાર કરો. પોતાના લોહીથી જેમણે મસીહીબાગને સિંચ્યો છે તેમનો વિચાર કરો. એમનો ઈશ્વર તે જ આપણો ઈશ્વર છે."

"મસીહી યુવકો, તમે પણ નિર્ભય અને નિર્દોષ બની શકો છો. તમે પણ પોતાનો ક્રૂસ ઊંચકીને સ્વામીને પગલે પગલે ડગ માંડી શકો છો. પરમેશ્વર પ્રભુ ઈસુ દ્વારા આપણને વિજય અપાવે છે, પરાક્રમનો આત્મા આપે છે."

બુઝર્ગ વક્તાએ અંતે કહ્યું : "આપનામાંથી જે કોઈ પ્રભુ ઈસુને પોતાના મુક્તિદાતા તરીકે સ્વીકારવા માંગે, વિજયવંત જીવન જીવવા ચાહે, તેઓ કૃપા કરી ઊભા થાય અને પ્રાર્થનાના રૂપમાં આ કોરસ ગાયઃ

"આવો અવિનાશી આકાશી આત્મા..."

"અહીં એવા મનુષ્યો પણ હશે જેમણે હજુ સુધી મસીહનો

સ્વીકાર નહિ કર્યો હોય, અને ઈસુને અપનાવવા આતુર હોય તેઓ કોરસ ગવાય ત્યારે પોતાનાં કઠણ હૃદયોને પશ્ચાત્તાપની ચાવીથી ઉઘાડી નાંખે. પ્રભુ ઈસુ આપને નિમંત્રણ આપેછેઃ 'ઓ ભારથી દબાયેલાઓ, તમે મારી પાસે આવો.'"

કલ્યાણી અને અનુરાધા બીજાંઓ સાથે ગીત ગાવા ઊભાં થયાં ત્યારે આખો ખંડ મધુર સંગીતની લહેરો પર જાણે તરી રહ્યો હતો, પરંતુ રૂથ નતમસ્તકે શાંત બેસી રહી. સાચે જ, બધાં પરમેશ્વરની સક્ષમ અને આનંદદાયી હાજરીનો અનુભવ કરતાં હતાં.

તે ઉપાસનાખંડમાંથી બહાર નીકળતાં હતાં ત્યારે અનુરાધાએ બહેનપણીનો હાથ પકડ્યો, અને આશ્ચર્યથી કહ્યું : "જલદી તારી ડાબી બાજુ જો."

કલ્યાણીએ ડોક ફેરવી જોયું તો ડૉક્ટર ડેવિડ મનોહર એના તરફ જ આવતા હતા - એમના કોટ પર ક્રુઝેડનો બિલ્લો હતો.

"હું આપને અહીં જોઈ ખૂબ ખુશ થયો છું." તેમણે ત્રણે નર્સોનું એકીસાથે અભિવાદન કર્યું, અને પોતાના મિત્ર સાથે વાત કરવા આગળ વધી ગયા.

"ડૉક્ટર મનોહર? કોણે ધાર્યું હશે કે તે અહીં હોય? અને પેલો બિલ્લો?" રૂથે સ્વાભાવિક અચંબો પ્રગટ કર્યો.

અનુરાધાએ તત્પરતાથી ઉત્તર આપ્યો : "મને જરાપણ આશ્ચર્ય થતું નથી. આરંભથી જ એમણે મને મસીહનું સ્મરણ કરાવ્યુંછે. ઈશ્વરની કેવી અદ્‌ભુત કૃપા કે પ્રાણહર વિષના ડોઝથી એ કેટલા જલદી તદ્દન સાજાસમા થઈ ગયા! તેં જ મૅગ્નેશિયમ સલ્ફેટ તૈયાર કર્યું હતું ને. કલ્યાણી અભિનંદન." એણે હસતાં હસતાં કહ્યું.

કલ્યાણીએ પૂરેપૂરું સાંભળ્યું નહિ. એની એ વિશિષ્ટતા હતી કે એ જ્યારે વિચારોમાં તલ્લીન થઈ જતી ત્યારે બાકી બધાંનું ભાન ભૂલી

જતી. નિર્ભય ખ્રિસ્તસાક્ષીની હજી હમણાં જ સાંભળેલી સત્ય ઘટનાઓએ એના મન પર ઘેરો પ્રભાવ પાડ્યો હતો, અને એ સિનેમા જોવા ચોરીછૂપીથી ગઈ હતી, રજિસ્ટરમાં ખોટી સહી કરી હતી, એ પ્રસંગો આજે કંટકોની જેમ એના હૃદયમાં ભોંકાતા હતા. અત્યાર સુધી તો એ મૌન રહી હતી, પરંતુ હવે મોડું કરવું પાલવે તેમ નહોતું. શું એ મેટ્રન પાસે જઈ બધો અપરાધ સ્વીકારી લે? શું એમ કરવા જતાં બીજાં ફસાઈ પડે તો? આ પરિસ્થિતિમાં વિજયપ્રાપ્તિનો માર્ગ કયો? આ બધા પ્રશ્નોનાં કાંટાળાં ગૂંચળાં જાણે હૃદયમાં વીંટાતાં હતાં.

"તું ચિંતાતુર દેખાયછે, કલ્યાણી, શું તને ભક્તિસભામાં આનંદ ન આવ્યો?" પોતાની સાહેલીને મૌન જોઈ અનુરાધાએ પૂછ્યું.

"મને લાગેછે કે સભા ખૂબ સુંદર હતી, અને મને ફરીથી જવાની ઇચ્છા છે."

"હા, મારી પણ તીવ્ર ઇચ્છા છે. હું એ વાત વિશે જ વિચારતી હતી."

વાતચીતમાં કલ્યાણીનું મન પરોવાતું જોઈ અનુરાધા રૂથ તરફ ફરીઃ "શું, તું પણ ફરીથી આવીશ, રૂથ?"

"ચોક્કસ આવીશ. હું તો આ પહેલાં આવી સભાઓમાં કયારેય ગઈ નથી. મને તો એવું પ્રતીત થયું...હું કેવી રીતે સમજાવું કે મને એ કેટલું યથાર્થ, જીવંત અને ચેતનથી છલકાતું લાગ્યું! આજ રાત સુધી તો જાણે ઈસુ કોઈ ઇતિહાસપુરુષ હોય એમ મને લાગતું હતું, પરંતુ આજે તો હું તેમની ચમત્કારી હાજરીનો અનુભવ કરી શકી."

સૌ હૉસ્પિટલ નજીક પહોંચ્યાં કે ભુલાયેલી વાત કલ્યાણીના ચિત્તપ્રદેશમાં પુનઃ ઝબકી. એણે તો વિનમ્રતાથી, ભોળપણમાં પોતાની જાતને કહ્યું હતુંઃ "હું પ્રભુને ઓળખીશ ત્યારે એમને જ પૂછીશ." અને એણે નિર્દોષતામાં એમ જ કર્યું. હવે ઉચિત કે ન્યાયી માર્ગ કયો છે એ

વિશે કોઈ સંદેહ નહોતો.

બીજી દિવસે સવારે એણે આભા અને ચિત્રાને શોધી કાઢી. "હું મેટ્રન પાસે જઈ રહી છું," એણે આભાને કહ્યું "પેલી રાતનો ગુનો કબૂલ કરવા માટે."

આશ્ચર્યચકિત અને ક્રોધિત થઈ ચિત્રા વચમાં જ ગર્જી ઊઠીઃ "અને સાથેસાથે તું અમને ફસાવવા માંગે છે, નહિ? યાદ રાખજે મીરાંબાઈ! હું તને કદી માફ નહિ કરું."

"છીછરીછોકરી, હરામજાદીની ઓલાદ!" આભાએ કટુતાથી કહ્યું.

"તું મારું સાંભળશે તો તું આવી વાતો નહિ કરે. હું પ્રતિજ્ઞા કરું છું કે હું તમારાં નામ બિલકુલ લઈશ નહિ, અને કોણકોણ સહભાગી હતાં એની કોઈ સૂચક વાત પણ નહિ કરું. મને ખાતરીછે કે મેટ્રન મને એમ કરવા ફરજ પણ નહિ પાડે. મારી પોતાની વાત છે ત્યાં સુધી હું મારે અંગે તો સ્પષ્ટતા કરીશ જ."

"ઠીક છે, પરંતુ સાવધાન રહેજે. ચાલાકી કરવા જઈશ તો મહામુસીબતની ખાડીમાં ઊતરી જઈશ. હું તને ચેતવી દઉંછું," ચિત્રાએ ધમકી આપી.

"એ ભક્તાણી જરૂર ધર્મસભામાં ગઈ હશે, અને એનું હૃદયપરિવર્તન થઈ ગયું લાગેછે!" આભાએ દરેક શબ્દમાં તિરસ્કારનો ભાર ભરી કહ્યું.

"ના, મેં થોડાં સપ્તાહ પૂર્વે પ્રભુ ઈસુને મારા તારણહાર તરીકે સ્વીકાર્યા છે, અને ત્યારથી જ મારું જીવન બદલાઈ ગયું છે. હું નવજાગૃતિની સભાઓમાં પણ જાઉં છું, અને જવાની છું."

"શું તેં જ પેલો સૂચનાપત્ર નોટિસબોર્ડ ઉપર ચોંટાડ્યો હતો?" આભાએ પ્રશ્ન કર્યો.

હાલમાં જ ત્યાં આવેલી રૂથે કહ્યું, "ના, પરંતુ ડૉક્ટર મનોહરે મૂક્યો હતો. કાલે રાત્રે જ સભામાં અમે એમને મળ્યાં હતાં."

આભા અને ચિત્રાને આંચકો લાગ્યો હોય તેમ, તે મૂક બની ગઈ. "બાપ રે બાપ! શું....." ચિત્રા કશું કહેવા ગઈ પણ તેના ગળામાંથી અવાજ નીકળ્યો જ નહિ.

બપોર પછી અનુરાધાએ કલ્યાણીને જોઈ, અને તેનો હાથ પકડી સીડી નીચે બગીચામાં ખેંચી લાવી. "જલદી," તેણે કહ્યું, "જલદી મને કહે કે શું થયું?" "ચાના સમયને થોડીક જ વાર છે."

"હા, હું પણ તને જ શોધતી હતી." કલ્યાણીએ ઈંતેજારીપૂર્વક કહ્યું : "પેલા બદામના વૃક્ષ નીચે કોઈ નથી. ત્યાં આપણે થોડો સમય બેસીએ. ઘણી અદ્‌ભુત વાત બની." લીલા ઘાસની ગોદ પર બેસતાં તે બોલી : "મેટ્રન ખૂબ સમજદાર છે. મેં ગુનો સ્વીકારી લીધો તેથી તેમને ભારે આશ્ચર્ય થયું. તેમણે કહ્યું કે 'પહેલાં કોઈએ આવી રીતે ગુનો કબૂલ્યો નથી.' તેમણે બીજાં કોણ હતાં એ વિશે એકે પ્રશ્ન ન પૂછ્યો; પરંતુ છળકપટ કરવા, પતનમાર્ગે જવા માટે દુઃખ વ્યક્ત કર્યું. ખાસ કરીને પરિચારિકાનો વ્યવસાય કે જેમાં ઉચ્ચકોટિની પવિત્રતા આવશ્યક છે તેમાં આવી રીતે છેતરામણી થાય તે વાતની ઊંડી વ્યથા તેમણે પ્રગટ કરી."

"ઓહ! હું કેટલી ખુશ છું!" અનુરાધાએ શાંતિનો દીર્ઘ શ્વાસ લેતાં કહ્યું : "દિવસભર મને તારી મેટ્રન સાથેની મુલાકાત અંગે ચિંતા રહ્યા કરી છે."

"મેટ્રનબાનુએ તો પરીક્ષા પછીના કાર્યક્રમની વાતો પણ કરી. આપણ બધાંને બે સપ્તાહનો વિરામ મળશે. એના પછી એ મને રાનીઘાટ 'મીડવાઈફ' નો કોર્સ કરવા મોકલવા માગે છે."

"મને થાય છે કે આપણ બંનેને સાથે જવાનું મળે તો કેવી મજા

આવે!"

"હા, મને પણ મનમાં એમ જ છે. કદાચ, તને પણ થોડા જ સમયમાં સૂચના મળી જશે. ચાલો, આપણે ચા પીવા જઈએ. ઓહ! હુંયે કેવી ભુલકણી છું! મારી ફાઉન્ટન પેન તો વૉર્ડમાં જ ભૂલી આવી છું. હું દોડીને લઈ આવું. નહિતર એક કલાક પછી વ્યાખ્યાનમાં એના વગર મુશ્કેલી પડશે. હું થોડી જ ક્ષણોમાં તને મળું છું," કહી કલ્યાણી જાણે ઊડતી હોય તેમ દોડી ગઈ. એ પોતાના વૉર્ડમાં પહોંચી ન પહોંચી ત્યાં જ, તેમાંથી બહાર નીકળતા ડૉક્ટર મનોહર માર્ગમાં ભેટી ગયા.

"કૃપા કરી એક મિનિટ રોકાઓ મિસ કલ્યાણી," એમણે નમ્રતાપૂર્વક કહ્યું : "ગત સપ્તાહના તમારા સ્ફૂર્તિલા કાર્ય માટે મેં તમારો આભાર માન્યો નથી. અત્યાર સુધી હું કોનો અનુગ્રહી છું તે વિશે અનભિજ્ઞ હતો, પરંતુ સિસ્ટર સુરૈયાએ બતાવ્યું કે મારા જીવનની રક્ષા કરનાર તમે છો. તમે ખરેખર મને ભારે પીડામાંથી બચાવી લીધો."

"મેં.....મેં કશું જ કર્યું નથી." ગભરાટ અને વ્યાકુળતાથી થોથવાતાં કલ્યાણીએ કહ્યું.

"તમે બહુ યોગ્ય કામ યોગ્ય સમયે કર્યું, અને ખૂબ સ્ફૂર્તિ અને ચપળતાથી કર્યું. સર્વથી વિશેષ તમારી આત્મિક જાગૃતિ અનુસાર કાર્ય કરવાનું સાહસ કર્યું. તમારો ખૂબખૂબ આભાર. ઈશ્વર તમને આશિષ આપો," કહી સ્નેહથી સ્મિતપુષ્પો વેરતા તે ગેલેરી તરફ ચાલ્યા ગયા. આશ્ચર્યથી સભર આંખે કલ્યાણી તેમને જતાં જોઈ રહી. એક ડૉક્ટર પાસેથી આવી પ્રશંસા મેળવવી - અને તે પણ ડૉક્ટર મનોહર પાસેથી - કલ્યાણીનું રોમરોમ અકળ હર્ષથી પુલકિત થઈ ઊઠ્યું. સમગ્ર ચેતનામાં કોઈ અજબ ઉત્તેજના વ્યાપી ગઈ. પોતાના કાર્યમાં આગળ વધવાનો શુભસંકલ્પ વધુ બળવત્તર બન્યો.

વ્યાખ્યાન શરૂ થયું નહિ ત્યાં સુધી એ વૉર્ડમાંથી ફાઉન્ટન પેન લીધા વગર જ પાછી ફરી ગઈ હતી, એ વાતનું સ્મરણ પણ ન થયું.

# ૮

રેલવે ટ્રેઈનમાં કલ્યાણીનું ધ્યાન ન તો સહયાત્રીઓ તરફ હતું કે ન તો પ્રકૃતિનાં સોહામણાં દશ્યો પ્રતિ. એ તો એવી અવસ્થામાં હતી જેને અનુરાધા ચીઢવવા કહેતી, "વિચારોમાં તલ્લીન" "કોઈ બીજી દુનિયામાં."

રુગ્ણાલયમાં છેલ્લાં થોડાં સપ્તાહ પતંગિયું એક પુષ્પ પરથી બીજા પુષ્પ તરફ ઊડી જાય તેમ ત્વરાથી પસાર થઈ ગયાં. પરીક્ષા સંતોષકારક રીતે પતી ગઈ તેથી તેને અત્યંત શાંતિ ને સંતોષ થયેલાં. વિશેષ આનંદ તો એ માટે કે ઉત્તીર્ણ ઉમેદવારોની યાદીમાં એનું નામ પ્રથમ સ્થાને હતું. આટલી જવલંત સફળતાની તો એને પણ આશા નહોતી, પરંતુ એની સ્મરણશક્તિ અને વાસ્તવલક્ષી અસાધારણ પ્રતિભાએ એને ખાસ કરીને મૌખિક પરીક્ષામાં ઘણી સહાય કરી હતી. પેલી ભક્તિસભાની યાદ તો સદાય અંતરમાં તાજી રહેતી. એણે નક્કી તો કરેલું જ કે હવે પુરાણા રસ્તા પર પાછા ફરાય એવું નથી. ખુદને ઈસુને સમર્પિત કરી દઈ એણે સેવાનું ક્ષેત્ર, જે કર્મચારીઓની વાટ જ જોયા કરે છે - તેના વિશે વિચાર કર્યો હતો.

સભાપતિએ વક્તાઓમાં માત્ર ત્રીસેકની વયના લાગતા એક યુવાનનો પરિચય કરાવ્યો. "મસીહમાં વહાલા ભાઈ, મસીહી પોકારને સાંભળી, દૂર દક્ષિણ ભારતમાં પોતાનું વતન છોડી દઈ શુભસંદેશનો પ્રચાર કરવા ઉત્તરના દુર્ગમ હિમમય પહાડી સ્થાનોમાં પહોંચી ગયા છે. પહાડી હવાની કઠિન શરદઋતુને પહોંચી વળવા એમણે પોતાના શરીરનું કઠોરતાથી નિયંત્રણ કર્યું છે; ત્યાંની ગરીબ વસતીને અનુરૂપ સાદાઈભર્યું શ્રમિકનું જીવન સ્વીકાર્યું છે."

ભાઈ સ્વર્ણરાવે ઊભા થઈ નમ્રતાથી કહ્યું : "હું તો એક મહાન સ્વામીનો નિકૃષ્ટ - અધમાધમ સેવક છું." પોતાની વ્યક્તિગત મુશ્કેલીઓનો જરાપણ ઉલ્લેખ કર્યા વિના તેમણે સ્વામી ઈસુ મસીહ અને તેમના સેવાકાર્યમાં પ્રાપ્ત થતા સૌભાગ્યના વિષયમાં પ્રભાવશાળી ઉદ્‌બોધન કર્યું. "બધામાં સહુથી પ્રિય, પ્રત્યેક બહુમૂલ્ય વસ્તુનો ત્યાગ એ જ જીવનનો પરમાનંદ છે."

વક્તાએ ભાષણ સમાપ્ત કરતાં સભાખંડમાં અપૂર્વ શાંતિ પથરાઈ ગઈ. સભાના પ્રમુખે કહ્યું : "આપણે પણ આ જ રીતે પવિત્ર આત્માના પરાક્રમની ભરપૂરી પ્રાપ્ત કરવા પ્રભુને ચરણે નમીએ. રાજાઓના રાજાની સેવામાં પોતાનું જીવન અર્પણ કરવા જે માગે તે કૃપા કરી ઊભાં થાય અને પ્રાર્થનારૂપે ગાયઃ

"જીવંત ઈશ્વરના આત્મા, મુજ પર ઊતરી આવો.
જીવંત ઈશ્વરના આત્મા, મુજ પર ઊતરી આવો.
તોડો મને,
ભાંગો મને,
છલકાવો મને,
જીવંત ઈશ્વરના આત્મા, મુજ પર ઊતરી આવો."

"ભાંગો મને" આ શબ્દો કલ્યાણીના જીવનમાં એક નવો જ અર્થ લઈ આવ્યા. જીવનની અતિ પ્રિય યોજનાઓ અને મહત્વાકાંક્ષાઓ તુચ્છ લાગવા માંડી. સહર્ષ, હાર્દિક પ્રસન્નતા સહિત, પ્રભુનાં ચરણોમાં તેણે પોતાનું અર્પણ ચઢાવ્યું. 'મારી ઇચ્છા પ્રમાણે નહિ, પણ તારી ઇચ્છા પ્રમાણે થાઓ,' મનોમન તેણે નિર્ણય કર્યો, અને કોઈ વિચિત્ર, અવર્ણનીય રીતે એને સમજાયું કે એની ભેટનો સ્વીકાર થયો છે.

તેને હવે સ્નેહાળ સખીઓ યાદ આવી. તેને આશ્ચર્ય થયું કે કેમ એકલી તેને જ રાનીઘાટ મોકલવામાં આવી. હૉસ્પિટલમાં વિદાયના

અંતિમ દિવસો અત્યંત દુઃખદાયક અને અસહ્ય વેદનાસભર હતા. એને થતું કે એ એની બહેનપણીઓને ક્યારે ફરી મળશે - ક્યારેય મળી શકશે કે કેમ અને ડૉક્ટર ડેવિડ મનોહર? એણે તત્કાળ પોતાના વિચારોનું નિયંત્રણ કર્યું, કારણ કે એમને વિશે વિચારવાનો એને કોઈપણ અધિકાર નહોતો.

બસ, એ જ સમયે, ગાડી સ્ટેશન પર આવતાં જ પ્લેટફોર્મ પરના ફેરિયાઓની 'ચાય...ગરમ, ગરમાગરમ ભજિયાં...' વગેરે અવાજોથી અને મુસાફરોના કોલાહલથી કલ્યાણીના હૉસ્પિટલ વિશેના વિચારોમાં ભંગ પડ્યો. બહારના પાટિયા પર 'કાનપુર' લખ્યું હતું. બસ, આ જ સ્થળ - અહીંથી હવે બસ-પ્રવાસ કરવાનો હતો. બધો સામાન એકઠો કરી એણે મજૂરને હાંક મારી, અને મુસાફરોની ભીડમાંથી નીકળી બસ-સ્ટેન્ડ તરફ આગળ વધી.

હવે ૯૬ કિલોમીટર લાંબી બસ- યાત્રા શરૂ થઈ. પહાડો ઉપરની વાંકીચૂંકી, ઉપર ચઢતી સડકો ઉપર બસ દોડતી હતી. આ કલ્યાણી માટે એક નવો જ અનુભવ હતો. બસ વારેવારે આમતેમ હાલતી હોવાથી મુસાફરો ડોલ્યા કરતાં, ક્યારેક એકબીજા સાથે અથડાઈ પણ પડતાં. કલ્યાણીને પણ ચક્કર આવે તેવું થવા માંડ્યું, પણ આંખો બંધ કરવા એ તૈયાર નહોતી. પ્રત્યેક વળાંક ઉપર કેટલાં નયનાભિરામ દશ્યો દેખાતાં હતાં! સઘન લીલીછમ વનરાજિ, દૂરથી દેખાતાં બરફ આચ્છાદિત ધવલ ગિરિશિખરો - બધું જ અવર્ણનીય હતું! જાણે આંખોની પ્યાલીઓમાં સૌંદર્યનો અમીરસ ઢોળાયા જ કરતો હતો! મન પાગલ બનીને પીધા કરતું હતું - પ્રકૃતિના લીલા આસવને! ત્યાં જ એક અધિક સુંદર વળાંક આવ્યો, અને દેવદાર વૃક્ષોના ઢોળાવ વચ્ચે, શરદઋતુના ઉષ્માભર્યા સૂર્યપ્રકાશમાં નાહતું રાનીઘાટનું નાનું નગર દેખાયું.

"મને ક્ષમા કરશો, પરંતુ શું આપ જ નર્સ કલ્યાણી છો ?"

કલ્યાણીએ ફરીને જોયું તો એક સમવયસ્ક, સૌમ્ય મુખવાળો યુવક એને પૂછી રહ્યો હતો. એની સાથે એક નાની છોકરી હતી, જેણે તેનો હાથ મજબૂતીથી પકડી રાખ્યો હતો, અને નવાગંતુક યુવતીને ધારીધારીને જોઈ રહી હતી.

"રેચલમાસીએ મારાં માને આપને લેવા આવવા માટે પત્ર લખ્યો હતો, પરંતુ આજે તેમની તબિયત થોડી અસ્વસ્થ હોઈ મને અને નેહાને મોકલ્યાં છે." યુવકે સમજાવતું કહ્યું : "આપનો સામાન ક્યાં છે? હું ઘેર લઈ જવા મજૂર કરી લઉં."

"રેચલમાસીએ મને જણાવેલું કે તેમના કોઈ મિત્ર અહીં રહે છે, પણ છેક સ્ટેન્ડે લેવા આવશે તેવું કહ્યું નહોતું. એમની અને આપની કેટલી મહેરબાની! આભાર, પરંતુ મારે ક્યારે કામ પર હાજર થવાનું છે તેની મને કશી જ ખબર નથી, તેથી મારે તો જલદીમાં જલદી હૉસ્પિટલે પહોંચી જવું જોઈએ."

"આપ ચિંતા ન કરશો. એની પણ વ્યવસ્થા થઈ ગઈ છે. માતાજી મેટ્રનનાં મિત્ર છે, એમણે બધી પૂછપરછ કરી લીધી છે, તે આપને વિસ્તારથી બધું સમજાવશે. આ નેહા છે, મારી બહેન." નેહાએ હવે કલ્યાણીનો હાથ સ્નેહથી પકડી લીધો.

"મને ખૂબ આનંદ છે કે તમે આવ્યાં." નેહાએ હસીને કહ્યું : "મને તો ઉપહાર બહુ ગમે."

"ઉપહાર! મને દુઃખ થાય છે કે હું તારે માટે કશો ઉપહાર - કોઈ સરસ ઢીંગલી કે એવું કશું - લાવી નથી. મને તારા વિશે કશી જ ખબર નહોતી. મને માફ કર." કલ્યાણીએ ચમકીલી આંખો અને પહાડવાસીને સહજ એવા ગુલાબી ગાલવાળી નાની બેબી તરફ જોઈને કહ્યું.

"માતાજી ઉપર તમારે વિશે લખતાં રેચલમાસીએ લખ્યું હતું, નેહાને કહેજો કે હું તારે માટે એક ઉપહાર મોકલું છું - એક નવી બહેનપણી." રાકેશ નામના યુવકે સ્પષ્ટીકરણ કર્યું.

"રેચલમાસી કેટલાં પરગજુ અને ભલાં છે! નેહા, તને ગમે છે?" કલ્યાણીએ પૂછ્યું.

"હા, અને ચમકાવી દેવામાં તેમને ખૂબ આનંદ આવે." રાકેશે ઉત્તર આપ્યો. "મને આપનો થેલો આપો, નર્સ; કારણ કે તમને પહાડો પર ચઢવાની આદત નહિ હોય."

"આભાર. હું થાકી ગઈ છું, અને પહાડ પર ચઢવાનો મારો આ પ્રથમ અનુભવ છે. મને કૃપા કરી નર્સ ન કહેશો, માત્ર કલ્યાણી કહેશો તો ચાલશે."

"પેલું અમારું ઘર. નામછે 'ગુલાબમહેલ!'" નેહાએ એક સુંદર ઘર તરફ ઈશારો કરતાં કહ્યું. ઘર સાચે જ નાનકડું છતાં રમણીય હતું. બગીચામાં જિનિયસ, ગુલદાવરી અને ગુલાબનાં ફૂલો ઢગલેઢગલા ખીલ્યાં હતાં. ખુશબો મગજને તર કરતી વહી રહી હતી. કલ્યાણી ખૂબ ખુશ થઈ ઊઠી.

"અને પેલાં માતાજીછે," રાકેશે કહ્યું : "જુઓ, એ હાથ હલાવી સ્વાગત કરે છે."

થોડા જ સમયમાં ત્રણે જણ ઘરમાં પ્રવેશ્યાં, અને નેહા બુમરાણ મચાવતી મા પાસે દોડી ગોદમાં ભરાઈ ગઈ, "જુઓ મમ્મી, અમે એમને લઈ આવ્યાં!"

શ્રીમતી પાલ સ્મિત કરતાં આગળ વધ્યાં ને વંદન કરી બોલ્યાં, "તમારું સ્વાગત કરતાં મને અંતરનો આનંદ થાય છે, કલ્યાણી અંદર આવો. હું તમારો ખંડ બતાવી દઉં. મેટ્રને સોમવાર સુધી તમને છુટ્ટી આપી છે, તેથી સપ્તાહના અંત સુધી તમે અમારી સાથે રહી શકશો."

આભારભર્યા હૃદયે નમી પડતાં કલ્યાણીએ થોડીક વ્યાકુળતાથી કહ્યું : "પણ રેચલમાસીએ તો મને આવું કશું કહ્યું નહોતું!"

"રેચલમાસી છે જ એવી! એ તો તમને આશ્ચર્ય પમાડી આનંદ મેળવવા માંગતી હશે! અમે બંને ખાસ બહેનપણીઓ છીએ. અમે એક જ સ્કૂલમાં સાથે ભણેલાં. એ બચપણથી જ અનાથ થઈ ગઈ, એટલે એ બધી જ રજાઓ મારી સાથે મારે ત્યાં જ ગાળતી; હજુય ગાળે છે. મારાં બાળકો રેચલમાસીને સગી માસી જેટલો જ પ્રેમ કરે છે."

"આપનો ખૂબખૂબ આભાર." કલ્યાણીએ કૃતજ્ઞતાપૂર્વક કહ્યું, "આપે મારા જેવી સામાન્ય છોકરીનું કેવું ભારે સ્વાગત કર્યું! ઓહ! ખંડ પણ કેટલો સુંદર! અને કેટલાં મજાનાં રમણીય દૃશ્યો!" બંને બારી પાસે જ ઊભાં હતાં.

"તમારી જમણી બાજુ જુઓ. શહેરની ઉપર જે પેલું વિશાળ ભવન છે તે જ તમારું ચિકિત્સાલય - મિશન હૉસ્પિટલ. ત્યાંથી થોડેક ઊંચે એક અત્યંત મનોરમ સ્થળ છે. હા, આ તમારો સામાન. તમે સ્નાન કરી લો, ત્યાંસુધી હું રસોઈ તૈયાર કરી દઉં. તૈયાર થઈ તમે નીચે આવજો કે નેહાને બોલાવજો. તમને ચારે બાજુ ફરવા લઈ જતાં એને ખૂબ મજા પડશે."

કલ્યાણીને એકલી પડતાં થયું, "રેચલમાસી કેટલાં ભલાં છે! પ્રભુપિતા એમનાથી પણ કેટલો ભલો છે! મારો ઉત્તમ ઘેટાંપાળક, જે લીલાંલીલાં મેદાનો ઉપર, અને શાંતિ-સ્થિર, સુખદાતા જલ પાસે મને દોરી લાવ્યો છે. છુટ્ટીમાં હું અહીં જ આવીશ. અહીં કેટલી ઉષ્મા છે! કેટલો માયાળુ વ્યવહાર છે!"

"જલદી કરો," નેહાની બૂમ ખંડની બહાર સંભળાઈ. "હજુ મેં તમને અમારો 'બરફનો દડો' બતાવ્યો નથી."

કલ્યાણી તરત ઊતરી આવી. થોડી જ વારમાં તે બરફ જેવા ધવલ વાળધારી મસ્તીખોર બિલાડી સાથે રમવા લાગી.

## ૯

કલ્યાણીને મિશન હૉસ્પિટલમાં ભરચક પ્રવૃત્તિ મળી અને મીડવાઈફની ફરજોએ તેના વ્યક્તિત્વના વિશિષ્ટ ગુણોને અભિવ્યક્ત થવાની અનેક તકો પૂરી પાડી. ઘણી સ્ત્રીઓને પોતાની તીવ્ર જરૂરિયાતોમાં, મૂંઝવણોમાં કલ્યાણીમાં મૂકેલા વિશ્વાસનો યોગ્ય પ્રતિભાવ મળતો. ખંતથી એ અભ્યાસ પણ કરતી. બીજી નર્સો સાથેના એના સંબંધો મીઠા હતા, પણ અનુરાધાનું સ્થાન લઈ શકે એવી કોઈ ખાસ મિત્ર કે સખી એને મળી નહિ. છુટ્ટીનો ઘણોખરો સમય 'ગુલાબમહેલ' માં જ વીતતો, અને ત્યાં એને ઉષ્માભર્યો આવકાર પણ મળતો. સમય મળે ત્યારે પાલ-પરિવાર સાથે એ સ્થાનિક ચર્ચની પણ અવશ્ય મુલાકાત લેતી.

એકાન્તોમાં તો એક નવી જ સ્ફૂર્તિ અનુભવતી. ક્યારેક બાઇબલ કે અભ્યાસનું પુસ્તક લઈ તે હૉસ્પિટલની પાછળના પહાડ પર ચઢી જતી. ત્યાં એક જીવંત વૃક્ષનું થડ એવી રીતે નમી પડ્યું હતું કે ત્યાં બેસી શકાય કે આરામથી સૂઈ શકાય. ત્યાંથી ઉન્નત પર્વતશિખરો દેખાતાં. એ ધવલ ગિરિશૃંગો સ્વર્ણરાવનું સ્મરણ કરાવતાં અને તે પ્રાર્થના કરતી. કયા પહાડ નીચેની કઈ વસ્તીમાં તેમનું સેવાક્ષેત્ર હશે તે જાણતી નહોતી. પોતાની સેવાનું કાર્યક્ષેત્ર કયું હશે? એક અવિવાહિત સ્ત્રી ધર્મપ્રચારના કાર્યમાં શો ફાળો આપી શકે? પરંતુ આ વિચારો તે ક્યાંય પ્રગટ કરતી નહોતી. માતાતુલ્ય મિસિસ પાલ પાસે પણ નહિ.

એક અડધા દિવસની છુટ્ટીની વાત. રાકેશ પોતાની રજાઓમાં કૉલેજથી ઘેર આવવાનો હતો. કલ્યાણીને ખબર નહોતી કે એક દિવસ પહેલાં શ્રીમતી પાલને પત્ર મળ્યો હતો : "આદરણીય માતાજી, હું એક મિત્રની મોટરમાં ઘેર આવીશ. તે સુંદર રીતે મોટર ચલાવે છે.

વાસ્તવમાં તો એ તેના પિતાની કારછે. શું તે આપણી સાથે રહી શકશે?
- આપનો સ્નેહાળ પુત્ર, રાકેશ."

જ્યારે કલ્યાણી 'ગુલાબમહેલ' પાસે પહોંચી ત્યારે ત્યાં આધુનિક, સુંદર મોટરને દ્વાર પાસે ઊભેલી જોઈ આશ્ચર્યમાં પડી.

"આવી ગયાં?" પોતાની સાહેલીની પ્રતીક્ષા કરતી નેહા હાથ ફેલાવીને દોડી. નેહાનું ઉષ્માભર્યું સ્વાગત કેટલું ખુશનુમા હોયછે! જાણે પહાડ ઉપર ખીલેલાં ગુલાબ! કલ્યાણીનો હાથ ખેંચતી તે બોલી, "જુઓ, રાકેશના મિત્રની કાર."

"કોણ છે રાકેશના મિત્ર?" કલ્યાણીએ પૂછ્યું.

"ઓહ! શોભન, બીજું કોણ વળી? ચા પીધા પછી મને અને રાકેશને ફરવા લઈ જશે. તમારે પણ આવવાનું છે."

"અવસર મળતાં હું જાતે જ તમને નિમંત્રણ આપવા આવવાનો હતો." પાછળથી એક ઘેરો અવાજ આવ્યો : "પણ આ કિશોર બાલિકાએ મારી એ તક છીનવી લીધી!"

"ઓહ કલ્યાણી! આ જ શોભન છે." નેહાએ કહ્યું.

"આપને મળીને ઘણો આનંદ થયો." પેલા સુંદર નવયુવકે નમીને જરૂર કરતાં વધુ નમ્રતા પ્રગટ કરી. એના આવા વ્યવહારથી કલ્યાણી થોડીક અસ્વસ્થ તો બની. ત્યાં જ હંમેશના બાળક જેવો રાકેશ વચ્ચે ટપકી પડ્યો.

"મને પણ આનંદ થયો છે કે આજે તમારે અર્ધા દિવસનો ઑફ છે." તેણે અભિવાદન કરતાં કહ્યું, "શોભન આપણને ફરવા લઈ જશે. તમને દૂરદૂરનાં સોહામણાં દશ્યો જોવાનાં મળશે."

"આભાર. મને આપની સાથે આવતાં આનંદ થશે. રાકેશ, શું આપણે બાઈબલ-અભ્યાસના તાસ સુધીમાં પાછાં ફરી જઈશું?"

"મને તો એવું લાગે છે," રાકેશે બેપરવાઈથી ઉત્તર આપ્યો.

બધાં ચા પી રહ્યાં ત્યારે યુવાન ટોળી કારમાં બેસી બહાર ફરવા નીકળી પડી. કલ્યાણીએ શ્રીમતી પાલને કહેતાં સાંભળ્યાં. : "રાકેશ, સાડા છ વાગ્યે કે એટલામાં જરૂર પાછાં ફરી જજો."

"તમને પાછલી સીટ ઉપર નેહા સાથે બેસવામાં વાંધો તો નહિ આવે ને? મારે કાર ચલાવતાં શીખવું છે," કહી રાકેશ ઊછળીને આગળની સીટ પર બેસી ગયો.

વિશાળ અને શક્તિશાળી કાર ઢોળાવ પર પક્ષી જેમ સરળતાથી ઊતરી, કહો કે રેલાઈ. અને કલ્યાણી પ્રકૃતિની સુંદરતાનું પાન કરવા આનંદસભર હૃદયે બરોબર બેઠી.

"આપણે બોનસરોવર સુધી જઈએ. ત્યાં ફળવાટિકા છે. સફરજન તો ચૂંટાઈ ચૂક્યાં હશે. પરંતુ હજુ ત્યાં ઢગલા પડ્યા હશે. આપણે માતાજી માટે થોડાં ખરીદી લઈશું. ત્યાં ઘણાં સસ્તાં મળે છે."

"કેટલું દૂર છે, રાકેશ?" શોભને પૂછ્યું.

"ચાલીસ કિલોમીટર, લગભગ."

"ત્યારે તો પૂરતો સમય છે. અને આમેય સમયની કોને પરવા છે? બરોબર છે ને?"

"માતાજીએ કહેલું કે સાડા છ વાગ્યા સુધીમાં આવી જ જજો."

"હા, બાઈબલ-અભ્યાસનો વર્ગ સાત વાગ્યે શરૂ થાય છે." કલ્યાણી બોલી ઊઠી.

"ઠીકઠીક હવે. એકાદવાર એ છોડી દેવાય તો શો વાંધો?" શોભને દેખીતી નમ્રતાથી કહ્યું. "આ તો રજાનો સમય છે. આપણે બોનસરોવર જવું જ રહ્યું."

કલ્યાણીને સવારીનો આનંદ થતો હતો, સાથે જ એ બીજાના આનંદમાં ભંગ પડાવવા પણ માંગતી નહોતી. "જો બની શકે તો હું પાછા ફરવાનું પસંદ કરું. પણ એક વખતની વાત હોય તો વર્ગ છોડી

પણ શકું.''

"ખૂબ સરસ. આભાર આપનો." શોભનની વાણીમાં આત્મીયતાનો ભાવ જોઈ કલ્યાણીને પ્રસન્નતાનો અનુભવ થયો.

"આ કારની ઝડપ કેટલી?'' રાકેશે પૂછ્યું.

"દોઢસો. સમથળ ભૂમિ પર તો એકસોત્રીસ કિલોમીટરની ઝડપથી મેં દોડાવી છે, પરંતુ અહીંના વાંકાચૂંકા, પહાડી માર્ગો પર તો ત્રીસ-પચાસની, ત્રીસ-ચાળીસની ઝડપ ચાલે. ક્યારેક સાઠની ઉપર પણ જવાય.''

"આપણે બોનસરોવર એકાદ કલાકમાં પહોંચી જઈએ તો સારું.'' એટલું કહેતાંમાં તો શોભનને આ સોહામણી યુવતી સમક્ષ કારઝડપનું પ્રદર્શન કરવાની ઇચ્છા થઈ આવી. અને તેણે એક્સીલેટર પર પગ દબાવ્યો. ગાડી વાઘની જેમ જાણે છલાંગ લગાવી ઊછળી. તીવ્ર ઉત્તેજનાથી નેહાએ ચીસ પાડી મૂકી. વળાંકો પર ગાડીને ભયાનક રૂપથી ખખડતી જોઈ શોભને ગતિ ધીમી કરી. એને લાગ્યું કે બેસનારાં એના કારચાલક તરીકેની આવડતથી પ્રભાવિત થઈ ગયાં છે.

એમણે બોનસરોવર પર સફરજન ખરીદ્યાં, અને સૂર્યાસ્ત સમયે ઝડપથી ઘર તરફ પ્રયાણ આદર્યું.

ઝડપથી ફેલાતા અંધકારે આકાશની જુદીજુદી રંગ-છટાઓ પ્રગટાવવા માંડી. શોભને કલ્યાણીને પોતાની પાસે બેસાડવાનો આગ્રહ કર્યો હતો, જેથી તે સરસ રીતે બહારનાં દૃશ્યો માણી શકે. એણે સ્વતંત્રતાથી, ઉત્સાહથી વાતો કરી.

આવી સફરનો પ્રથમ અનુભવ લેનાર કલ્યાણી માટે તો આ આખીયે પરિસ્થિતિ ઉત્તેજનાપૂર્ણ હતી. નવા પ્રદેશનો રોમાંચ, કારની ઝડપી ગતિ, મુગ્ધ દૃષ્ટિ - આ બધાંએ એના મનમાંથી બાઇબલ-અભ્યાસના વર્ગનો સમય ભુલાવી દીધો. એ પ્રકૃતિસૌંદર્યમાં ખોવાઈ ગઈ, એમાં લીન થઈ ગઈ.

## ૧૦

કલ્યાણીએ બાઈબલ બંધ કર્યું. હળવેથી, થોડા અધીરાઈના ભાવ સાથે બાજુ ઉપર સરકાવ્યું. વીતેલા થોડા દિવસોમાં ચિત્તની એકાગ્રતા અત્યંત કઠિન બની ગઈ હતી. અને સવારસાંજના બાઈબલવાચન અને પ્રાર્થનામાં એને શક્તિ તથા પ્રેરણાના અભાવનો અનુભવ થતો હતો.

શ્રીમતી પાલ, રાકેશ, નેહા અને શોભન એને બેવાર અવકાશસમયમાં મોટરમાં ઘુમાવવા લઈ ગયાં હતાં. હવે એ આતુરતાપૂર્વક આવનાર અર્ધા દિવસનીછુટ્ટીની વાટ જોતી હતી, કારણ કે મોટરમાં પહાડોમાં ઘૂમવાનો એ અંતિમ અવસર હતો, કારણ કે બંને નવયુવકો પછી તરત જ કૉલેજ પાછા ફરી જવાના હતા. એને પ્રગટપણે શોભન પ્રત્યેના આકર્ષણનો અનુભવ થતો હતો, શોભન એના પ્રત્યેક શબ્દને જાણે ફૂલની જેમ ઝીલી લેતો હતો. એણે કલ્યાણીના સહવાસની ઈંતેજારી અને ઊંડી લાલસા દર્શાવેલા, અને પોતાના હૃદયમાં જન્મેલા પ્રેમની આંશિક અભિવ્યક્તિમાં એ સફળ પણ થયેલો. છતાં, કલ્યાણીની સ્વાભાવિક પ્રકૃતિ અને સૂઝે એને આ સુંદર, દેખાવડા, નવયુવકના મનભાવન વ્યવહારથી સચેત કરી દીધી. એને લાગતું કે શોભનની આંખો રાકેશની આંખો જેવી સ્વચ્છ અને નિર્મળ નથી; કે નથી એ ડૉક્ટર મનોહરની આંખો જેવી વિશ્વાસપાત્ર અને કરુણામયી. ઊલટું, આ આંખોનું ઊંડાણ તો દેખાય છે એથી ઘણું વધારે છે, એમાં તો છુપાઈ છે નિર્લજ્જતા, ભોગવી લેવાની મનોવૃત્તિ. આ જાણવા છતાંયે એ વિચારતી કે કદાચ કહેવાતા કુલીન કે શિષ્ટ વર્ગના લોકોની સોબતથી એનો વ્યવહાર એવો બની ગયો હશે.

આ વિચારોને બળપૂર્વક મનમાંથી હઠાવી દઈ એ કામ પર જવાની તૈયારી કરવા લાગી. સહસા, એની દૃષ્ટિ એક કાર્ડ પર પડી, જે રેચલમાસીએ મોકલ્યું હતું. એના પર લખ્યું હતું : "ખ્રિસ્ત ઈસુ દ્વારા જે ઈનામ મેળવવાનું ઈશ્વરે સ્વર્ગમાંથી આહ્વાન કર્યું છે તે મેળવવા, ધ્યેયને લક્ષમાં રાખી, હું આગળ ધપી રહ્યો છું." પારસ્પરિક વિરોધી લાગણીઓએ એને જકડી લીધી. શું એણે ગાયું નહોતું : "મને તોડી નાંખ, મને ફેરવ, મને ભરી દે." એ જાણતી હતી કે આ બુધવારે એણે ગુલાબમહેલ નહિ જવું જોઈએ. પરંતુ "આ તો છેલ્લી વાર છે," એણે પોતાની જાત સાથે તાર્કિક સમાધાન કર્યું, "પછીથી હું બાઈબલ-અધ્યનને કદી ટાળીશ નહિ."

"હવે મારે પાછા ફરવાનો સમય થયો છે," કહી કલ્યાણી શ્રીમતી પાલ તરફ ફરી. પરિવારનાં બધાં સભ્યોએ ઉપવનમાં ચા પીધી હતી અને રાત્રિભોજન માટે ઘેર પાછાં ફર્યાં હતાં. જ્યારે કલ્યાણીએ શાસ્ત્રાભ્યાસની વાત ઉચ્ચારી ત્યારે રાકેશે તરત જ મિસિસ પાલ પાસે પોતાની વાત મનાવી લીધી. માની પાસે ધાર્યું કેમ કરાવવું તે બરોબર જાણતો હતો, અને પિતાજી તો કાર્યવ્યસ્ત હોવાથી હંમેશાં ઘરની બહાર જ રહેતા. શ્રીમતી પાલ નેહા સાથે થોડીઘણી કઠોરતાથી વર્તતાં, પરંતુ પોતાના એકના એક દીકરાની ઈચ્છા વિરુદ્ધ જવાનું સામર્થ્ય એમનામાં નહોતું.

"મા, કાલથી તો હું મહિનાઓ સુધી બહારગામ રહીશ," તેણે કહ્યું : "આજે આ છેલ્લી સાંજ આપણે બધાં સાથે જ ગાળીશું."

"હું કલ્યાણીને કારમાં હૉસ્પિટલે પહોંચાડી દઈશ." શોભને શ્રીમતી પાલને કહ્યું, "કારમાં તો બસ દસ મિનિટ લાગશે."

"મારે થોડા ફોટોગ્રાફસ ધોવા છે, એથી હું નહિ આવી શકું." રાકેશે કહ્યું, "હજી તો બે રીલ બાકી છે."

"હું જઈશ," નેહાએ અધીરાઈથી કહ્યું.

"ના બેટા, હવે તારે સૂવાનો સમય થયોછે. કલ્યાણીને નમસ્કાર કર, અને મારી સાથે ઉપર ચાલ."

શોભને નમ્રતાપૂર્વક હાથનો નાજુક ટેકો દઈ કલ્યાણીને કારમાં બેસાડી. કાર ઊપડી. થોડી ક્ષણ પછી તો એ બીજે જ માર્ગે વળી.

"હૉસ્પિટલ જવાનો માર્ગ તો જમણી બાજુએ છે!" કલ્યાણીએ કહ્યું.

"હવે જરા આગળના વળાંકે વળી જઈએ તો બહુ મોડું નહિ થાય."

"શી એટલી બધી ઉતાવળ છે?" શોભને થોડા ખેદપૂર્વક કહ્યું, અને બીજો વળાંક પણ નીકળી ગયો. "હું થોડીવાર તમને કારમાં ફેરવી લઉં, પછી તો મહિનાઓ સુધી આપણી મુલાકાત નહિ થાય." એનો હાથ કલ્યાણીને ખભે મુકાયો.

કલ્યાણીના મસ્તકમાં અને શરીરમાં લોહી ગરમાગરમ થઈ ગયું. એ જાણતી હતી કે એ વાતનો એણે અસ્વીકાર કરી દેવો જોઈએ, એટલા માટે નહિ કે એના પર સમયનું બંધન હતું; પરંતુ એ સમજી ગઈ હતી કે એણે શોભન સાથે અત્યંત ઘનિષ્ટ મિત્રતા બાંધવી ન જોઈએ. પરંતુ, અંતરાત્મામાં કોઈક દુષ્ટ વાણી જાણે કહેતી હતી : "આ અંતિમ તક છે, થોડી મજા કરી લે. થોડીવાર ફરવામાં કશું નુકસાન નહિ થાય." બીજી દિવ્ય વાણી કહેતી હતી : "નિશાન ભણી આગળ વધ, સંસારની મિત્રતા એટલે ઈશ્વર પ્રત્યે વેર."

"મારે ચોક્કસ પાછા ફરવું જોઈએ," કલ્યાણીએ નિર્બળતાથી કહ્યું.

શોભનને એના અવાજમાં રહેલાં નિર્બળતા અને અનિર્ણયાત્મકતાનો ખ્યાલ આવી ગયો. "ખૂબ સરસ," એણે હસીને

કહ્યું, "તમે જ થોડી જ વારમાં પહોંચી જશો." એણે એક્સીલેટર દબાવ્યું, ગાડી પહાડો વટાવી પહાડના પૂર્વમાર્ગમાં આવેલા ઘાટોમાં થઈ દોડતી રહી.

અચાનક, કલ્યાણીને ભય લાગ્યો, શોભન થોડીક અસાવધાનીથી વર્તતો હતો, અને વળાંકો પર પણ ઝડપ વધારતો હતો. "કૃપા કરી ગાડીની ગતિ ધીમી કરો," એણે કહ્યું, નિશ્ચયપૂર્વક, બળપૂર્વક કહ્યું, "મારે હવે આગળ જવું નથી. જ્યાંથી વળાય ત્યાંથી વળી જાઓ."

"હવે આગળ તત્કાળ તો પાછાં ફરાય એવી જગ્યા આવતી નથી, શોભને કહ્યું, "ગઈ કાલે જ રાકેશ સાથે હું અહીં આવ્યો હતો. ચિંતા કરવાનું મૂકી દો, અને આનંદની મસ્તીભરી વાત કરો. એકાંતોની સોડમાં વાતો કરવાનો, હૈયાંની બારી ઉઘાડી વિશાળ ક્ષિતિજોમાં દષ્ટિ ફેંકવાનો આ પહેલો જ પ્રસંગ મળ્યોછે." શોભને ખૂબ વિનીત ભાવથી કહ્યું. જોકે એની આંખો કોઈક વિચિત્ર અને હિંસક રીતે ચમકતી હતી, પરંતુ જાણે એના શબ્દો કે વિનંતી કોઈ બહેરા કાનમાં અથડાતી હતી. શોભનનું શરીર ઉશ્કેરાટથી ધ્રૂજતું હતું. એનો એક હાથ કલ્યાણીની કમર પાછળ હતો.

"કૃપા કરી ગાડી રોકો. મને વિશ્વાસછે કે તમે જરા ધીમી ગતિથી કાર હાંકશો તો ગાડી વાળવાની જગ્યા જરૂર મળી આવશે." ઓ...હ...એક ભયાનક ચિત્કાર એના મુખમાંથી નીકળી ગયો, જ્યારે એણે વળાંક પાસે જ સામેથી વિકરાળ પશુની જેમ ધસી આવતા ખટારાને જોયો. શોભને જોરથી બ્રેક મારી, અને પહાડને કિનારે એની ગાડી ઝૂલી ગઈ, લગભગ લટકી રહી, ગાડીની અતિ તેજ ગતિને કારણે તે કાબૂ બહાર હતી, અને રસ્તો એકસાથે બે વાહનો ન જઈ શકે તેવો સાંકડો હતો. ખટારાનો ડ્રાઈવર જરાયે આઘોપાછો થઈ ન શક્યો,

કારણ કે એની એક બાજુ ઘેરી અંધકારમય ખીણ હતી, જેમાંથી જોરદાર રીતે વહેતી નદીનાં ધસમસતાં પાણીનો અવાજ સ્પષ્ટ સંભળાતો હતો. કાચ તૂટવાના, લાકડાં અને પતરાંની ભયંકર તોડફોડના, બ્રેક દબાવવાના કર્કશ અવાજો સાથે - એક વિનાશક ધડાકા સાથે - બંને વાહનો એકબીજા સાથે ભટકાયાં અને પછી શું થયું તેની કલ્યાણીને કશી ખબર નથી.

લગભગ બાર કલાક પછી એ ભાનમાં આવી. ચારે તરફની અપરિચિત વસ્તુઓ એણે ધ્યાનથી જોઈ. એની પથારી પાસે એક નર્સ ઊભી હતી.

"શું મારે કામ પર જવાનું છે ?" કલ્યાણી બબડી. તેના માથામાં અત્યંત તીવ્ર વેદના થઈ રહી હતી, પરંતુ પીડાના કારણની એને ખબર નહોતી.

"ના, તમારે તો માત્ર આરામ કરવાનો છે," નર્સે ઈંજેક્શન આપવાની તૈયારી કરતાં કહ્યું, "ચિંતા કરવાની કોઈ જ જરૂર નથી." ચિંતામુક્તિના સુખનું ઘેન અનુભવી, કલ્યાણી પુનઃ અચેતનાવસ્થામાં ડૂબી ગઈ. એ જાગૃતાવસ્થામાં પાછી ફરી ત્યારે મસ્તકની પીડા હલકી પડી હતી, થોડો આરામ લાગતો હતો, ધીરેધીરે એની સ્મરણશક્તિ જાણે કે દૂરદૂરથી પાછી આવી રહી હતી.

"નર્સ, નર્સ," પોતાની પાસે ચૂપચાપ ઊભેલી વ્યક્તિને ન જોઈ એણે ચીસ પાડી.

"હા, શું છે?"

"નર્સ, શું બીજી વ્યક્તિઓ મૃત્યુ પામી ?"

"ના, કોઈ મર્યું નથી. તમારા મિત્ર શોભન આશ્ચર્યજનક રીતે બચી ગયા. ખટારામાં બેઠેલ પણ ઘાયલ થયેલા, પણ કોઈને વિશેષ ઈજા થઈ નથી."

"હું ક્યાં છું?"

"રાનીઘાટની સાર્વજનિક હૉસ્પિટલમાં."

"મારા જમણા પગમાં કંઈક વિચિત્ર દર્દ થાય છે. શું એ તૂટી ગયો છે?"

"હા, હાડકું તૂટ્યું છે, પરંતુ કશું ચિંતાજનક નથી. તમે સંપૂર્ણ રીતે સ્વસ્થ થઈ જશો. હું તમને થોડુંક ગરમ પીણું આપું છું. વિચાર કરશો નહિ. તમારે તો ઊંઘની જ જરૂર છે."

પ્રસન્નતાથી આ સૂચન સ્વીકારી કલ્યાણી ફરીથી ઘેનમાં ડૂબી ગઈ.

"એને હવે કેમ છે, નર્સ?"

"ચોટનો આઘાત દૂર થયોછે, અને સ્મરણશક્તિયે પાછી આવી છે."

"એમને ખૂબ શાંત રાખો. મળવા આવનારાંઓને મળવા દેશો નહિ."

## ૧૧

ત્રણ દિવસ પછી શ્રીમતી પાલને કલ્યાણીને મળવાની અનુમતિ મળી.

"બેટા, અમે ઈશ્વરનાં કેટલાં આભારીછીએ કે તમે બચી ગયાં. ચર્ચમાં તમારે માટે ખાસ પ્રાર્થના કરવામાં આવેલી."

"દોષ તો મારો હતો," યુવતીની વાણીમાં થોડી કટુતા હતી.

"તમારો દોષ કેવી રીતે? શોભને તો સ્વીકારી લીધું કે તે ખૂબ ઝડપથી ગાડી દોડાવતો હતો."

"જો હું આરંભથી જ દઢ મનની અને સ્થિર રહી હોત તો હું એને સીધો હૉસ્પિટલ પર લઈ જઈ શકત. એ તો મારી જ નિર્બળતા હતી અને એણે તેનો ગેરલાભ ઉઠાવ્યો. 'મેં આંગળી આપી ન હોત તો એ પહોંચો પકડત નહિ.' હું જાતે જ એ દુર્ઘટના માટે દોષિત છું. મેં ઈશ્વરની આજ્ઞાનું ઉલ્લંઘન કર્યું. એણે જ મને ચેતવણી આપી છે."

"બેટા, હું તો મને પોતાને જ દોષિત માનું છું. મેં તો ઈશ્વરને બદલે રાકેશની વાત માની, અને વિશેષમાં શોભન સાથે તને એકલીને મારે મોકલવી જોઈતી નહોતી. મારે તો રાકેશના મિત્ર તરીકે તેને અપનાવવો પડ્યો, પરંતુ આરંભથી જ મને તેના ઉપર પૂરો વિશ્વાસ નહોતો. એ રાકેશ કરતાં વયમાં મોટો છે, અને સંસારની વાતોમાં ચતુર છે. એનો રાકેશ પર જે પ્રભાવ છે તેનાથી હું ડરું છું. શ્રી પાલ ઘેર હોત તો આ બધી પરિસ્થિતિએ જુદો જ વળાંક લીધો હોત."

"મને ભય છે"...સહસા કલ્યાણી રોકાઈ ગઈ.

"શેનો?"

"હું આપને ન કહું તો વધુ સારું" - અત્યાધિક દુઃખને કારણે

એના ગળામાં ડૂસકું ભરાઈ આવ્યું. સતર્ક નર્સ માટે જ જાણે આ સિગ્નલ કે સંકેત હતો.

"મળવાનો સમય પૂરો થયો," નર્સે શાંતિપૂર્વક જણાવ્યું.

કલ્યાણીને પુત્રીતુલ્ય સમજનાર શ્રીમતી પાલ એના મુખ પર ચુંબન કરવા નીચે નમ્યાં. પછી ભારે હૃદયે ઘેર જવા ફર્યાં. યુવતીની શારીરિક અને માનસિક વ્યથા જોઈ એમને ભારે દુઃખ થયું.

એ જ સાંજે એમણે રેચલમાસી પર લાંબો પત્ર લખ્યો. સાથેસાથે કલ્યાણીનાં માતાપિતા પર પણ લખ્યું. રેચલમાસીને પૂરી કથાનું ભારે દુઃખથી આલેખન કર્યું, જ્યારે એનાં માબાપને લખ્યું કે કલ્યાણી હવે સ્વસ્થ થતી જાય છે.

હૉસ્પિટલમાં ભયપૂર્ણ વિચારોથી કલ્યાણીના મનમાં સંઘર્ષ જાગ્યો. શું એવું તો નહિ બને કે પ્રભુની સેવા માટે એ અયોગ્ય ઠરશે? એને પોતાની નિર્બળતા અને અસ્થિરતાનો પશ્ચાતાપ થયો. મિશન હૉસ્પિટલમાંથી એની બધી વસ્તુઓ મંગાવી લેવામાં આવી હતી. તેનું બાઇબલ પલંગ પાસેના નાનકડા મેજમાં હતું, પરંતુ તેને વાંચવાની રજા નહોતી. એણે વાંચવાનો પ્રયત્ન કર્યો તો મસ્તકમાં ભયાનક પીડા ઉત્પન્ન થઈ. આમ શાંતિ અને આશા આપનાર મુખ્ય સાધનથી એ વંચિત રહી ગઈ. અનુરાધાને મળવાની હૃદયમાં તીવ્ર આકાંક્ષા ઉત્પન્ન થઈ, પરંતુ જીવનસંઘર્ષની પૂરી કથા કહી શકાશે કે કેમ તેનો સંદેહ હતો. વિશ્વાસુ અને સ્નેહદયાસભર બે આંખો, અને એક હસમુખો ચહેરો મન ઉપર ડોકાયા કરતો હતો. એ ચહેરો તો પૂરેપૂરો વિશ્વાસપાત્ર હતો, પરંતુ એ દૃશ્ય અને સ્મૃતિને મનમાંથી નાબૂદ કરવાના પ્રયત્નો કરતી હતી - "મને હવે શો અધિકાર?"

થોડાક દિવસો વીત્યા પછી શ્રીમતી પાલ કલ્યાણી માટે રેચલમાસીનો પત્ર લઈ આવ્યાં.

"વહાલી દીકરી કલ્યાણી, મને એ સાંભળીને અત્યંત દુઃખ થયું કે તું એક મોટર દુર્ઘટનામાં ફસાઈ ગઈ હતી. હું પ્રભુના કૃપાળુ ચરણોમાં નમી, અને પ્રાર્થનામાં તારે માટે સંદેશો માગ્યો. તેમણે મને રોમનોને પત્ર ૮:૨૮ કલમ આપી : "આપણે જાણીએ છીએ કે જેઓ ઈશ્વર ઉપર પ્રેમ રાખે છે, જેમને ઈશ્વરે પોતાની યોજનાનુસાર બોલાવેલા છે તેમનું ઈશ્વર હર વાતમાં ભલું કરે છે" અને યોહાન ૧૩:૭, "હું શું કરું છું એ અત્યારે તું સમજતો નથી, પણ પાછળથી તને સમજાશે." "કલ્યાણી, બેટા, આ દુર્ઘટના પણ પરમેશ્વરની પ્રેમમય ભુજાઓ નીચે તારી ભલાઈ માટે ઘડાયેલી કોઈ યોજનાનો કદાચ ભાગ હોય. તને અત્યારે કદાચ એ સમજવું મુશ્કેલ પડશે, પણ તું એક વખત એને સમજશે જરૂર. અને ત્યારે આભારથી તારું હૈયું છલકાઈ ઊઠશે. કેવળ ઈશ્વરમાં વિશ્વાસ રાખ, અને એમની બળવાન ભુજા તારું રક્ષણ કરો."

કલ્યાણીને પત્ર સ્વર્ગમાંથી ઈશ્વરનો શુભસંદેશ લઈને આવેલો લાગ્યો, એના હૃદયમાં શાંતિનો હિલ્લોળ ઊઠ્યો.

"અરે હાં," શ્રીમતી પાલે કહ્યું : "એક બીજી વાત પણ હું તમને કહેવા માંગતી હતી." એમના અવાજ અને ભાવમાં પરિવર્તન આવતાં કલ્યાણી તે સાંભળવા ઉત્સુક બની. "રવિવારે સાંજે આરાધનાગૃહમાં એક ખૂબ સરસ વક્તા આવ્યા હતા. દુર્ભાગ્યવશ હું થોડી મોડી પહોંચી અને તેથી એમનું નામ, સ્થળ વગેરે અંગે વિશેષ વિગતો મેળવી શકી નહિ. પણ સંદેશો અતિ પ્રભાવશાળી અને હૃદયસ્પર્શી હતો. વિષય હતો : 'હું નિશાન કે ધ્યેય પ્રતિ આગળ વધુ છું.' - "કેમ શી વાત છે?" કલ્યાણીના હોઠોમાંથી એક દીર્ઘ નિઃશ્વાસ નીકળ્યો.

"એ જ - એ જ શબ્દો છે, જે પ્રભુએ મને આપ્યા હતા, અને જેમની મેં ઉપેક્ષા કરી, ઓહ!"

"મને લાગે છે કે વધુ વાતો કરી મેં તમને થકવી નાંખ્યાં - હવે મારે જવું જોઈએ."

"કૃપા કરી જતાં પહેલાં ફરી એકવાર રેચલમાસીનો પત્ર વાંચી સંભળાવો."

"અવશ્ય." પત્ર વાંચ્યા બાદ શ્રીમતી પાલ ઊભાં થયાં. "શું તમારે એમને કોઈ સંદેશો મોકલવો છે?"

"આપની મોટી કૃપા થશે. તેમને મારા પ્રણામ પાઠવશો અને લખજો કે પુનઃ એકવાર એ મારા જીવનમાં પરમેશ્વરનાં સંદેશાવાહક સાબિત થયાં છે," એટલું કહેતાં એના મુખ ઉપર દુઃખની રેખાઓ અદશ્ય થઈ અને તેણે સ્મિત કર્યું. "બધી જ બાબતોમાં હું ઈશ્વર પર વિશ્વાસ રાખું છું. પરમેશ્વરનો મહિમા થાઓ."

અકસ્માતના લગભગ બે સપ્તાહ પછી કલ્યાણીના 'સ્પેશિયલ' નાના રૂમમાં તેને તપાસી લીધા પછી ડૉ.પ્રસાદે કહ્યું : "હવે તમારું સ્વાસ્થ્ય સુધરી રહ્યું છે. તમારા હાડકાં ખૂબ ખરાબ રીતે તૂટી ગયાં હતાં, પણ હવે એ સંધાઈ ગયાં છે. હવે માથાનો દુઃખાવો કેવો છે?"

"હજુ દુઃખે છે તો ખરું, પણ એટલું બધું નહિ. હું હવે થોડો સમય વાચન કરી શકું છું."

"બહુ સરસ. અચ્છા, કાલે હું વિદાય લઈશ. કારણ કે મારો અહીંનો સમય પૂરો થયો છે; પરંતુ હું તમને અત્યંત સુયોગ્ય હાથોમાં સોંપતો જઈશ. મારા ઉત્તરાધિકારી પર મને સંપૂર્ણ ભરોસો છે."

"ડૉક્ટર આપે જે કંઈ મારે માટે કર્યું, જે તકલીફો ઉઠાવી તે બદલ હું આપની આભારી છું."

"જો આપણા બધા જ દર્દીઓ આવી સરસ રીતે સહયોગ આપે તો બધાં જ કામ કેટલાં આસાન થઈ જાય! આભાર!"

બીજી સવારે કલ્યાણી તકિયાનો ટેકો લઈ બેઠીબેઠી ડૉક્ટર

વિઝિટની પ્રતીક્ષા કરી રહી હતી. પુનઃપ્રાપ્ત શાંતિથી માનસિક થાક દૂર થઈ ગયો હતો, અને આત્મામાં સ્ફૂર્તિદાયક મધુર આનંદનો અનુભવ થતો હતો.

એને લાગતું હતું કે ભૂતકાળના જીવનની બધી જ નાદાનિયત, ક્ષતિઓ અને નિષ્ફળતાઓની ક્ષમા એને મળી ચૂકી છે. પ્રત્યેક ડાઘ કે કલંક ક્રૂસના રક્તસંસ્કારમાં ધોવાઈ ગયેલ છે, અને હવે તે ભાવિનો નિર્ભીક્તાથી સામનો કરી શકશે.

ત્યાં જ બહારથી ડૉક્ટર પ્રસાદનો થોડોક ભારેખમ અવાજ સંભળાયો : "અહીં જ મિશન હૉસ્પિટલની એક નર્સબહેન છે, જે એક કારઅકસ્માતમાં ઘાયલ થઈ ગઈ હતી." અને આંખો સામે જ સ્વપ્નિલ, સ્નેહાળ, પ્રસન્નતાથી છલકાતો ચહેરો આવ્યો, જેના વિચારોને મનમાંથી દૂર ફેંકી દેવા એ સતત નિરર્થક પ્રયાસો કરી રહી હતી.

"અરે! આ તો કલ્યાણી છે!" ડૉક્ટર ડેવિડ મનોહરે આશ્ચર્ય પ્રગટ કરતાં કહ્યું. એમની તેજસ્વી આંખો મિત્રતાના સ્મિતથી ચમકી ઊઠી. "અમે બંનેએ એક જ હૉસ્પિટલમાં સાથે કામ કર્યું છે. વાસ્તવમાં તો હું તેમના એક શુભકર્તવ્યનો આભારી છે. શું તમને પેલી ચાની ટ્રે - કપરકાબી - નો અકસ્માત યાદ છે? આપણે બંનેની પ્રથમ મુલાકાતનો પ્રસંગ. પહેલી ઓળખાણ."

કલ્યાણીનું સમગ્ર અસ્તિત્વ રોમેરોમ પુલકિત થઈ ઊઠ્યું! આખું મોં હસુંહસું થઈ રહ્યું : "હા, આપે જ મને સિસ્ટરના કોપાગ્નિથી બચાવી લીધેલી. તે પહેલાં હું ઘણી વસ્તુઓની તાડફોડ કરી ચૂકી હતી."

"અને હવે તમે પગ તોડી નાંખ્યો! શું હું વધુ પ્રકાશમાં, ઇલેક્ટ્રિક બલ્બ નીચે, કલ્યાણીનો એક્સ-રે ફોટો જોઈ શકું, ડૉ.પ્રસાદ?"

"ઘણી ખુશીથી."

"ધન્યવાદ." પ્રકાશમાં એક્સ-રે પ્લેટનું નિરીક્ષણ કરી

ડૉ. મનોહર બોલી ઊઠ્યા : "હાડકાં સરસ રીતે સંધાઈ રહ્યાં છે. પરમેશ્વરનો આભાર કે તમે મસ્તક તોડી નાંખ્યું નહિ!" ડૉક્ટરે એવા ભાવથી કહ્યું કે કલ્યાણીનો રૂપાળો ચહેરો લજ્જાથી લાલલાલ થઈ ગયો, પરંતુ એ જ વખતે ડૉક્ટર મનોહર ડૉ.પ્રસાદ સાથે વાત કરવા ફર્યા, એથી કલ્યાણીને લાગ્યું કે કદાચ એમનું ધ્યાન એ વાત ઉપર - યૌવનાના સુરખીભર્યા - લજ્જાસૌંદર્ય પર - પડ્યું નહિ હોય!

"આપે બે સપ્તાહ કહ્યું? મને તો લાગે છે કે એમણે ત્રણચાર સપ્તાહ અહીં રહેવું પડશે. પછી આપણે કાર્ડબોર્ડના કે પાતળા પાટિયાના ટુકડા લગાવી એમને ડ્યૂટી પર પાછાં મોકલી આપી શકીશું."

"હા, મારો અંદાજ પણ એવો જ હતો."

ડૉક્ટર પ્રસાદ ખંડમાંથી બહાર જતાં આગળઆગળ ચાલ્યા, પરંતુ દ્વાર પર પહોંચી કલ્યાણીને કશુંક કહેવા ડૉક્ટર મનોહર પાછા ફર્યા.

"તમારી દૃષ્ટિ પરમેશ્વર તરફ રાખો," એમણે મૃદુતાથી ઉમેર્યું:

"સ્મરણમાં રાખજો કે જે પરમેશ્વર ઉપર પ્રેમ રાખે છે તેમને માટે બધી વાતો ભેગી મળી લાભદાયી નીવડે છે."

# ૧૨

અનુરાધાએ એક નવજાત શિશુને વસ્ત્રોમાં લપેટી પારણાંમાં સુવાડી દીધું, અને ખંડમાં ચારે તરફ દૃષ્ટિ કરી. તેણે અને અન્ય પરિચારિકાઓએ આઠ શિશુઓને સ્નાન કરાવ્યું, અને બધાંને દૂધ પિવડાવી તેમની માતાઓની ગોદમાં સુવાડી દીધાં. દ્વાર ખૂલ્યું અને એક દાસીએ ટ્રેમાં ચાના કપ સાથે પ્રવેશ કર્યો.

"હવે બધું બરોબર છે," અનુરાધાએ કહ્યું.

"આપણને ડૉક્ટર નિરીક્ષણ પૂર્વે કાર્ય પૂરું કરી ચા પીવાનો પૂરતો સમય મળશે."

"હવે તમે જઈ શકો છો," નરગીસે કહ્યું.

"હવે સફાઈ કરવાનો મારો વારો છે," પોતાના શબ્દાનુસાર તેણે સ્નાન કરાવવાનું ટબ ઉઠાવ્યું અને ગંદું પાણી ફેંકવા તે બહાર નીકળી.

"સરસ. મને વધુ વખત નહિ લાગે."

જ્યારે તે વરંડામાં થઈ કેન્ટીન તરફ જઈ રહી હતી ત્યારે અકસ્માત અનુરાધાની દૃષ્ટિ નર્સો ઉપર આવેલા પત્રો જ્યાં મુકાય છે તે બોર્ડ ઉપર પડી. એક પરબીડિયા ઉપર મોટા અને સ્પષ્ટ અક્ષરે લખ્યું હતું : 'અનુરાધા'. પૂર્ણ પરિચિત હસ્તાક્ષર નિહાળી આનંદાશ્ચર્યથી તે બોલી ઊઠી : "કેટલું સુંદર!" અને ઝડપથી બોર્ડમાંથી પત્ર લઈને કેન્ટીન તરફ ધસી. ઉત્સુકતાથી પત્ર વાંચતાં એનો ચહેરો પ્રસન્નતાથી ફૂલકળીની જેમ ખીલી રહ્યો.

"હલ્લો! શું ચાલે છે? એવું પ્રતીત થાય છે જાણે તને નવા પૈસા ગુમાવી નોટોનું બંડલ હાથ લાગ્યું છે!" રૂથ પોતાની બહેનપણીની

નજીક આવી બેઠી.

"અરે! આ તો કલ્યાણીના હસ્તાક્ષરછે, નહિ?" એણે લગભગ બૂમ પાડી કહ્યું : "એવું લાગે છે જાણે વર્ષોથી આપણને એના કોઈ સમાચાર મળ્યા નથી. શું એનો પગ ચાલી શકે તેવો થઈ ગયો? ગરીબ બિચારી! હું તો આપણી કલ્યાણીને લંગડી ચાલતી હોય તેવી કલ્પના પણ કરી શકતી નથી."

"હા, બીજું પણ ઘણું બધું લખ્યું છે." અનુરાધાએ આંખો મટમટાવતાં કહ્યું અને તે ચાલી નીકળી. જતાં જતાં તે બોલી : "પરંતુ તારે થોડો સમય ધીરજ રાખવી પડશે, આતુરતા ઉપર કાબૂ રાખવો પડશે. કારણ કે મારે ઝડપથી પાછા જઈ નરગીસને ડૉક્ટર આવે તે પહેલાં છૂટી કરવાની છે."

"ડૉક્ટરનું કડકાઈભર્યું સુપરવિઝન! જરૂર તારી આંખોમાં કોઈ આશ્ચર્યજનક વાત તો છે, પરંતુ શું છે તેનું અનુમાન હું કરી શકતી નથી. તારે જવું હોય તો જા, પણ મને પત્ર વાંચવા માટે નહિ આપી શકે?"

"નહીં, તારે એક સારી અને ધૈર્યવાન છોકરી બનવું પડશે." અનુરાધાએ રૂથને ચીઢવવા કહ્યું : "ભોજન પછી તું મારા કમરામાં આવી જજે અને તને બધી ખબર પડી જશે. અત્યંત રોમાંચકારી, વિસ્મયજનક વાત છે ! પણ હવે મારે દોડવું પડશે. અચ્છા, બાય-બાય!" અને તે તેજગતિથી ચાલી ગઈ.

"શી વાત હોઈ શકે ?" રૂથે મનોમન પ્રશ્ન કર્યો. શું કોઈ નવી હૉસ્પિટલનું ઉદ્દ્ઘાટન થવાનું છે જ્યાં પરીક્ષા પછી કોઈ ઉત્તમ પદપ્રાપ્તિની સંભાવના હોઈ શકે? કલ્યાણી તો હંમેશાં સુંદર કાર્ય કરી ઉન્નતિ કરવાની ઇચ્છુક રહેતી, અથવા કોઈ ધનિક સંબંધીનો વારસો મળ્યો હશે? પ્રાતઃકાળનોછુટ્ટીનો વખત આવા આડાઅવળા વિચારોમાં

જ પ્રસાર થઈ ગયો.

"હું હવે એક ક્ષણ પણ વધુ રોકાઈ નહિ શકું," ભોજન પછી રૂથે અનુરાધાના ખંડમાં પ્રવેશ કરી લગભગ બૂમ પાડી : "ઝડપથી બતાવ, શું રહસ્ય છે?"

"તું શાંતિથી બેસ. હું તને વાંચી સંભળાવું છું." તેની સાહેલી હસી પડી.

"ઠીકઠીક. કેટલાક લોકો જિજ્ઞાસા જાગૃત કર્યા પછી જ રહસ્યોદ્‌ઘાટન કરે," રૂથે આરામખુરશીમાં બેસતાં કહ્યું, "વાંચવા માંડ, હું એકાગ્રચિત્તે સાંભળું છું." તેણે લગભગ આંખો બંધ કરી દીધી.

અનુરાધાએ બ્લાઉઝમાંથી પત્ર કાઢી વાંચવા માંડ્યો :

"પ્રિય અનુરાધા,

મારી સાથે આનંદ કરો. હવે હું કોઈનીયે સહાય વિના ચાલી શકું છું. લાકડાની પટ્ટીઓ કાઢી નાંખી છે, અને હવે જમણો પગ ડાબા પગ જેટલો જ સરસ થઈ ગયો છે."

"ઓહ! પરમેશ્વરને ધન્યવાદ," રૂથ વચમાં જ બોલી ઊઠી : "હું તો રૂપકડી કલ્યાણીને લંગડી જોવાની કલ્પનાયે કરી શકતી નહોતી. પરમેશ્વરની ગતિવિધિ કેટલી આશ્ચર્યજનક છે!"

"હા, મને ખબર છે. મને યાદ આવે છે કે એક દિવસ મેં એને ચીઢવતાં કહ્યું હતું કે "જો એને ક્યારેક પ્લાસ્ટરમાં રાખવામાં આવે તો એની સેવા કરતાં મને દુઃખ થશે," મને ખબર નહોતી કે એવું જ બનશે. એ સમયની ઉટપટાંગ વાતોને બદલે હું કેટલી પ્રસન્નતાપૂર્વક એની સેવા માટે દોડી જાત! સાચે જ, એને ઘોરસંઘર્ષ કરવો પડ્યો હશે. અચ્છા સાંભળ."

"એક વખત તો હું ચાલી શકીશ કે કેમ તેની જ મને શંકા પડતી, મને ડર લાગતો કે સેવાકાર્યો માટે હું અયોગ્ય, અશક્ત પાત્ર સાબિત

થઈશ. પરીક્ષા પણ સમયસર આપી શકીશ કે કેમ, એ વિચાર પણ સતાવતો. આ દિવસોમાં હું કંઈ કેટલાયે પાઠ શીખી. તને પેલું ગીત - ધાર્મિક સંમેલનમાં સાંભળ્યું હતું તે - યાદ છે?"

"સૂકાં આ હાડકાં કરે,
ખીણોમાં ખભળાટ;
લાગે અંતર ગભરાટ,
સેના પામે સનસનાટ,
અજબ શક્તિથી રે.........."

"હું પણ એ પ્રાર્થનાસ્તવન ક્યારેય ભૂલીશ નહિ," રૂથે ગાંભીર્યથી કહ્યું.

"ને હું પણ. રાત્રિ મારા જીવનમાં એક નવું જ પરિવર્તન લાવનારી ઉજ્જવળ રાત્રિ બની રહી છે, પરંતુ મને લાગે છે કે એ સહગાનનો - આત્મિક વૃષ્ટિનો - કલ્યાણીને જે અનુભવ થયો તેવો નથી," કહી તે આગળ વાંચવા લાગી :

"હવે હું વિશ્વાસ ધરાવું છું કે પરમેશ્વરે એ પ્રાર્થનાનો ઉત્તર આપ્યો. મને પોતાની જાત ઉપર વધુ પડતો વિશ્વાસ હતો. હું વિચારતી કે હું ઘણી બલિષ્ઠ છું - મક્કમ મનોબળવાળી છું, પરંતુ જીવનના કટુ અનુભવોએ મને દર્શન કરાવ્યું કે વાસ્તવમાં હું કેટલી નિર્બળ છું! જીવનની નિષ્ફળતાઓમાંથી હું શીખી કે મારામાં મસીહના આત્મા સિવાય બીજી કોઈ સરસ વસ્તુ નથી. ઈશ્વરી પરાક્રમની સહાય વિના હું કંઈપણ કરવાને અસમર્થ છું, પરંતુ સૌથી મોટું આશ્ચર્ય તો એ છે કે તેના દ્વારા હું બધું જ કરી શકું છું - 'મૃત્યુની છાયાની ખીણ' માં પણ સ્તુતિનાં ગીત ગાઈ શકું છું."

"હું કદાચ લખવાનું ભૂલી જાઉં, તેથી પહેલેથી જ કહી દઉં કે સ્વાસ્થ્યસુધારકેન્દ્ર, જ્યાં મને મોકલવામાં આવી હતી, ત્યાં મને આભા

મળી. તે ખૂબ દુઃખિત અને અસંતુષ્ટ દેખાતી હતી, એવી રીતે કે એનો ફેશનેબલ શૃંગાર અને એનાં બહુમૂલ્ય વસ્ત્રો પણ એની વેદનાને ગોપિત રાખી શકતાં નહોતાં. તે પોતાની એક સાહેલીને મળવા જઈ રહી હતી. તેણે મને જોઈ નહોતી. પણ મેં તેને જોતાં જ બોલાવી અને હું બેઠી હતી ત્યાં આવી. એણે મારા અકસ્માત અંગે કશું જ સાંભળ્યું નહોતું. અને દુર્ઘટનાને કારણે મને પડતું કષ્ટ જોઈ તેનું હૃદય નમ્ર બન્યું. અત્યંત આત્મીયતાસહિત મારી સાથે વાતો કરવા તે બેસી ગઈ. થોડીવાર પછી તેણે આશ્ચર્ય પ્રગટ કર્યું : "તું આટલી બધી નિશ્ચિંત કેમ છે તે હું સમજી શકતી નથી. તું અમારી જેમ સ્વસ્થતાથી, સરળતાથી ચાલી શકીશ કે કેમ, પરીક્ષા આપી શકીશ કે કેમ, તે તું જાણતી નથી એ ઉપરાંત વિવાહ, લગ્ન, આ બધું - છતાં પણ, તું મારા કરતાં વધારે પ્રસન્ન, વધુ સુખી દેખાય છે એ કેવી રીતે! કલ્યાણી?" "આ તો મારે માટે એક અત્યુત્તમ, ઈશ્વરી ભેટસમો ચમત્કારી અવસર હતો, કે જ્યારે મસીહનો મારે માટે શો અર્થ છે, ઈસુની ઉપસ્થિતિ જીવનમાં કેવું પ્રકાશમય પરિવર્તન લાવે છે તેનું રહસ્ય હું તેને કહું" એણે શાંતિથી બધું સાંભળ્યું તો ખરું, પણ પુરાણી આદત અનુસાર ઉપેક્ષા કરતાં કહ્યું : "ઠીક છે, આ બધું. ધર્મમાં કોઈ એવી શક્તિ તો દેખાય છે, જે વ્યક્તિના જીવનમાં આ બધું કરી શકે." મેં પ્રત્યુત્તરમાં જણાવ્યું "કેવળ ધર્મની વાત નથી, પરંતુ પ્રભુ ઈસુ જીવંત અને અંગત મિત્ર બની શકે છે, તેને અપનાવવાથી જ આ ક્રાંતિકારી પરિવર્તન આવી શકે."

જતાં જતાં તેણે થોડીક ભીની આંખે પાછા ફરીને જોયું અને કહ્યુંઃ "તું મને પત્ર લખજે. મેં એને પણ પત્ર લખ્યો છે. મને આશા છે કે આભાના જીવનમાં પરિવર્તન આવશે જ. ઈશ્વરી કૃપાનું તીર મર્મસ્થાને વાગ્યુંછે અને તો પછી નિશા અને અન્ય નર્સોને પણ સાંસારિક આનંદની અપેક્ષાએ નવા જન્મના ગૌરવયુક્ત અને વિપત્તિમાંયે પ્રાપ્ત થતા રસાનંદનું રહસ્ય સમજાશે."

"આ તો આનંદની વાત છે. પણ શું આટલા જ સમાચાર છે?" રૂથે ઉત્તેજિત થઈ અધીરાઈ અને આવેશથી પૂછયું.

"મને વાંચવા દે અને તને તરત જ સમજાઈ જશે," અનુરાધાએ આગળ વાંચતાં કહ્યું :

"હવે હું તારી સમક્ષ મારા જીવનનું રહસ્ય ખોલવા માંગું છું." રૂથની આંખો એકદમ ચમકી ઊઠી.

"મેં તને પહેલાં બતાવ્યું જ છે કે હું બીમાર પડી ત્યારે ડૉક્ટર ડેવિડ મનોહરે ચિકિત્સાલયનો કાર્યભાર સંભાળી લીધો હતો. એક દિવસ એમણે મને પૂછયું : "ભવિષ્યની તમારી શી યોજના છે? શું કોઈ વિશેષજ્ઞ થવાની કે મેટ્રનનું સ્થાન પ્રાપ્ત કરવાની ઈચ્છા છે?" મેં નમ્રતાથી પેલી નવજાગૃતિની સભાઓનો ઉલ્લેખ કરતાં કહેલું : "વ્યક્તિગત અને સ્વાર્થપૂર્ણ આંકાંક્ષાઓની પરિતૃપ્તિ કરવાને બદલે મેં મારી સમસ્ત મનોકામનાઓ પ્રભુને અર્પિત કરી છે, અને નક્કી કર્યું છે કે પ્રભુસેવામાં જ જીવન વ્યતીત કરવું." લાગતું હતું કે ક્યાંક કોઈક અકળ પળે ફૂટેલી સ્નેહની સરવાણી હવે અમારા વ્યક્તિત્વને પરિપ્લાવિત કરતી હતી. જિંદગી જાતે કોઈક અદ્ભુત અમીવર્ષાની મોજ માણતી હતી. શબ્દોમાં તો નહિ પરંતુ આંખોઆંખોમાં કેટકેટલી વાતો થઈ હશે! વસંતની જેમ કેટકેટલી ઊર્મિઓ પુષ્પોની જેમ હૃદયમાં પમરતી હતી, બધું જ મહેંકતું હતું."

"સમાન આદર્શો, સમાન વ્યવહારો, આ બધું જ અમને નિકટ લાવવામાં કદાચ સહાયભૂત બન્યાં હશે, પરંતુ અકસ્માતોએ પણ તેમાં કંઈ ઓછો ભાગ ભજવ્યો નથી! ક્યાં એ આકાશ, ક્યાં હું ધરતી! પરંતુ મેં મારો ભૂતકાળ પણ ઉઘાડી કિતાબની જેમ તેમની સમક્ષ ખુલ્લો કર્યો છે, અને તેમણે કહ્યું કે પશ્ચાત્તાપની જીવનદાયિની નદીમાં સ્નાન કરનાર શુદ્ધ થઈ જ જાય છે. અને તેમણે ઉદારતાથી મને ક્ષમા બક્ષી

છે. ડૉક્ટર પણ મારી જેમ જ પહાડોમાં વસેલાં ગ્રામીણોની સેવામાં જીવન વિતાવવા માંગે છે, એટલેસ્તો એ અહીં આવ્યા. હું પણ બારી પાસે બેઠીબેઠી દૂરસુદૂર પહાડોના ઢોળાવો પર બંધાયેલાં ગામોમાં સેવાકાર્ય માટે, શુભસંદેશમહેક પ્રસરાવવા પહોંચી જવા ક્યારની થનગની રહી હતી! એવું લાગ્યું જાણે બે સમાન્તર રેખાઓ ઈશ્વરની કોઈ મહાન યોજનામાં એકબીજામાં ભળી રહી છે. મારી બારી પાસે જ ઈસુના લોહી જેવા લાલલાલ ફૂલોવાળા ગુલમહોરમાં મને સમગ્ર ગગન ખીલેલું લાગે છે."

ડૉક્ટરે એકવાર પૂછ્યું : "શું તમારાં માતાપિતા સાથે સંપર્ક સ્થાપિત કરવાની અનુમતિ આપશો ?"

શરમથી આંખો નહિ, પરંતુ મારું અસ્તિત્વ જાણે ઝૂકી ઊઠ્યું. શરીરના અણુએ અણુમાં જાણે હજારો વસંત પાંગરી ઊઠી."

"શું આવું કોઈએ ધાર્યું હશે? પ્રણયનું પુષ્પ ખીલે ક્યાંક, અને એની મહેક પ્રસરે ક્યાંક," રૂથે આશ્ચર્ય વ્યક્ત કરતાં કહ્યું.

"હા, એ રાત્રિનું સ્મરણ કર, જ્યારે કલ્યાણીએ મેગ્નેશિયમ સલ્ફેટ આપી કોઈ પરાયાની નહિ પણ ભાવિ પતિની જિંદગી બચાવી લીધી હતી," અનુરાધાએ કહ્યું.

"ભાવિ પતિ? શું માતાપિતાની સંમતિ પણ મળી ગઈ ?"

"હા, હા, સાંભળ તો ખરીઃ

"પ્રિય અનુ અને રૂથ, હવે તમારે મારા લગ્નમાં આવવાનું વચન આપવું પડશે. મારાં માતપિતાને આ શુભ સમાચારથી ભારે આનંદ થયો છે, અને તેમણે તત્કાળ અનુમતિ આપી દીધી છે."

"લગ્ન ક્યારે રાખ્યાંછે ? આપણે ક્યારે ઊપડવાનુંછે ?" રૂથના હોઠ અને આંખો જાણે એકસામટાં પૂછી રહ્યાં.

"અધીરી ન થા. સાંભળ : લગ્ન વસંતઋતુમાં છે. હું ત્યાં

સુધીમાં પરીક્ષા આપી દઈશ, અને ડૉક્ટર ડેવિડ મનોહરની ટર્મ પણ પૂરી થઈ જશે. અનુ, હું તને શી રીતે ભૂલી શકું ? રેચલમાસી પાસે તો તું જ લઈ ગઈ હતી ને ?''

અનુરાધાની આંખો વીતેલા અતીતનાં સુવર્ણ સંસ્મરણોમાં ઝબકોળાઈ રહી. સામે જ ખીલેલા ગુલમહોરમાં જાણે સમગ્ર ગગન રેલાઈ રહ્યું છે. કોકિલના કૂજનમાં જાણે ભળી રહ્યા છે - શરણાઈના સૂર અને ચર્ચબેલનો મૃદૂમધુર રણકાર. બંને બહેનપણીઓ ભગવાનનો આભાર માનવા નમ્રતાથી ઘૂંટણે પડી.

## ગુજરાત ટ્રાક્ટ એન્ડ બુક સોસાયટીના અન્ય પ્રકાશનો


| ક્રમ | પુસ્તકનું નામ | રકમ |
|---|---|---|
| ૧ | પ્રેષિતોના કાર્યો દ્વારા મળતો સંદેશ | ૮૦-૦૦ |
| ૨ | માર્કનો સંદેશ | ૫૦-૦૦ |
| ૩ | ગિરિપ્રવચનનો સંદેશ | ૪૦-૦૦ |
| ૪ | કરિંથવાસીઓને લખેલા પહેલા પત્રનો સંદેશ | ૪૦-૦૦ |
| ૫ | "અયૂબ" | ૬૦-૦૦ |
| ૬ | રૂથનો સંદેશ | ૨૫-૦૦ |
| ૭ | વિશ્વવ્યાપી જળપ્રલય | ૧૫-૦૦ |
| ૮ | તમારા સંજોગોના સંચાલક | ૨૫-૦૦ |
| ૯ | ખાલી કબરનો ચુકાદો | ૨૦-૦૦ |
| ૧૦ | માણસના મૃત્યુ પછી તેના શરીર અને આત્માનું શું થાય છે? | ૩૦-૦૦ |
| ૧૧ | વધામણીની વાતો | ૧૦-૦૦ |
| ૧૨ | નાતાલની વાતો | ૧૦-૦૦ |
| ૧૩ | બારાબ્બાસ | ૩૦-૦૦ |
| ૧૪ | ઝબકાર અને ઝાંખી | ૨૦-૦૦ |
| ૧૫ | પ્રબોધકો અને તેના કાર્યો | ૨૦-૦૦ |
| ૧૬ | રેવ. થોમાભાઈ પાથાભાઈ | ૧૦-૦૦ |
| ૧૭ | આત્મામાં સ્વપ્નો અને સંદર્શનો | ૧૫-૦૦ |
| ૧૮ | બેન-હર | ૨૦-૦૦ |
| ૧૯ | કૌટુંબિક વેદી | ૧૦-૦૦ |
| ૨૦ | પુલ્પિટ હેલ્પસ ભાગ - ૨. | ૩૦-૦૦ |
| ૨૧ | પુલ્પિટ હેલ્પસ ભાગ - ૩. | ૩૦-૦૦ |
| ૨૨ | વિશ્વાસ માર્ગદર્શિકા | ૨૫-૦૦ |
| ૨૩ | વધસ્તંભના સપ્તવચન | ૧૫-૦૦ |
| ૨૪ | ફબીઓલા | ૩૫-૦૦ |
| ૨૫ | વધસ્તંભ અને ચપ્પુ | ૩૫-૦૦ |
| ૨૬ | વહાલાં પંખીડા | ૧૫-૦૦ |
| ૨૭ | ચિરાયેલો પડદો | ૨૦-૦૦ |
| ૨૮ | નિર્મળા | |
| ૨૯ | યોનેકો | |
| ૩૦ | અનેકમાની આંસુભરી પ્રાર્થનાના પરિણામ | |
| ૩૧ | સભાશિક્ષક | |


3BGK2


મુદ્રક : સ્કીનડોટ પ્રીન્ટર્સ, અમદાવાદ - ૧. ફોન : ૫૬૨૩૭૬૧